
કુમાર



આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી · રવિશંકર રાવળ સંપાદક · બચુભાઈ રાવત

ઑક્ટોબર '૪૦
૨૦૨

કુમાર

ઑક્ટોબર ૧૯૪૦

અંક ૨૦૨

કુમાર પ્રત્યેક મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬ા, પરદેશના ૧૨ શિ. છુટક દસ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

કુમાર

સંભાવના

• પૃથ્વી •

મને દગલબાજ દોસ્ત, રિપુઓ મળ્યા રામ શા
ઉદારચિત સ્વસ્થ, સ્વાર્થપર સોબતીઓ, સખા,
અનેક અણુજાણુ મસ્તમનુજો મહાદેવ શા,
ધરે સ્વજનનામ તે ય મનમેલનાં માળખાં.
ધનાઢચજન હીન દીન લઘુકીટ કાર્પણ્યના,
અકિંચન, અગેહ ધન્ય અવતાર શું કર્ણના!
નિરક્ષર તથાપિ પ્રજ્ઞ, મતિમૂઢ રે! પણ્ડિતો
બલિષ્ઠ જન ભીરુ, દુર્બલ સમુદ્ર શા શૌર્યના.

વિરોધ વસમા લહ્યા, અનુભવો જગે આકરા
અસંભવ મહીં સદા લસતી કોઇ સંભાવના;
અપ્રીતિ મહીં પ્રેમ, સ્નેહમહીં વિકૃતિની કથા,
અસાર મહીં સાર, ઉત્તમ તણી દીઠી સ્વલ્પતા;
અને જગત ભ્રાંતિરૂપ રમતું રહે સર્વદા
અમંગલસુમંગલે કરવી જિન્દગાની અદા.

રામપ્રસાદ શુકલ



● 'કુમાર'ના ૨૦૦ અંકો નીકળી ગયા પછી ઘણાને પ્રતીતિ થઇ હશે કે આજની કેળવણીની પૂર્તિ કરવામાં 'કુમારે' કેટલો અગ્ર ભાગ ભજવ્યો છે; છતાં 'કુમાર'ના ૨૦૦ અંકો પર દૃષ્ટિપાત કરનાર કેળવણીકારો અને વિદ્વાનો તરફથી પ્રોત્સાહન કે સૂચનરૂપ કોઇ એકાદ વિરલ વ્યક્તિના પત્ર સિવાય મૌન જ છે. બીજી તરફ કેળવણીનાં પાઠ્ય પુસ્તકોની ચારે કોર જે તૈયારીઓ કુછળી રહી છે તેમાં 'કુમાર'ના લેખો અને લેખકો માટે પૃચ્છનારાનો પાર નથી. આ બધા જો 'કુમાર'ની સાચી કદર કરતા હોય તો 'કુમાર' તરફ શુભેચ્છા પૂરતી યે કોઇ જાહેરાત અથવા અધિકારની રૂએ વટહુકમથી તેના પ્રચારનો કોઇ સંકેત બહાર પાડે તો 'કુમાર'ની મજલ કેટલી સરળ અને આસાન બને?

જેમ સમય જાય છે તેમ 'કુમાર'ની જવાબદારીનાં થાક અને ચિંતા એક જ વ્યક્તિને કેટલી વિમાસણો કરાવતાં હશે એ તેની તૈયાર સામગ્રી વીણી લેનારાને શી રીતે સમજાય? દસ કે પંદર હજાર અને તેથી યે વધુ પ્રતો છપાવનાર વાચનમાળાઓ જે કીમતે લેખકોના લેખો ખરીદી લે છે તે હિસાબે 'કુમાર'ના લેખો વધુ મોંઘા ભાવે તૈયાર થાય છે, એ ઘણાને ખબર નહિ હોય. કેટલાય લેખો પાછળ ચોકસાઈ, સુધારા અને શુદ્ધિની મહેનત કુમાર કાર્યાલયે દિવસો સુધી કરી હોય છે. કેટલાક લેખો માટે નકશાચિત્રો માટે વર્ષોથી સંચિત પોથાંઓ ફગલાવી યોગ્ય આલેખન અને પસંદગી કરવી પડે છે. એ સમય અને એ મહેનત, આલેખન, બ્લૉકનિર્માણ, પ્રકાશનનો ઉઠાવ અને યોજના તથા છેવટ પત્રની પ્રતિષ્ઠા એ બધાં એક લેખકનું જે સ્થાન સર્જે છે તેની કદર કેટલાને થતી હશે?

ગુજરાતના કેળવણીવિધાયકો, અધિકારીઓ, હેડમાસ્તરો, મ્યુનિસિપાલિટીઓ વગેરેએ ધાર્યું હોત તો આજે 'કુમાર'ની ૫૦૦૦ નકલો પ્રજામાં વહેંચાતી હોત. ઇંગ્લંડ અને યુરોપના નિષ્ણાતોના અભિપ્રાયો, પ્રવાસો, મુલાકાતો વગેરે પાછળ કેળવણીના નામે કેટલાં યે ખર્ચો કર્યા પછી એના લાભ લેનારાઓમાંથી કેટલાંએ 'કુમાર'ની બરોબર શિક્ષણસાહિત્ય સર્જ્યું છે? વિદ્યા અને સંસ્કારપ્રચારના પ્રયત્નોની પ્રામાણિક કદર કરાવવાને અરજીઓ અને લાગવગની જરૂર છે ખરી? તો પછી એ શિક્ષણ, સંસ્કાર અને અધિકારનાં મૂલ્ય શાં?

પણ આ કથનથી રખે કોઈને અન્યાય થાય. કેટલાક અજાણ્યા ખૂણે 'કુમાર'નો ભાવભર્યો આદર થાય છે તેનાં પણ પ્રમાણો મળ્યાં છે. 'કુમાર'નો ૨૦૦મો અંક બહાર પડ્યો કે તુરત બે દિવસની અંદર પહેલો પત્ર વઢવાણ કૅમ્પની તાલુકદારી કૉલેજના પ્રિન્સિપાલ શ્રી સી. આર. મન્ડીનો જ આવ્યો હતો. રાજકોટથી રેવરંડ વિલસને અભિનંદનનો પત્ર પાઠવ્યો હતો, તેનો અમારે કૃતજ્ઞ હૃદયે જાહેર સ્વીકાર કરવો ઘટે. 'કુમાર'ને પિછાણતા નિકટ સંબંધ ધરાવતા અનેક વિદ્વાનો અને વિદ્યાધિકારીઓએ ભલે આવા પત્રો ન લખ્યા, પણ ઉદાર ભાવે તેમના મર્યાદાપ્રદેશમાં 'કુમાર'ની સંભાવના અને સત્કાર વધારશે તો ય અમે ઓછા ઋણી નહિ ગણાઇએ.

● મનની જાગૃતિ રાખજો

યુરોપીય યુદ્ધ જુદાજુદા તબક્કા પસાર કરે છે તેમતેમ હિંદ માટે નવાજૂની થવાના ભણકારા પણ છાના નથી રહેતા. દરેક જણ એટલો તો વિચાર કરી શકે છે કે આજ છે તેવી દુનિયા સમીપના ભાવિમાં નથી જ. કંઈ સુખદુઃખ, કંઇ બાંધછોડ, કંઇ આપલે અને કંઇ સ્વાર્પણ તથા સેવાના પ્રસંગો દરેક જણ સામે ખડા થવાના છે. એવા પ્રસંગે પોતાની શી ફરજ હોઇ શકે તેમ જ પોતે તે માટે કેટલી માનસિક ને શારીરિક તત્પરતા સાધી છે તેનો ક્યાસ જરૂર કરી લેવો ઘટે છે. પ્રસંગ પ્રાપ્ત થતાં કોઇ દોરવણી આપવા સાથમાં ન હોય તોપણ શિસ્ત ને સંયમપૂર્વક દેશની સેવા કેમ કરવી તે દરેક જણે વિચારી રાખવું જોઈએ.

કુમાર નામ ધારનાર ખરો કુમાર

● 'કુમાર'ના પાકટ્ય પછીની 'કુમાર' નામધારી સંસ્થાઓ ને વસ્તુઓની નોંધ ૨૦૦મા અંકમાં પ્રકટ થઇ જોઇને એક 'કુમાર'પ્રેમીએ નીચેની હકીકત મોકલી છે: 'સત્તર વરસ પહેલાં પહેલવહેલું કુમાર બહાર પડ્યું અને અમારા હાથમાં આવ્યું. તે જ અઠવાડિયા પછી મારે ઘેર એક પુત્રની પ્રાપ્તિ થઈ, જે સમયે મારા સંબંધી . . . દુકાને બેઠા હતા તેમણે ત્યાં જ કુંડળી દોરી દીધી અને રાશિ આવી તે પ્રમાણે 'ક' ઉપર નામ પાડવું એવો તેમનો અભિપ્રાય થયો. તેમણે સૂચના કરી કે 'રવિભાઇને ત્યાં કુમાર (માસિક)નો હમણાં જન્મ થયો, તો આ નવા જન્મેલા બાળકનું નામ 'કુમાર' જ પાડવું જોઇએ. આપના કુમાર સાથે અમારે ત્યાં પણ 'કુમારપાળ' આવ્યો છે. હાલ તે મૅટ્રિકમાં છે.' આ કુમાર વ્યક્તિને અનેક આશીર્વાદ છે. [illegible]

ગ્રીસનો પ્રજ્ઞ પુરુષ પીથાગોરાસ



મિસરની પતિતાવસ્થા શરૂ થઇ હતી. ભારત સાર્વત્રિક ઉન્નતિને શિખરે હતું. ત્યારે, પશ્ચિમ ધીમે ધીમે મનોવિકાસ પામતું જંગલી અવસ્થામાંથી બહાર આવી સંસ્કૃતિનાં અજવાળાં ઝીલતું હતું. એ અજવાળાં પહેલું ઝીલનાર ગ્રીસ. ભારતે જ્ઞાનદીક્ષા આપેલા મિસર મારફત એ દીક્ષિત બન્યું ને પછી તો સદીઓ સુધી પશ્ચિમનું બુદ્ધિસમ્રાટ બની રહ્યું.

પુરાણા ગ્રીસનો પહેલો જ્યોતિર્ધર થેલ્સ. ગ્રીસના પ્રાથમિક જ્યોતિર્ધરો આપણા ભારતના જ્યોતિર્ધરોને મુકાબલે ભલે વામણા લાગે, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર કે આર્યભટ્ટની ચરણરજના જ અધિકારી લેખાય; છતાં આપણે ભૂલવું નથી જોઈતું કે જંગલી પશ્ચિમમાં એમનો ઉદય નવયુગનો સૂચક હતો—ખાસ કરીને ભારતે પોતાનો જ્ઞાનમહિમા પોતાની સીમામાં જ સંકેલી લીધેલો એ વખતે.

એ રીતે આ થેલ્સ પશ્ચિમનો પ્રજ્ઞ પુરુષ હતો. સૂર્યને એક હાથનો તેજનો ગોળો માનનારાઓને તેણે તેનું પ્રમાણ સમજાવ્યું—આજે આપણે જાણીએ છીએ તેટલું ૮,૬૪,૦૦૦ માઇલનું તો નહિ, છતાં અગાઉ કોઇની કલ્પનામાં નહિ આવેલું એટલું જબરૂં. કશાં જ સાધનો વગર વર્ષની લંબાઇ પણ એણે ૩૬૫ દિવસની નક્કી કરી, ને ગ્રહણો પર પ્રકાશ પાડ્યો. મિસરમાં જઇ એ ભૂમિતિ શીખી લાવ્યો, જેના પરથી પાશ્ચાત્યો એના આખા શાસ્ત્રનું એકીકરણ કરી શક્યા. આથી જ પાશ્ચાત્યો તેને 'વિજ્ઞાનનો પિતા' ગણે છે.

પરંતુ વિશ્વ વિષે તેની કલ્પના તદ્દન બેહૂદી હતી. પૃથ્વીને તે વિશ્વનું કેન્દ્ર માનતો ને રકાબી જેવા આકારના એ કેન્દ્ર આસપાસ વિશ્વ ફરી રહેલું માનતો. પૃથ્વીની ઉત્પત્તિ પાણીમાંથી ગણાવી પાણીને જ એણે મૂળ તત્ત્વ મનાવ્યું. ઇ. પૂ. સાતમી સદીના એના જ સમકાલીન એનાક્સીમૅન્ડરે પછી હવા, પાણી, અગ્નિ ને માટી એ ચાર મૂળતત્ત્વો ગણાવ્યાં.

એમની એક સદી પછીના ઍનાક્સીમેનિસે વળી હવાને જ સૃષ્ટિનું આદ્યકારણ ગણાવી, એ હવાના વિશાળ સમુદ્ર પર આખી પૃથ્વી પાંદડા જેમ તરતી હોવાનું જાહેર કર્યું. જીવન શ્વાસોશ્વાસથી ટકે છે એટલે આત્મા પણ એણે હવાનો બનેલો મનાવ્યો!

ત્યાર બાદ એફેસસના હેરાક્લીટસે વળી ઉષ્માને જીવનનો આદિસ્રોત મનાવી.

પણ આ ચર્ચાકાળે ગ્રીસે એક એવો પુરુષ પેદા કર્યો. જે તેના વ્યક્તિત્વે ને પ્રતિભાએ અમર રહ્યો છે. ભૂમિતિના વિદ્યાર્થીઓથી એ નામ અજાણ્યું નહિ હોય.

આજના ગણિતિ ને ફિલસૂફ એ પીથાગોરાસનો જન્મ ઇ. પૂ. ૫૮૨માં સામોસ મુકામે થએલો. શ્રીમંત બાપનો પુત્ર હોઇ ત્યારના સર્વોત્તમ ગુરુઓ પાસે શિક્ષણ લેવાનો લાભ તેને મળ્યો.

ઊંચા સોટા જેવા, તરવરિયા ને ખુશમિજાજ, આશા, કુતૂહલ ને આદર્શથી ઝળકતી જ્ઞાનાકુલ આંખોવાળા પીથાગોરાસને એ શિક્ષણથી સંતોષ ન વળ્યો. નાણાંની એક થેલી લઈ, બેફિકરો બની એ પૂર્વ તરફ ચાલી નીકળ્યો. બાબિલોનના પંડિતોને ચરણે બેસી એણે જ્ઞાન મેળવ્યું, પણ મનની જે શાંતિ માટે તે ખામતો હતો તે તેને ત્યાં ન મળી.

અને એ ચિત્તશાંતિ તો સદીઓથી જેની આસપાસ કિંવદંતિઓ વણાએલી એ રહસ્યભૂમિ ભારત વિના બીજે કયાંથી મળે? એટલે તે હિન્દ આવ્યો. અહીં એને વિજ્ઞાન મળ્યું, તત્ત્વજ્ઞાન મળ્યું, જે જોઇએ તે મળ્યું, પણ એક ભેટ એવી મળી, જેણે એની આખી જિન્દગીનું નવઘડતર કર્યું. એ ભેટ ભગવાન બુદ્ધની. બુદ્ધનો ઉપદેશ પચાવી એણે સંપૂર્ણ ચિત્તશાંતિ મેળવી.

હિંદથી પાછો ફરી તે મિસર પહોંચ્યો. ત્યાંથી ભૂમિતિ શીખી ગ્રીસની ભૂમિ પર એણે ફરી પગ

ભગવાન તથાગતનો આદેશ ઝીલી પશ્ચિમની પ્રજામાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર

મૂક્યો ત્યારે એ હસમુખો તરવરિયો જુવાન નહોતો રહ્યો. એ તો ૫૩ વર્ષનો શાંત, ગંભીર, બુઝર્ગ આદમી બની ગયો હતો; પરંતુ એ બુઝર્ગીમાં બિરાદરી ને એખલાસ હતાં. બુદ્ધના આદેશાનુસાર તેણે ત્યાં એક સંઘ સ્થાપ્યો અને ગ્રીકોને સંયમ, શુદ્ધિ ને ધ્યાનની માત્રાઓ પાઈ તેમને નિર્વાણનો માર્ગ બતાવ્યો.

પણ દુનિયા આજ એને સંભારે છે તેનું કારણ તો એ પહેલી કોટિનો ખગોળશાસ્ત્રી હતો તે. એના પછી કોપરનિકસ સિવાય કોઈએ ખગોળમાં એટલી ક્રાન્તિ કરી નથી. એણે જ પહેલું શીખવ્યું કે પૃથ્વી ગોળ છે ને એક મધ્યસ્થ તેજપિંડ—હેસ્ટીઆ—ની આસપાસ ફરે છે. એ હેસ્ટીઆ તે સૂર્ય નહિ, કારણ એણે સૂર્યના પ્રકાશને પણ હેસ્ટીઆના તેજના પુનરાવર્તનરૂપે ગણાવ્યો છે.

ખરેખરો તો એ આંકડા પાછળ દીવાનો હતો. એમાંથી એણે શા સિદ્ધાંતો તારવ્યા એ આપણે નથી જાણતા, કારણ એનું એ જ્ઞાન એના સાથે જ દફનાવાઈ ગયું છે. લખવાનો એને ખૂબ કંટાળો હતો. એના પછી એક સદી રહીને થીબ્ઝના ફિલોલોસે તેની અપૂર્ણ યાદી કરેલી તે પરથી જણાય છે કે બધી વસ્તુઓનું મૂળ તેણે સંખ્યામાં જ ઘટાવેલું. એ ઉપસિદ્ધાંતમાં 'વેગ' ઉમેરીએ એટલે આજનો આખો પરમાણુવાદ બની જાય. 'એક' ને એણે સઘળી સંખ્યાઓના ગર્ભરૂપે જણાવ્યો છે.

એણે શોધી કાઢ્યું કે તંતુવાદ્યોના તંતુની લંબાઈના પ્રમાણ પર ધ્વનિની તીવ્રતા આધાર રાખે છે. ભૂમિતિ સાથે અંકગણિતનો મેળ સાધી ગણિતમાં એણે નવી જ દિશા ખોલી. પ્રાતઃકાળ ને સાયંકાળના તારા એણે જુદા તારવ્યા અને ગ્રીકોને શીખવ્યું કે ચન્દ્રને તેનો પોતાનો પ્રકાશ નથી. એટલું જ નહિ, ગ્રીકોને પહેલાં તોલમાપ પણ એણે જ આપ્યાં.

એનાં લખાણોમાં સ્ત્રી સંબંધી એકે શબ્દ નથી આવતો એ એક તાજૂબી છે. એ પરણ્યો હતો કે નહિ? પરણ્યો હતો, તો બાબિલોન, હિંદ કે મિસરમાં—ક્યાં? આ પ્રશ્ન અનુત્તર રહે છે તેમ એનું આખર જીવન પણ અંધારામાં રહે છે. જગત નથી જાણતું કે જન્મે ગ્રીક ને આચારે વિચારે ભારતીય એ તત્ત્વદર્શી પુરુષ ક્યાં ને ક્યારે અવસાન પામ્યો.

પીથાગોરાસ આ રીતે અંધકારમાં વિલીન થયો ત્યારે ગ્રીસમાં ઇસુની પાંચ સદી પૂર્વે એક બીજી પ્રતિભાનો ઉદય થયો. એનું નામ ઍનાક્સેગોરાસ. પૃથ્વીના ભૌતિક ફેરફારો પર એણે પ્રકાશ પાડ્યો તથા ગ્રહણનું સાચું કારણ શોધી કાઢ્યું. જીવશાસ્ત્રમાં એને હદથી જ્યાદે રસ હતો. એણે જ માછલી ચૂંખા વડે શ્વાસોચ્છ્વાસ લે છે એ પહેલું શોધી કાઢ્યું. વળી વનસ્પતિને પણ તે શ્વાસોચ્છ્વાસ લેતી સજીવ લેખતો, ને તે પણ આનંદ ને દુઃખના સંવેગ અનુભવતી હોવાનું એણે જાહેર કર્યું.

એણે ઘણા વિષયો પર ઘણું ઘણું લખ્યું છે. એ લખાણ સત્ય સાથે મોટે ભાગે કલ્પનાઓનો શંભુમેળો છે. એને તો વિશ્વના કોયડાઓનો ઉકેલ જોઈતો હતો. બુદ્ધિ અટકી ત્યાં એણે કલ્પનાનો સહારો લીધો, અને એ રીતે જવાબ મેળવ્યાનો સંતોષ માન્યો.

અને એવો તત્ત્વાન્વેષી પુરુષ વહેમ ને અંધશ્રદ્ધાના તાણાવાણાએ વણાએલા ધર્મનાં જાળાંકુંડાળાં ક્યાંથી સહે! સૂર્ય ને ચન્દ્રનું બંધારણ એણે પૃથ્વી જેવું જ હોવાનું જણાવ્યું ને ચમત્કારોની ઠેકડી ઉડાવવા માંડી. લોકો પોતાના માની લીધેલા દેવોને જરા યે સ્થાનભ્રષ્ટ થવા દેવા નહોતા માગતા. તેમણે તેને પકડ્યો, જેલમાં પૂર્યો ને મોતની સજા સુણાવી. ઘરડા મિત્ર પેરીક્લીસની મદદથી જેમતેમ છૂટકારો મેળવી એ લૅમ્પસૅકસ ચાલ્યો ગયો ને ત્યાં જ અવમાનિત અવકીર્તિત અવસાન પામ્યો.

મેટાપોન્ટમમાં નિવૃત્ત જીવન સ્વીકારી પીથાગોરાસ આવી હાલાકીથી બચી ગએલો એ ખરૂં, પણ એના શિષ્યોને તો ઍનાક્સેગોરાસથી યે કપરો દંડ ચૂકવવો પડ્યો. પચાસ વર્ષ સુધી તેના શિષ્યોએ તેના જીવનકાર્યની સમાલોચનાઓ આદરી તેના સિદ્ધાંતો વહેતા રાખ્યા. પરંતુ ગ્રીસના ધર્માંધો એ બરદાસ્ત ન કરી શક્યા. ઝ્યૂસના એ ચુસ્ત પૂજકોએ તેમને નાસ્તિક ઠરાવ્યા ને એક વખત કોઈક મિલો નામના શખ્સને ઘેર બધા એકત્ર થયા હતા ત્યાં લગભગ પચાસ જેટલા સઘળાને ગરદન મારી એ ધર્મધુરંધરોએ ઘર પણ સળગાવી મૂક્યું.

આમ પીથાગોરાસનો પંથ નાશ પામ્યો. એ હત્યારાઓનાં તો નામો પણ ભૂંસાઇ ગયાં છે, ને જે દેવો માટે એ હત્યાકાંડ આદરાએલો એ દેવો યે આજે માત્ર પુરાણકથામાંના પાત્રો તરીકે જ અવશિષ્ટ રહ્યા છે; જ્યારે એ સૌના અવશેષો પર પીથાગોરાસની જાજ્વલ્યમાન મૂર્તિ અવિચ્છિન્ન ઊભી છે. **અશોક હર્ષ**



પ્રકરણ ત્રીજું · 'જીવીને શું કરશો ?'

ગોપાલને ખિંદુમલે ચેતાવી રાખ્યો હતો કે મહેતાજી સાથે બહુ કામ ન પાડવું. કદી ગોપાલ સામો મળી જાય તો મહેતાજી છાતી ફુલાવીને એક તુચ્છકારભરી નજર એની તરફ નાખતો. મહેતાજી એટલો બધો ઊંચો હતો કે એની સામે જોતાં ગોપાલની ગરદન દુખી જતી. કોઈ બેત્રણ જણા ગોપાલની હોશિયારીની વાત કરતા હોય તો મહેતાજી કહેશે, 'એમ ચોપડી ગોખી કાઢ્યે શું વળ્યું ?' અને મુક્કી ઉગામીને ઉમેરશે, 'એકનો જ ઘરાક છે; બીજીની જરૂર પડે એમ નથી !' કોઈવાર ગોપાલ હાથમાં સપડાઈ જાય તો એવો તો હાથ દબાવતો કે ગોપાલ આબરૂ સાચવવા ચીસ તો ન પાડતો પણ આંખમાંથી બે ટીપાં પાણી બહાર ધસી આવતું. એક વખત જમીન પર પંજો રાખી હાથને ટેકે ઉઘાડો બેઠો હતો ને મહેતાજી પસાર થતો હશે. એણે કોણી આગળથી દોરડી જેવો હાથ હલાવી અત્યંત તિરસ્કારથી કહ્યું, 'જીવીને તમે શું કરશો ?'

'પરીક્ષા વખતે ખબર પડશે' કહી, મહેતાજીનું પડી ગએલું મોઢું પણ જોવા થંભ્યા વગર એ દોડી ગયો.

પોતાની આવડતનું ગોપાલને ભાન પૂરું હતું. ગામમાં ભણતો હતો ને હજી તો બીજા ધોરણમાં હતો, પણ એની હોશિયારીથી ભલભલા જપ્તીદાર પણ ચેતતા રહેતા હતા. એકવાર નિશાળમાં જપ્તીદાર આવ્યા હશે ને મહેતાજી જોડે કાંઈ ને કાંઈ ગામ ખટપટની વાત કરતા હશે. તેઓને નાનાં છોકરાંની તો ચિંતા રાખવાની હોય જ નહિ. પણ સામે ખૂણામાં બેઠોબેઠો સ્લેટ પર પેનથી ટકટક અવાજ કરતો કરતો ગોપાલ કાન સરવા રાખીને બધું ગટગટાવી જતો હતો એવો જપ્તીદારને ડર લાગ્યો. એમણે નવાનવી ગામમાં શરુ થએલી 'સ્મ'ની ભાષામાં મહેતાજીને કહ્યુંઃ 'આસ્મા ગોસ્મો પાસ્માળિયો તો એસ્મી ને સાસ્માતનો છેસ્મે. બસ્મધું એસ્મેના કાસ્માકાને કસ્મહી દેસ્મેશે. આસ્માપડા છસ્મગન જેસ્મેવો નસ્મથી. (આ ગોપાળિયો તો એંશી ને સાતનો છે. બધું એના કાકાને કહી દેશે. આપડા છગન જેવો નથી.) છગન તે જપ્તીદારનો પુત્રરત્ન. સાંભળીને ગોપાલથી રહેવાયું નહિ. 'એસ્માને આસ્માડનો છુંસ્મું' (એંશીને આઠનો છું), કહેતોકને દફતર ઉપાડીને નાઠેલો.

અહીં બોર્ડિંગમાં પણ એક બે જાણકારોએ તો અભિપ્રાય આપી દીધો હતો કે આ ગોપાલ બહાર ભલે બે વેંતનો હોય પણ જમીનની અંદર સાત ગણો છે. આવો મત બંધાવા પામે તે માટે ગોપાલે કારણો પણ નહોતાં આપવા માંડ્યાં એમ નહિ.

ઉનાળાની શરૂઆત થતી આવતી હતી. કસબાના ધર્મિષ્ઠ મહાજને 'ધરમની પાઈ'માંથી છાત્રાલય પાસેના એક આખું વરસ અવાવરુ પડી રહેતા કૂવાનો હવાડો ભરાવવા માંડ્યો હતો. આથી ઢોરને તો ભારે લાભ મળ્યો જ, પણ આપણા ગોપાલભાઈનો પણ એક મોટો પ્રશ્ન ઉકેલાઈ ગયો. રોજ સવારે પડછંદ શરીરના મોટા ભાઈ વહેલા વહેલા ઊઠી દાતણપાણી કરી 'હર ! હર !' કરતા નાહી લેતા ને બે ડોલ પાણી ગોપાલ ઉપર પણ પધરાવી દેતા. ઠંડીની ચમક હતી ત્યારે તો ગોપાલને માટે આ એક મોટી આકરી કસોટી હતી. પણ મોટાભાઈ બહુ આગળના ધોરણમાં. એમને વાંચવા આડે પછી ગોપાલને નવરાવવા જવાનો સમય ક્યાં મળે ? અને ગોપાલ પોતે પાણી ખેંચી શકે એમ તો હતું જ નહિ. એટલે હવે આ હવાડો ભરવા માટે કોસ શરૂ થયો ત્યાં ગોપાલે મોટાભાઈ પાસેથી રજા માગી લીધી કે પોતે કોસના પાણીથી નહાવાનું રાખશે.

અભ્યાસ બહુ કરવાનો નહિ. ખાનગી વર્ગ તો હવે ભરવાનો ન હતો. એટલે ખિંદુમલ અને ગોપાલને છાત્રાલય પછવાડેના કૂવાઓના કોસના કિચૂડકિચૂડ અવાજ પણ સંભળાવા માંડ્યા. અને એક દિવસ

સાધારણ નિમિત્ત મળતાં હવાડા ભરનારા સાથે તકરાર કરી ધોતિયું ગળામાં ખેસની પેઠે નાખી બંને જણા ખેતરોના કૂવામાં કોસ ચાલતા હતા ત્યાં ચાલ્યા ગયા. અહીં ખાસો કલાક દોઢકલાક ગાળી, થાળામાં પાણી ઠલવાય ત્યારે એકમેક સામે પાણી ઉડાડી, નાહી લીધા પછી ખેતરને શેઢે સામસામા ઊભા રહી એકમેકનાં ધોતિયાં શહેરના રંગનારાઓ રંગીન કપડાં સૂકવે છે એ અદાથી ફફડાવી, કપડાંની ગડી કરી ડોલતા ડોલતા છાત્રાલય પર જઈ પહોંચતા.

સામાન્ય રીતે તો છાત્રોને આટલી છૂટ ન મળે. પણ આ બે જણા રહ્યા ગુજરાની શાળામાં ભણનારા. ત્રીજો કોઈ સાથે ભણનારો હતો નહિ એટલે એમની કોઈ ચાડી ખાનાર પણ ન મળે. અને મોટાભાઈને સુપરિન્ટેન્ડેન્ટ જોડે બેસતી હતી એ પણ સાથેસાથે ખરું.

છતાં એક દિવસે કૂવાવાળાએ દોડતા દોડતા આવીને સુપરિન્ટેન્ડેન્ટ આગળ કાંઈક ફરિયાદ કરી. એમણે બિન્દુમલ અને ગોપાલને બોલાવ્યા.

'તમે લોકો વાડીને કૂવે શામાટે નહાવા જાઓ છો?'

'જી, આ હવેડાવાળો અમને નહાવા નથી દેતો એટલે!' ગોપાલે જવાબ આપ્યો.

'તારો નોકર હશે તે તને નહાવા દે!' સુપરિન્ટેન્ડેન્ટે આંખ ઊંચકી.

ગોપાલ અવાક થઈ ગયો. બિંદુમલને બોલવું પડયું: 'સાહેબ, એનાથી પાણી ખેંચાય નહિ એટલે શું કરે?'

'શું કરે? એનો બાપ એને ખેંચી આપે. તું એનો પક્ષ ખેંચે છે તે તું ડોલ પાણી કાઢી આપ.'

'સાહેબ, મારાથી જ અરધી ઉપર પાણી થાય તો ડોલ ખેંચાતી નથી ને.'

'એટલે કોકના કૂવામાં જઈ એની ખેતીમાં નુકસાન કરવું કેમ?'

કહીને સુપરિન્ટેન્ડન્ટે ટેબલ પાછળથી ધીરેક રહીને સોટી પોતાની તરફ સરકાવી. સુપરિન્ટેન્ડન્ટ સુંદરલાલનો સ્વભાવ સુંદર સિવાય બીજું કાંઇ હોય તો ભલે. પોતે ગુજરાતી બે ચોપડી જ ભણેલા. પણ એમને હિસાબકિતાબ 'ફીટ' રહેતા. વ્યવસ્થા પણ સારી સાચવી જાણતા. એ ગુણો ઉપર એમને આ નોકરી મળી હતી. બીજા બધા ગુણોની ખોટ એમણે બે આનાની નેતર ખરીદીને પૂરી દીધી હતી. પોતાને અંગ્રેજી ન આવડતું એથી એમને ઘણી ઘણી મૂંઝવણ થતી. ઉપરાંત વિદ્યાર્થીઓ પણ ઘણાખરા તો ઉમરલાયક. પોતાના જેટલા જ ઊંચા અને કદાવર. કોઈ કોઇ તો જાગીરના કુમારો. આજ ભણે છે ને સાહેબ સાહેબ કરે છે અને કાલે એના એ જ પાછા 'કેમ માસ્તર?' કરીને તુચ્છકારથી જાગીરદારની છટાથી વાત કરવાના. આ મોટામોટા વિદ્યાર્થીઓ તરફથી હરહંમેશની ગુંગળામણ તો સુંદરલાલને એ હતી કે પોતે પડખે થઈને પસાર થતા હોય ને તેઓ અંગ્રેજીમાં ધડધડ ધાણી ફૂટતી હોય એમ વાતો કરતા. સુંદરલાલને થતું કે જરૂર તેઓ પોતાને વિષે જ વાતો કરે છે. તેમાં પેલાઓ આખું નામ બોલવાને બદલે 'મિસ્ટર એસ (S)' કહીને સુંદરલાલનો વારંવાર ઉલ્લેખ કરતા. તે ઉપરથી અંગ્રેજી શાળાના એક શિક્ષકને સુંદરલાલે એકવાર પછી પણ જોએલું. 'મારા નામનું અંગ્રેજી શું થાય?' પેલો કહે 'મિસ્ટર સુંદરલાલ!' સુંદરલાલના માન્યામાં ન આવ્યું. અંગ્રેજીમાં પણ પોતે સુંદરલાલના સુંદરલાલ જ રહે તો પછી ગુજરાતી અંગ્રેજીમાં ફેર શો? મૂંઝાઇને એમણે પોતાનો અનુભવ રજૂ કર્યો કે છોકરાઓ 'મિસ્ટર એસ' 'મિસ્ટર એસ' કહે છે એ શું. પેલા શિક્ષક પહેલાં તો હસી પડયા. પછી કહે, 'હા, હા. છોકરાઓ તો એવા જ હોય. એ લોકો અક્કલવાળા, તે તમારા નામનું ખરેખર અંગ્રેજી પણ એમણે ગોતી દીધું. નહિ તો શું એમના કોઈ શિક્ષકની મગદૂર હતી કે આવું બેસતું કરી શકત?' સુંદરલાલ કાંઇક હોંસમાં આવી ગયા ને તે ઉમંગભેર કહેવા લાગ્યા કે 'તમારે શું છે? ચારપાંચ કલાક નિશાળ ભણાવી છૂટયા એટલે પત્યું. એ તો છોકરાઓને રાતના દસદસ વાગ્યા સુધી ચોટલી બાંધીને હું ફરજિયાત લેસન કરાવું છું ત્યારે એમની હોશિયારી આટલી ખીલે છે તો!'

અંગ્રેજી શિક્ષકે હસવું પરાણે દાબી રાખી ઠંડે પેટે કહ્યું, 'એમની હોશિયારી તો કેટલી છે એ અહીં રોજ માથાંઝીક કરું છું તે હું ક્યાં નથી જાણતો? મને ડર છે કે 'ઍસ'નો અર્થ ગધેડો થાય છે એટલું પણ બોર્ડિંગના વિદ્યાર્થીઓને ખ્યાલમાં નહિ હોય. તમારી કાળજીને પરિણામે આટલું પણ એમને આવડતું હોય તો મારે તમને મુબારકબાદી આપવી જોઈએ.'

બસ' તે દિવસથી સુંદરલાલે એ અંગ્રેજી માસ્તરને

તો તળપદા ગુજરાતીમાં તક મળ્યે મંગલ વચનો સંભળાવ્યાં જ કર્યાં છે, પણ બોર્ડિંગના વિદ્યાર્થીઓની મગદૂર નથી કે તેમને કાને પડે એમ એક અંગ્રેજી શબ્દ બોલી શકે. 'મનમાં મનમાં ગોખતાં શું થાય છે? બેંકડા તાણીને બોલે છે તે બીજાને ખલેલ ન પડે!' કહી કોઈ લેસન કરતો હોય તેને પણ એ ધમકાવે છે. એમની સોટીથી તો ઠીક, નજરથી પણ ભલભલા છોકરાઓ ફફડી જતા. આજે આ બે મગતરાં જેવાં ગુજરાતી ભણનારાં છોકરાં એમના સપાટામાં આવી ગયાં જાણી બોર્ડિંગમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું. કદીક નારાયણના મોં સામું જોઇ ગોપાલને છોડી દે તો ભલે, પણ ગિંદુમલને બચાવનાર તો ભગવાન સિવાય કોઇ ન હતું. 'તમે ગુજરાતીવાળા પણ આમ બીજાઓને વાદે બગડવા મંડયા કે?' સુંદરલાલ તડૂકયા. એમણે સોટી ઊંચકી.

'બોલ, આની વાડીમાંથી કેટલા મૂળા ખાધા અત્યાર સુધીમાં?' કહીને એમણે ગિંદુમલના હાથમાં એક એવો ચમકારો બોલાવી દીધો કે પાસે ઊભેલો ખેડુત પણ ખંચાઇ જઇને બોલ્યોઃ 'હશે, ભાઇશા'બ, ખાધા તો યે એના પેટમાં ગયા છે ને! જવા દો.'

'જાય કયાં? બોલ સાચું. કેટલા દિવસથી તમે લોકો મૂળા ખાઓ છો?'

'ખાધા હોય તો પૂછો આમને.' ગોપાલે ખેડુત તરફ હાથ કરી કહ્યું. 'ના, ત્યારે તો અમથો જ એ અહીં આવ્યો હશે! હાથ ધર. એ સોટી ખાઇશ એટલે પટ દઇને સાચું બોલી દઇશ.'

સોટી ખાતાં ખાતાં ગોપાલે ખેડુત સામે જોઇ કહ્યુંઃ 'મૂળા ખાધા હોય તો ખેંચ્યા હોય ત્યાં જમીન પરથી જણાઈ ન આવે? અમને કોઇ તરત પકડે નહિ? અમને બતાવો કે આ જગાથી મૂળા અમે ખેંચ્યા છે.'

હસીને ખેડુત બોલ્યોઃ 'બાપ, એટલી બધી હોશિયારી અમારામાં હોત તો અમે કોશ શેના હાંકત? આંઇ તમારી પેઠે વેદ ભણવા નો આવત? પણ તમે મૂળા ખેંચી કાઢી, મૂળો લઇલઇને પાંદડાં પાછાં રોપી દો, એટલે ઝટ લઇને પકડાઓ તો શેના?'

'એમ?' સુંદરલાલ ગરજ્યા. 'આટલી ચાલાકી? બોલો તમારામાંથી કોણે આ લુચ્ચાઈ કરી હતી?' કહી એમણે સોટી આંગળાંમાં ફેરવવા માંડી.

'માસ્તરશા'બ, મારશો નહિ. પણ હજી છોકરાં છે એટલે બરોબર આવડે નહિ ને? જુઓ,' કહી એણે ફાળિયાના છેડા તળે સંતાડેલો મૂળો કાઢી ઉમેર્યું, 'આ અરધોક બટકોરી લીધો છે. ઉતાવળમાં બોના માર્યા પૂરો ભાગી લેવાણો યે નથી!'

'એ તો તમારી વાડીમાં એવા અડધા મૂળા ઊગતા હશે.' ગોપાલે દલીલ અડાવી દીધી.

સાંભળીને ખેડુત હસી પડયો.


'હા, ભાઈશા'બ, તમે ભણેલા લોક કો'છો તે અરધા મૂળા યે ઊગતા હશે. શા માટે નો ઊગે? માસ્તરશા'બ મારશો નઇ.'

કડક સુંદરલાલ પણ આ અરધા મૂળાની વાતથી સહેજ હસ્યા. ને ભલા ખેડુતની વિનવણીથી છોકરાઓને જતા કર્યા. પણ છાત્રાલયમાં ગોપાલનાં ગુણગાન ગવાવાં બરોબર શરૂ થઇ ગયાં. ગિંદુમલ કનેથી સૌએ જાણી લીધું કે મૂળા ખાવાની વાત તો પોતે સૂઝાડી હતી પણ મૂળા કાઢી લઈ પાંદડાં રોપી તરત ચોરી પકડાતી અટકાવવાની યુક્તિ તો ગોપાલના ભેજામાંથી જ નીકળી હતી! અને ખરે વખતે ગોપાલ અરધા મૂળા ઊગવાની વાત કાઢશે એ તો ખુદ ગોપાલને પણ ખ્યાલમાં ન હતું.

આવા પ્રસંગોથી ગોપાલની ખ્યાતિ છાત્રાલયમાં જામતી ગઈ. પણ એક બાજુ એની માનસિક શક્તિઓની પ્રસંશા થતી જતી હતી, તેમ બીજી બાજુ મહેતાજી જેવાની ટોકણીને લીધે એનું શરીર વગોવાતું હતું. એને પોતાના ટિચુકડા શરીરની નિર્બળતા જોઈ એક પ્રકારનો તેજોવધ થતો લાગતો. મનમાં ને મનમાં એ દિજરાઇ જતો. એના કાનમાં મહેતાજીના શબ્દોના ભણકારા વાગતાઃ 'તમે જીવીને શું કરશો?'

તેમાં હમણાં એક દિવસ ફરી પાછો મહેતાજીની સાથે પ્રસંગ પડયો. નહાવા માટે ગિંદુમલ ને એ બંને જણા છાત્રાલયને કે પછી પડખેના હવાડાવાળે કૂવે જતા. અમાસનો દિવસ હતો. હવાડો ભરનારાએ આગલી સાંજે મોડે સુધી કોશ હાંકી હવાડો ભરી રાખી અમાસની પાખી પાળી હતી.

નવ વાગ્યે ધોતિયું ગળામાં નાખીને ડોલતા ડોલતા ગોપાલભાઇ નીકળ્યા, ત્યારે કોશ બંધ જોઇને સ્તબ્ધ જ બની ગયા. પાછળથી ગિંદુમલે આવીને ખભે હાથ



ગોપાલે ડોલ બહાર કાઢવા વધુ જોર અજમાવતાં પગ લપસીને કૂવામાં પડ્યા.

મૂકી એને ચમકાવ્યો, ત્યારે એ બરોબર જાગૃતિમાં આવ્યો: 'કેમ અમને મૂકીને એકલા ઝીલવા નીકળ્યાતા'ને? ના'તા જાઓ!'

વીલે મોંએ બંને જણ એકમેક સામું અને કૂવા તરફ થોડીવાર તો જોઈ રહ્યા.

ભિંદુમલ તો ધોતિયું કમર પર વીંટાળી પાછો વળવા માંડ્યો. ગોપાલે કહ્યું, 'કેમ?'

ભિંદુમલ પાછો આવી ગોપાલની જનોઈ ખેંચી બોલ્યો: 'મારે કંઈ જનોઈ તૂટી જવાની છે તે ચિંતા? કાલે એકી સાથે બેવડું નાહી લઈશું.'

ભિંદુમલ તો ખરેખર પાછો ચાલ્યો પણ ગયો. ગોપાલ જનોઈને આંગળાં વચ્ચે રમાડતો રમાડતો છાત્રાલયના કૂવા તરફ ડગલાં ભરવા મંડ્યો. કૂવામાં પડી જવાય તો પણ શું થઇ ગયું? કાકાએ પૂરા બસો ત્રણસો ખરચીને પહેરાવેલી આ જનોઇનું સાચવ્યા વગર ચાલશે? કૂવા પર જઈ ધીરેધીરે એણે ડોલ ઉતારી પણ ખરી. ડોલ પાણીને અડી, પછડાઇ વાંકી વળી, અરધીક ભરાઇ અને ગોપાલ આ બધું કુતૂહલપૂર્વક કાંઈ અવનવીન બની રહ્યું હોય એમ નીચો નમી કૂવામાં નજર કરી જોઈ રહ્યો હતો તે ખરે વખતે દોરડું ખેંચી ડોલને અદ્ધર લેવાનું ભૂલી ગયો. ગોપાલ તો જોતો રહ્યો ને ડબક દેતી ડોલ આખી પાણીથી ભરાઈ ગઇ. આખી ભરેલી ડોલ ખેંચવી એ ગોપાલ માટે અસંભવિત હતું. છતાં હવે કાંઇ દોરડું મૂકી દીધે યે ઓછું ચાલવાનું હતું. વાંકા વળીને ખેંચવાનો એણે પ્રયત્ન કર્યો. જનોઈ હાથની કોણીઓમાં ભરાતી હતી તે એણે ઠીક કરી ત્યાં ખભા પરથી સરકીને નીચે પગ પર પડી ગઇ. દમ ભીડીને એણે દોરડું ખેંચ્યું. એક વાર, બે વાર ને ત્રીજી વાર ખેંચે છે ત્યાં બહાર આવેલી ડોલના ભારથી એનાથી નીચે બેસી જવાયું. બેકાબેહા એણે જોર અજમાવી જોયું. ત્રણ ચાર આંચકાથી ડોલ થોડીક ઉપર આવી ને ઊલટી એની મુશ્કેલી વધી. હવે? હવે નથી તો ડોલ છોડી દેવાતી, નથી એક વેંત ઉપર લાવવાનું બળ. બધી શક્તિ વાપરીને એણે ડોલને હતી ત્યાંની ત્યાં રાખવા પ્રયત્ન કર્યો. જો છોડી તો તો જુવાન માણસના કાંડા જેવું જાડું કાથીનું દોરડું એના હાથે છોલાઇને લોહી કાઢ્યા વગર રહે જ નહિ, ને સાથે પોતાને અંદર પણ ખેંચતું જાય. મિનિટ પછી મિનિટ જવા માંડી તે એને જુગજુગ સમી લાગી. ઊભા થવા પ્રયત્ન કર્યો તો ઊલટા પગ હતા તે થાળામાં સીધા થઇ કૂવામાં લંબાયા. (અનુસંધાન પાન ૪૬૦મે)



નદીમાંથી ગોવા શહેરનું દૃશ્ય • અેક પ્રાચીન ચિત્ર ઉપરથી

गोमांतकनी एक झांखी

પચીસ વરસ બાદ ગોવાની પુણ્ય ભૂમિનું મેં દર્શન કર્યું. મારા પૂર્વજોની અે કર્મભૂમિ હતી, અેટલે મારે માટે તો અે પુણ્યભૂમિ છે જ. પરંતુ ભારતીય અિતિહાસમાં પણ ગોવાનું મહત્ત્વ અપૂર્વ છે. સનાતની ક્ષત્રિયો અને જૈનોઅે એની જાહોજલાલી અસાધારણ વધારેલી. બ્રાહ્મણોઅે અહીં પોતાની તપસ્યાનો ચમત્કાર દેખાડ્યો હતો. પરશુરામ અને શ્રીકૃષ્ણે ગોવાના રમણીય પહાડો અને પવિત્ર નદીઓના સૌંદર્યનું પાન કર્યું હતું. પરંતુ આજ તો ગોવા ખ્રીસ્તીઓની ધર્માંધતાના અેક અવશેષના રૂપમાં જ આપણું લક્ષ ખેંચે છે. મુસલમાનો ને ખ્રીસ્તીઓ ત્યાં આપસઆપસમાં પેટ ભરીને લડ્યા. હિંદુઓઅે પોતાના ધર્મની રક્ષા અર્થે પૂર્ણ બલિદાન આપ્યું. અને જ્યારે પોતાની આંતરિક કમજોરીઓના કારણે ખ્રીસ્તી રાજસત્તાનો અેને સ્વીકાર કરવો પડ્યો ત્યારે પરાસ્ત પ્રજા પણ પોતાની સંસ્કૃતિનું રક્ષણ કઈ રીતે કરી શકે છે તેનો પરિચય અહીંની હિન્દુ જાતિઅે આપ્યો.

જે લોકો ભિન્ન જાતિના, ભિન્ન ધર્મના ને ભિન્ન સંસ્કૃતિના લોકો સાથે મળી રહેવાની કળા નથી કેળવતા અેમને અિતિહાસવિધાતા જબરદસ્તીઅે તે પાઠ શીખવે છે અને વિવિધતામાં અેકતા સ્થાપવાનો સમન્વયકારી જીવનસિદ્ધાંત અેને બતાવી આપે છે. ગોવામાં અેવું જ બન્યું છે.

દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારા પર મહારાષ્ટ્ર અને કર્ણાટકની વચ્ચે ગોવા અેક નાનકડો પ્રદેશ છે. સહ્યાદ્રિનાં શિખરો અને પશ્ચિમ સમુદ્રની લહેરો આ પ્રદેશને કુદરતી સીમા બાંધી આપે છે. આજ લગભગ ચારસો સાડાચારસો વર્ષથી અહીં પોર્ટુગાલના કૅથૉલિક ખ્રિસ્તી લોકોનું રાજ છે. વિજયનગરના સામ્રાજ્યનો અુદય અને અસ્ત થયો, મરાઠાઓઅે હિંદવી રાજ્ય સ્થાપન કરી અેને છિન્નભિન્ન પણ કર્યું, અંગ્રેજોઅે અહીં પોતાની વેપારી કોઠીઓનો પ્રારંભ કરી પોતાનું સામ્રાજ્ય દેશ-ભરમાં ફેલાવ્યું, પરંતુ ગોવામાં પોર્ટુગીઝ લોકોનું રાજ્ય હજી અબાધિત જ રહ્યું છે.

ફ્રાન્સનિવાસીઓઅે હિંદમાં આવીને દરબારી રાજ-નીતિ ચલાવી. અંગ્રેજોઅે વેપારી રાજનીતિથી બહોળો લાભ અુઠાવ્યો. પરંતુ પોર્ટુગીઝ લોકોઅે ધર્મ અને સંસ્કૃતિની દૃષ્ટિઅે અહીંની પ્રજાને આત્મસાત્ કરવાની નીતિ આજ સુધી ચલાવી છે અે વાત જેટલી આશ્ચર્ય-કારક અેટલી જ અધ્યયન યોગ્ય છે. જ્યાં સુધી અેમનું ચાલ્યું ત્યાં સુધી પોર્ટુગીઝ લોકોઅે આ દેશમાં કેવળ ખ્રીસ્તી ધર્મ જ પ્રચલિત કરવાની કોશિશ કરી. અમુક ખાસ ભાગોમાં મંદિર કે મસ્જિદ રહેવા જ ન જોઈઅે અેવા પણ નિયમો કર્યા ને અેનું કઠોરતા-પૂર્વક પાલન કરાવ્યું. આજે પણ ગોવાની પ્રાથમિક શાળાઓમાં અેવી રીડરો ચાલે છે જેમાં શીખવવામાં આવે

કે કે પોર્ટુગાલ આપણો સ્વદેશ છે. જ્યારે કોઈ રાષ્ટ્રીય વૃત્તિનો નવયુવક પોતાના પાદરીશિક્ષક મહાશયને સવાલ કરે છે કે 'તો પછી પોર્ટુગાલથી આ ગેરમુલકમાં આપણે ક્યાંથી આવી લાગ્યા?' ત્યારે એ ખ્રીસ્તી વિદ્યાગુરુ લાજવાબ બની ગુસ્સે થઈ જાય છે! ગોવામાં આજે અર્ધા ઉપરાંતની લોકસંખ્યા ખ્રીસ્તી છે, એમાં કશું આશ્ચર્ય નથી. કિંતુ લગભગ અર્ધી જનતા દૃઢતાપૂર્વક કટ્ટર હિંદુ રહી છે એ વાત જ ધ્યાનમાં રાખવાલાયક છે. એવી હાલતમાં ત્યાં હિન્દુ–ખ્રીસ્તી વચ્ચે ઊંચાં મન રહે એ સ્વાભાવિક છે. રાજ્યકર્તાઓના મનમાં ગેરખ્રીસ્તીઓ માટે કોઈ સ્થાન જ ન હતું.

ઈ. સ. ૧૯૧૨માં જ્યારે પોર્ટુગાલમાં રાજક્રાન્તિ થઈ ને ધર્મમાત્ર પ્રત્યે ઉદાસીન એવું લોકસત્તાક રાજ્ય સ્થાપિત થયું ત્યારે ગોવાના હિન્દુઓના ધાર્મિક દમનનો લગભગ અંત આવ્યો. પોર્ટુગાલમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થતાં જ ગોવાને સ્વરાજ મળી ગયું. પરંતુ ગોવાની આમ જનતામાં એને હજમ કરવા લાયક ન કોઈ શક્તિ હતી, ન બુદ્ધિ હતી કે ન કશી જાગૃતિ પણ. સંગઠનનું નામોનિશાન સુદ્ધાં ન હતું. રાજનૈતિક કાર્યો માટે સંસ્થાઓ સ્થાપિત કરવી જોઈએ અને એને માટે નાણું એકઠું કરવું જોઈએ; ભિન્ન ભિન્ન સમાજો વચ્ચે હાર્દિક સંગઠન કરવું જોઈએ, પોતાના હકો પરત્વે જાગૃત રહી પ્રસંગ આવ્યે રાજસત્તા સામે સંગઠિત રૂપે પ્રજાકીય પદ્ધતિ અનુસાર લડત ચલાવવી જોઈએ વગેરે વાતોથી ત્યાંના લોકો તદ્દન અજાણ હતા.

ખુદ પોર્ટુગાલમાં પણ રીપબ્લિકનો અંત આવ્યો. ત્યાં તાનાશાહીનો ઉદય થયો અને પ્રજા પહેલાં જેવી સ્થિતિમાં હતી એવી જ સ્થિતિમાં આવી પડી.

અગર પોર્ટુગાલની સરકાર પોતાનું હિત સમજે તો યે ગોવાની હાલત ઠીકઠીક સુધરી શકે તેમ છે. પણ એ તો અનેક રીતે કેવળ અંધેર નગરી જ છે. ગોવાની જનતા ભારતવાસી જ છે. આપણે એક સમાજ છીએ. આપણા સામાજિક, આર્થિક અને વેપારવિષયક હિતસંબંધ એક જ છે. એવું હોવા છતાં ત્યાંનું રાજ્ય અલગ છે. ગોવાના લોકો આપણા જિગરના ટુકડા હોવા છતાં પણ એક ભિન્ન રાષ્ટ્રની પ્રજા છે. બ્રિટિશ સરકાર ને પોર્ટુગાલ વચ્ચે કેવળ મિત્રતાનો સંબંધ છે. જે હાલત પોંડીચેરી ને ચન્દ્રનગરની છે એ જ હાલત ગોવાની પણ છે. (ગુજરાતને કિનારે આવેલા દીવ અને દમણ એટલાં નાનાં છે કે એનો સવાલ અહીં છેડવાની જરૂરત નથી.)

ગોવાના રાજનૈતિક આંદોલનમાં આપણે કોઈ હિસ્સો નથી લઈ શકતા. આપણી સ્વરાજપ્રવૃત્તિનો પ્રત્યક્ષ લાભ ગોવાની જનતાને નથી મળી શકતો. કિંતુ ગોવાના સુખદુઃખની બાબતમાં આપણે ઉદાસીન રહી શકીએ તેમ નથી. આપણે કાંઈ નહિ તો યે ત્યાંની પરિસ્થિતિથી વાકેફ તો રહેવું જ જોઈએ.

ગોવાનું કુદરતી સૌન્દર્ય અનુપમ છે. ઉત્તરમાંથી કાશ્મીરના ને દક્ષિણમાંથી કેરલના સૌન્દર્યને લઈ એ બંનેને મેળવીને જ જાણે કુદરતે આ ગોમાન્તક પ્રદેશની રચના કરી છે. રેલથી ગોવા જતાં તિનઈ ઘાટની વન્ય શોભા, પહાડોને છેદીને તૈયાર કરેલો સરંગો ને છ યે ઋતુઓમાં હર્યાભર્યાં દેખાતાં તેનાં છોડઝાડ મનોહર છે જ. પરંતુ ત્યાંનો કાળી નદીથી બનતો દૂધસાગરનો ધોળો ધોધ તો કેવળ ઉન્માદકારી છે. ગેરસપ્પાનો જોગનો ધોધ કદાચ દુનિયામાં સૌથી ઊંચો હશે; નાયગરાનો પ્રપાત સૌથી મોટો ને ભીષણ હશે; પરંતુ દૂધસાગર તો સૌથી અધિક ઉન્માદક ને સૌન્દર્યમૂર્તિ છે.

ગોવાની નદીઓ સમુદ્રની ખાડીમાં જઈ મળે છે ત્યાં નદી તથા ખાડીનો એટલો મોટો ચક્રવ્યૂહ બન્યો છે કે આપણે જો ભરતીઓટની અનુકૂળતા સાચવીએ તો ગોવામાં કોઈ પણ એક ગામથી બીજા ગામ સુધી આપણે નાવડીમાં જ જઈ શકીએ, એમ કહેવામાં અતિશયોક્તિ નહિ થાય. રેલના અને મોટરોના પ્રવેશને કારણે જ્યાં જ્યાં લોઢાના પૂલ અને વજ્રલેપ રસ્તા બની ગયા છે ત્યાંની સ્થિતિ કંઈક બદલી ગઈ છે ખરી; તોપણ ગોવામાં જ્યાં જોઈએ ત્યાં પાણીની જલજંજાળ પોતાની શોભાથી ચિત્તને પુલકિત કરી જ દે છે.

નારિયેળ, સોપારી, કેળ, કાજૂ, આંબા ને કોકમ આદિનાં ઝાડોની શોભા તો એટલી ઘનગભીર છે કે મનુષ્ય જાણે એમની રજાથી જ ત્યાં વસી શક્યો છે એવું લાગે. અને એમનાં ઝુંડ વચ્ચેથી જ્યારે હિન્દુઓનાં મંદિર કે ખ્રીસ્તીઓની ગિરજાઓ પોતાનાં શિર ઊંચાં ઉઠાવે છે ત્યારે તો સૌન્દર્યની પરિસીમા થાય છે, ને મોંમાંથી અનિરુદ્ધ ઉદ્ગાર નીકળી પડે છે કે ખરેખર આ દેવભૂમિ છે.

લોકોમાં પુરાણી કેળવણી જો કે ક્ષીણ થતી જાય છે તો પણ સાહિત્યનો શોખ ત્યાં કમ નથી. પોતાના સંગીત માટે તો ગોવા મશહૂર છે જ. નૃત્ય-કલા ને કારીગરીની પરંપરા આજ સુધી ત્યાં અક્ષુણ્ણ રહી છે. ગોવામાં જાગૃતિના યુગનો જ્યારે પ્રારંભ થશે ત્યારે પોતાની સંસ્કારસમૃદ્ધિને કારણે મહારાષ્ટ્ર અને મુંબાઅી પ્રાંતમાં તે કદાચ અગ્રેસર બની જાય તો નવાઅી નહિ. છતાં ગોવાની વિશેષ શક્તિ તો એની આજ સુધીની વિપત્તિમાંથી જ એને મળવાની છે.

ગોવામાં અધિકાંશ જનતા કૅથૉલિક પંથીય અીસા-અીઓની છે. અીસાઅીઓનું નામ લેતાં જ આપણી નજર સામે કોટપાટલુન ને હૅટબૂટ પહેરવાવાળી વ્યક્તિ ખડી થાય છે. પણ ગોવામાં હજારો ને લાખો એવા અીસાઅી દેખાઅી આવે છે જે કમરમાં એક દોરી બાંધી તે પર એક મોટી રંગીન પછેડીની લંગોટી સિવાય બીજું કંઅી નથી પહેરતા. સમુદ્રકિનારાની પંડાશમાં વધુ કંઅી પહેરવું પણ ન જોઅીએ. એ લોકો ખેતી કરે છે. નારિયેળ, સોપારી આદિના બગીચા કરે છે. કાજૂના ફળનો શરાબ બનાવે છે, રવિવારે દેવ-ળમાં જાય છે. અીસાઅી થયાને સેંકડો વરસ વીત્યા છતાં વિવાહસમયે પોતાની જાતિનો ખ્યાલ રાખવા-વાળા લોક પણ એમાં મળી આવે છે. બ્રાહ્મણ-અી-સાઅી ચાલશે ત્યાં સુધી ભંડારી-અીસાઅીને પોતાની પુત્રી નહિ આપે. અગિયારશને દિવસે અુપવાસ કરનારા ને ઘરમાં વિવાહટાંકણે મહાદેવજીને નારિયેળ ચઢા-વનારા અીસાઅીઓ પણ મેં મારા બચપણમાં જોયા છે.

હવે તો આ અીસાઅીઓમાં શિક્ષણનો પ્રચાર ખૂબ થયો છે. ગોવાના કેટલા યે અીસાઅીઓ પોર્ટુ-ગાલ ને ફ્રાન્સમાં જઅી વસ્યા છે. પોર્ટુગીઝ આફ્રિ-કામાં તો ગોઆનીઝ અીસાઅીઓ ખૂબ મળે છે. મેં સાંભળ્યું છે કે અમેરિકા ને રશિયા સુધી આ લોકોએ પોતાની પ્રતિષ્ઠા જમાવી છે. પોર્ટુગાલને સ્વદેશ ને પોર્ટુગીઝ ભાષાને સ્વભાષા કહેવામાં આ લોકો પોતાનું ગૌરવ સમજે છે. આજે પણ એવા ઘણા દેશી અીસાઅીઓ ગોવામાં છે જે ઘરમાં કાં તો પોર્ટુગીઝ બોલશે અ-થવા તો અંગ્રેજી.

થોડો વખત થયાં એમનામાં રાષ્ટ્રીયતાનો ખ્યાલ પેદા થવા લાગ્યો છે. હવે તેઓ હિંદુસ્તાનને જ સ્વદેશ



ગોવાનાં વતનીઓ (ફોટો : પ્રો. ગોઢીવાળા)

માને છે ને 'કોંકણી'ને સ્વભાષા ગણે છે. બ્રિટિશ હિંદુસ્તાનના લોકોને સ્વરાજ માટે કોશિશ કરતા જોઅી-ને ગોવાના લોકોમાં પણ સ્વરાજની ભૂખ જાગી છે. હિંદુ અને અીસાઅી એક થવામાં જ સ્વરાજની આશા ફળીભૂત થશે એટલું એ જાણે છે. પરંતુ એ એકતા કેવી રીતે સ્થાપિત કરવામાં આવે એનો નિશ્ચય એ હજુ સુધી નથી કરી શક્યા.

ગોવાના હિંદુઓને અને અીસાઅીઓને એક કર-વાવાળાં તત્ત્વ અસંખ્ય છે. પાદરીઓએ તો અીસાઅી-ઓને હિંદુઓથી અલગ રાખવાની પૂરેપૂરી કોશિષ કરી. હવે એમની અસર કંઅીક ઓછી થવા લાગી છે. ભિન્ન ધર્મીય હોવા છતાં પણ એમનું લોહી એક છે. રહેણીકરણીમાં થોડો શો ફરક પડ્યો છે, તોપણ બંનેની સંસ્કૃતિ એક જ છે. સામાજિક જીવનમાં અલગ અલગ રહેવાની આદત હોવા છતાં પણ સાર્વ-જનિક જીવનમાં અને સામાન્ય વ્યવહારમાં આ બંને સમાજ પૂર્ણતયા ઓતપ્રોત છે.

અને સૌથી જબરું સમાન બંધન તો એમની પ્યારી મધુર બોલી કોંકણી છે. હિંદુસ્તાનની સઘળી ભાષા-ઓની અને બોલીઓની જો કસોટી કરવામાં આવે તો મધુરતામાં કોંકણી કોઅીથી કમ નહિ નિવડે. એમાં સંસ્કારિતા છે; અર્થવાહિતા અસાધારણ છે; અુપમા, રૂપક આદિ અલંકારોથી તે સંપન્ન છે. કોંકણીમાં કોઅી 'સવાર થયું' નહિ કહે. કહેશે કે 'પ્રભાત ફૂલી નીકળ્યું છે.'

વાચકોને સાંભળીને આશ્ચર્ય થશે કે કોંકણીની ગોવામાં એ જ હાલત છે જે ઉત્તર ભારતમાં હિન્દીની છે. ગોવામાં હિન્દુ લોકો જ્યારે લખે ત્યારે તે નાગરી અક્ષરોમાં લખે છે. એ જ ભાષાને ખ્રીસ્તી લોકો જ્યારે લખે છે ત્યારે રોમન લિપિમાં લખે છે. હિન્દુઓની કોંકણીમાં મરાઠી અને સંસ્કૃત શબ્દો અધિક હોય છે એથી એ શુદ્ધ સ્વદેશી જેવી લાગે છે. ખ્રીસ્તીઓની કોંકણીમાં દિવસોદિવસ પોર્ટુગીઝ ભાષાના શબ્દો વધતા જાય છે જેથી એ અભણ ખ્રીસ્તીઓ માટે પણ દુર્બોધ બનતી જાય છે. જે લોકો ગોવા છોડીને દક્ષિણમાં કર્ણાટકમાં જઈ વસ્યા છે એમની કોંકણીમાં કાનડી શબ્દો આવે છે એટલું જ નહિ પણ કોંકણીને કાનડી લિપિમાં લખવા ને છાપવામાં એ સહેલાઈ દેખે છે.

ગોવાના હિન્દુલોકોમાં એક નાનોશો પક્ષ છે જે મરાઠીને કોંકણીની પ્રતિસ્પર્ધી માને છે. મરાઠીના અધ્યયનમાં એ કોંકણીનો નાશ જુએ છે. કોંકણી પછી કોઈ શીખવાલાયક ભાષા હોય તો રાષ્ટ્રભાષા હિન્દી જ છે એમ તે કહે છે. બીજો પક્ષ એવો છે જે કોંકણીને ખીલેલી ભાષાની પ્રતિષ્ઠા પણ નથી આપવા માગતો. છતાં આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં યે કોંકણી અને મરાઠી બંનેનો વિકાસ થઈ રહ્યો છે ને રાષ્ટ્રભાષા હિન્દી માટે પણ અનુકૂળ વાયુમંડળ પેદા થઈ શક્યું છે.

ગોવાના ખ્રીસ્તી લોકો મુંબાઈથી માંડી મંગળૂર સુધી ફેલાએલા છે. એટલું જ નહિ, પણ હિંદુસ્તાનનો પશ્ચિમ કિનારો ને આફ્રિકાનો પૂર્વ કિનારો એમનો જ છે. હિંદુસ્તાનના સ્વરાજનો પ્રશ્ન એમના સ્વજીવન માટે પણ બહુ મહત્ત્વનો છે અને એ કારણે ગોવાની રાજનૈતિક પ્રગતિનો સવાલ પણ એટલો જ મહત્ત્વનો છે. આપણે આશા રાખીએ કે બ્રિટિશ ભારતના પચાસ વરસના ઇતિહાસમાંથી ગોવાની જનતા પાઠ શીખે અને કૉંગ્રેસની રીતિનીતિ એકામ આદરી પોતાનો ઉદ્ધાર શીઘ્રાતિશીઘ્ર કરે.

('सर्वोदय') **दत्तात्रेय बालकृष्ण कालेलकर**

ઉંબર બહાર (અનુ૦ પાન ૪૫૬થી) એને થયું કે પગ તો કૂવામાં પડ્યા જ સમજો ને. હમણાં જ પડવાના! એનાથી કોઈને બૂમ પણ ન પડાઈ. જનોઈ ખભા પર ન હોય ને બ્રાહ્મણના છોકરાથી બોલાય કેમ! એ જ ટાંકણે અચાનક મહેતાજીને એ તરફ આવવું થયું. અને એણે તરત દોડી જઈ ને એક હાથે દોરડું ઝાલી લઈ બીજાથી ગોપાલને નાનું લવારું ઊંચકે એમ ઊંચકી લઈ થાળામાં બાજુ પર ઊભા કર્યા. ગોપાળ થરથર ધ્રૂજતો હતો. આ મહેતાજીના હાથે બચવા કરતાં તો અંદર પડ્યો હોત તો સારું. એને એવું હીર હણાતું લાગ્યું. બે ને ત્રણ મોટા હાથના સપાટા મારી મહેતાજીએ ડોલ ખેંચી કાઢી ને ગોપાલ પર રેડી. ગોપાલ અંદર અંદર સમસમી રહ્યો. બીજી એક ડોલ ધોતિયું તારવવા કાઢી આપી મહેતાજી ચાલ્યો ગયો. ન એક શબ્દ ગોપાલને બોલ્યો. ન મહેતાજીએ ઉંકારો સરખો કર્યો.

પણ થોડા જ દિવસમાં એ જ મહેતાજીને આ ગોપાલ જીવાડવાનો હતો એની કોઈને ય ક્યાં ખબર હતી?

(ચાલુ) **ઉમાશંકર જોશી**

ફોટોગ્રાફીનું પરિણામ (અનુ૦ મુખપૃષ્ઠ પાછળથી)

એમના બીજા ફોટો-ચિત્ર 'સંતાકુકડી'માં પણ વિસ્તાર-સંકોચ ચિત્રના આકર્ષણમાં ઘટાડો કરે છે. 'સંતાકુકડી' વિષય મૌલિક અને સુંદર છે. આ રમત ઘણુંખરું બહાર ખુલ્લા મેદાનમાં છોકરાઓ રમે છે. તેને અનુરૂપ પિછવાઈ તરીકે ઘેરા ભુરા આકાશનો ઉપયોગ સ્તુત્ય છે. દૂર દેખાતું એકાદું વાદળ હવામાન તરફ જોનારનું ધ્યાન ખેંચે છે. આ ચિત્રનો પ્રિન્ટ પણ પહેલાના જેટલો જ નબળો છે.

ભાઈ મધવાણીએ કોઈ પહાડી પ્રદેશના રમ્ય દેખાવ તરફ કૅમેરા ધર્યો છે. પરંતુ તે વિચારપૂર્વકની પસંદગી હોય તેવું જણાતું નથી પ્રિન્ટને નીચેના છેડે ગલ્લીના નામનું પાટિયું અભિરૂચીનું વિનાશક બને છે.

ભાઈ બચુ શેખે બૅકગ્રાઉન્ડનો ઉપયોગ ન કરતાં ચિત્રવસ્તુને બાજુએ ખસેડી દઈ, દારૂબંધીના પોસ્ટરને મહત્ત્વ આપ્યું છે તે યોગ્ય નથી. 'કુમાર' એક જ ચિત્ર-વસ્તુ તરીકે બસ હતો.


ચિત્રકારના કામ કરતા હાથને ચિત્ર-વિસ્તારમાં સ્થિર કરવામાં ભાઈ ત્રિવેદીએ મૌલિકતા દાખવી છે. પરંતુ પરસ્પેક્ટીવનો ખ્યાલ નહિ રાખવાથી હાથના પ્રમાણ જળવાઈ શક્યા નથી જે ચિત્રમાં બેહૂદું લાગે છે. ભાઈ ભણસાલીના ચિત્રમાંનો આંગણામાં 'વાઘબકરી' રમતા બાળકોનો વિષય સારો છે, પરંતુ જૂની ખવાઈ ગએલી ભીંતની બૅકગ્રાઉન્ડ, તેના આગળ પડતા ટોનને લીધે ચિત્રના મુખ્ય આકારોને દાબી દે છે. એ જ આ ચિત્રની ક્ષતિ. બિલકુલ સાદી અને સરળ બૅકગ્રાઉન્ડ આગળ આ ચિત્ર દીપી ઊઠત. ભાઈ ભણસાલીએ ફરી આ જ વસ્તુ પાડી જોવી. **બલવન્ત ભટ્ટ**

કેવળદાસ

આપણા સૌની વચ્ચે હમેશાં વસી રહેતી એક મહાનુભાવ (!) વ્યક્તિની પરિચયરેખા

જન્મ

દિલ્હી દરવાજાની બાજુના ડહેલાવાળા મકાનની ડાબી બાજુની, એક બારણા અને ત્રણ બારીવાળી ઓરડીના પશ્ચિમ દિશાના ખૂણામાં, ખાટલીમાંની ડાબી કૂખમાંથી ૯ માસના ઉત્પાત પછી ને બરાબર બાર કલાક માતાજીને શ્રમ આપીને અજવાળી બીજે દિવસે કેવળદાસનો જન્મ થએલો. મિથુન રાશિના ચંદ્ર કેન્દ્રમાં રાહુ બારમે ને કેતુ છઠ્ઠે, એવી તેમની જ્યોતિષકુંડળી હતી. તેમની ફઈના દિવસે તેમનુ નામ તો ફોઈએ છગનલાલ પાડેલું. પણ શિરસ્તેદારની ઑફીસમાં સારું માન ધરાવતા પિતાના ૭મા સંતાન તરીકે, માતા ને મોટી બ્હેનની આજ્ઞાથી, જૂનવાણીમાં નવી ભાત પાડવા તેમનું નવું નામ ૧૨મે દિવસે કેવળદાસ રખાયું. ત્યારે તેમને દિવસના ૧૦ કલાક આખું મધુર ધીમું રડવાની ને માતાને થાનેલે જ વળગી રહેવાની ટેવ હતી. બરાબર ૧૨મે મહિને તેમની બેસણી પૃથ્વીના ગુરુત્વાકર્ષણે આકારી. મુખદંતના દર્શન પછી થોડા દિવસ થયાં. તેમની કાયાની કોમળતા એટલી નાજુક હતી કે તેમની સંભાળ રાખતાં છતાં જરા જરામાં તેમને ઉઝરડા ઘણા પડતા. બે વર્ષ ને ૧૨ દિવસે તેમનાં પ્રથમ પગલાં પૃથ્વીએ પડ્યાં. જિહ્વાવાહનમાંથી શબ્દસૂરો અર્ધચંદ્રલ વાક્યની જેમ જ ત્યારે તો નીકળતા, ને તેમના જીવન સાથે જોડાએલી તેમની કુદ-કલિકાએ સંપૂર્ણ પ્રભાવ તો પાંચ વર્ષ પછી જ આપ્યો. તેમને રંગીન અર્ધ પેન્ટ ને અર્ધ ખમીસ પહેરવાં ઘણાં ગમતાં ને લખોટા રમવાનો શૉખ તેમનો ત્યારનો શરૂ થએલો. પછીનું તેમનું કો'ક કો'ક વખતનું રુદન, કૌટુમ્બિક ભાવનાને હલાવી નાખે તેવું લાંબું અને સુસ્વર હતું તેથી તેમની કાળજી ઘણી થતી.



બ્રહ્મચર્યાશ્રમ

તેમના ૭મા વર્ષ પછીના એક જ્યેષ્ઠ માસના વચલા અઠવાડીઆના બૃહસ્પતિવાસરે, તેમને ગોળ ને દહીં ખવડાવી, કંકુના ચાંલ્લે ને ગાયગાતાના શુભ શુકને નિશાળમાં દાખલ કર્યા. બાળપોથી ને પ્રથમ ચાર ધોરણ તો



ચીમનલાલ માસ્તરની સહાયથી તેમણે ૧૧મે વર્ષે ચૈત્ર માસમાં પસાર કરી નાખ્યાં ત્યારે વર્ગમાં તેમનું સ્થાન વચ્ચે જ રહેતું—માસ્તરની મહેરબાનીથી. વાર્ષિક વૈદ્યકીય તપાસણીમાં તેમનું વજન દર વર્ષે ૫ પાઉન્ડ જેટલું વધતું જ જતું ને ૭મા વર્ષની તેમની ૩ ફૂટ ને ૭½ ઈંચની ઉંચાઈ ૧૧મે વર્ષે ૪ ફૂટ ને ૨¾ ઈંચ જેટલી થઈ ગઈ. શાળાના ચાલુ દિવસોમાં તેમની પ્રવૃત્તિ, મધ્યાહ્નની રજામાં બરફના ગોળા ને લીંબુ નીચોવેલી દાળ ખાવાની જ હતી. નિયમિતતાના તે ઘણા પૂજારી હોવા છતાં તેમને સ્કૂલે પહોંચતાં થોડું મોડું તો થઈ જ જતું. કારણ ઘેરેથી સ્કૂલે જતાં તેઓ કેટલીક વખત દુકાનદારોના ઘરાકોની ગણી જ કાળજીપૂર્વક નોંધ લેતા. સમીસાંજના ઘરે ભેગા થતાં તેમનું હૃદય તેમના સહાધ્યાયીઓ સાથે ભમરડાની આર કયા લુહારને ત્યાં ઘસાવવા જવું, ને બીજે દિવસે કેટલાના ભમરડા કુંડી બહાર કાઢવા તેની ગોઠવણ કરવા તરફ વળતું, ને તેથી જ પિતાના ઘરે પહોંચ્યા પછી જ તેઓ ઘેર પહોંચતા. તેમના પછીની તેમની નાની બે બ્હેનો તરફની તેમની લાગણી એટલી અનહદ હતી કે તેમનું પેટ તેઓ જરાપણ બગડવા દેતા નહિ. એટલું પરગજુપણું તો તેમના ગુણોનું એક આકર્ષણ હતું.

અંગ્રેજી પ્રાથમિક ધોરણમાં એમણે ૧૨ વર્ષે પગ મૂક્યો. તેમની ગ્રાહકશક્તિના અદ્‌ભુત પરિચયે ને તેમનાં ખંત, ધીમાશ ને અંગમરોડે શિક્ષકોનાં એવાં તો મન હરી લીધાં કે તેઓ દરેક તેમને પોતાના વર્ગમાં બે બે વર્ષ ગાળવા તક આપતા. પોતાના અભ્યાસનો પરિચય કેવળદાસ ઘણા સહાધ્યાયીઓને આપતા. બ્રાહ્મણ જ્ઞાતિને યોગ્ય યજ્ઞોપવીત તેમને ૧૨ મે વર્ષે પહેરાવાયું. ત્યારથી રુદ્રિસંધ્યા ને ગાયત્રી શીખવાની તેમણે કોશીશ કરેલી, પણ સંસ્કૃતના શબ્દોચ્ચાર તેમના

જિન્દગીના વળાંકને ઘણો વાળી દેતા હોવાથી પિતાએ જ તેમને ગણિત ઉપર વધુ ધ્યાન આપવા શિખામણ દીધી. ને પરિણામે કેવળદાસ બધું જ ગણત્રી કરીને કરતા. અંકગણિતના આંકડાઓ તેમને મન રમત હતી. તેથી તેઓ બધા પહેલાં વર્ગમાં દાખલા કરી આવતા; માત્ર જવાબના આંકડાઓમાં જ થોડી બારેખમ ભૂલો થવા પામતી—જે તેઓ ઘણી જ કાળજીપૂર્વક સુધારી લેતા. સહશિક્ષણની પ્રથા ત્યારે નહોતી પણ કેવળદાસની બાજુની રૂમની બારીમાંથી તેમને કચરી બ્હેનની વિનંતિ થતી ત્યારે તેઓ હોંશભેર તેમને શીખવી આવતા જેથી કચરી બ્હેન વર્ગમાં સારો નંબર રાખતાં.

તેમનો કોમળ રાગ ૧૪મે વર્ષે બદલાયો તે એવો કે બધાં તેમની જગનકાકાના બ્હેચર સાથે સરખામણી કરતાં. બ્હેચર ધૂમ્રપાન ને પાનબીડીનો ઘણો શોખીન હતો ને બાપાની કાપડની દુકાને છેલ્લાં ૬ વર્ષથી બેસતો. કેવળદાસનો મિત્ર થવાને એ સદ્ભાગી હતો.

૨૨ વર્ષની પાકટ વયે, ૪૦ ટકા જેટલા માર્કથી ને છેલ્લાં બે વર્ષની સખત મહેનત પછી કેવળદાસ મેટ્રીક થયા. પિતાની પ્રતિષ્ઠાની લાગણીને ખાતર, પોતાની નાઇચ્છાએ પણ એઓ ગવર્નમેન્ટ કૉલેજમાં દાખલ થયા. તેમનો 'રૉલ કૉલ' 'કે. એફ. જાની' તરીકે લેવાતો. કોઢમાંથી છૂટેલા બળદને જ્યારે વાડી ખેતર ને લીલી હરિયાળી જમીન પરથી વાતી હવા છૂટા દોરડે મળે છે ત્યારે જેવી મસ્તી તેનામાં આવે છે તેવી જ મસ્તી કેવળદાસમાં કૉલેજમાં જતાં આવી. બધું જ નવું ને તેમાં પાછું સ્વેચ્છા ને સ્વતંત્રતાથી ભરપૂર પછી પૂછવું જ શું! સિગારેટ ને સિનેમાના શોખ તેમના અભ્યાસને ઘણાં સહાયભૂત થયાં. તેમનો



શરમાળ સ્વભાવ વિદ્યાર્થિનીઓ જોડે મળવાની તેમને ઓછી તક આપતો, પણ સદ્ભાગ્ય કેવળદાસનાં કે વિદ્યાર્થિનીઓ તો તેમને પોતાની સાહેલી તરીકે જ માનતી. કારણ કેવળદાસનાં ચાલ, બોલ ને ખ્યાલ બધાં જ બાલ હતાં. ઉટાંટિયાની ઉધરસની જેમ તેમની દેશદાઝ કેટલીક વખત ઉભરી આવતી. તેથી તેઓ મેદાનમાં રાષ્ટ્રભાવના કેળવવા મહાન વ્યક્તિઓના વ્યાખ્યાનો સાંભળવા જતા, ને કાંઈ કરી નાખવાનો નિશ્ચય કરીને જ પાછા આવતા. પણ અરેરે! સંજોગો! કે તેમના સિદ્ધાન્તો બર લાવવામાં તેઓ હમેશાં આડા જ આવતા. તેમનાં વ્યવસ્થાશક્તિ, દીર્ઘદૃષ્ટિ ને માણસાઈ હવે ખીલતાં હતાં. પ્રોફેસરો સાથેના એક વાદવિવાદમાંથી તો એમને એક વખત ઘણી સારી રકમ કૉલેજચર્ચાંગ બેટ ધરવી પડી હતી. રાજકીય, આર્થિક વગેરે શાસ્ત્રોનો અભ્યાસ પણ તેમણે ચાલુ કરેલો. એમની મહેચ્છા, બૅરીસ્ટર કે કોઇ મહાન વક્તા કે પ્રોફેસર થવાની હતી, પણ અનુકૂળ સંજોગોના અભાવે ને પિતાજીની તેમના તરફની નરમ લાગણીને કારણે તેઓ બી. એ. થઇને જ અટકી ગયા. મુસાફરી તો તેઓશ્રી કેટલાક લેખકો સાથે પુસ્તક વાંચતાં વાંચતાં જ કરી આવેલા. તેમાં વળી એક વખત તો તેઓ દરિયાકિનારે રાતના ૧૧॥ વાગ્યે, રાજકવિ કલાપી ને કીટસ્ સાથે ફરતા હતા ત્યારે સાળા પોલીસે દાટી આપીને તેમને ઘેર મોકલેલા.

ગૃહસ્થાશ્રમ

બેળ, ભુસું ને ભજીઆં તેમનું સાંજનું વાળુ કરી આપતાં, તેથી ચારેક વર્ષથી ટેવાઇ ગએલાં તેમનાં પત્ની શ્રી સરલાદેવી તેમની રાહ જોતાં જોતાં, પર્યંકના કઠેરે શિર ટેકવી પોઢી જતાં ને રાવસાહેબજી તેમને રાતના મોડા આવીને માઠા સ્પર્શથી જગાડતા. તંદ્રામાં છતાં પણ કેવળદાસ પોતાની ફરજ સમજી પ્રિયતમાને શેલી કે શેક્સપીઅરની એકાદ કવિતા કે વાર્તાનો તરજુમો શુદ્ધ ગુજરાતીમાં સમજાવી જતા ને પછી પોતે બીજી સવારે સૂર્યવંશી હોવાનો દાવો કરી લગભગ નવેક વાગ્યે ઊઠતા. પિતાજી તો પુત્ર મોટો થયો જાણીને તેને પરણાવી પોતાનું કર્તવ્ય પૂરું થયું જાણી ખામોશ રહેતા. કેવળ-

દાસની પત્નીની પહેલી કસુવાવડે પ્રજનનશાસ્ત્રનો એમનો અભ્યાસ ઘણો વધારી દીધો. ૨૬ વર્ષ પૂરાં થયે તેઓ એક પેઢીમાં માસિક રૂ. ૪૦)ના પગારે દાખલ થઇ ગયા. પિતાજી પુત્રને સુખમાં દેખી સ્વર્ગે સિધાવ્યા, માતાજી પણ પાછળ જ પતિસ્નેહને પગલે પરવર્યાં. કૌટુમ્બિક વ્યવહારમાં કેવળદાસને હવે દાખલ થવું પડ્યું. મોટાં ભાઇબ્હેનો ઠેકાણે પડ્યાં હતાં. પણ તેઓ સમાન હક્ક ને સ્વતંત્રતાના પૂજારી હોવાથી તેમની જરીતરી ખબર લેતાં. નાની બ્હેનોને કેવળદાસે સારી રીતે પરણાવી ને સાસરે વળાવી તેમાં પિતાની મિલ્કત લગભગ પૂરી થઈ ગઇ. હવે તેઓ પોતાની અર્ધાંગના સાથે ખાઇપી મોજ કરતા.

તેવામાં રાષ્ટ્રચળવળ શરૂ થઇ. દેશમાં સ્વરાજ્યનું મોજું ફેલાયું. તે કેવળદાસ ઉપર પણ પસાર થઇ ગયું ને એ પણ થોડા હિલોળે ચઢી ગયા, તે એવા કે પોતે રોજ પેપર વાંચતા, દોસ્તો સાથે ચાબીડીની છાંટ લઇને વાતો કરતા, ને એકલા પડતા ત્યારે પોતે પોતાની જાતનો સમન્વય કરી પોતે સામાજિક, જાતીય ને ધંધાદારી વ્યક્તિ તરીકે શું પાઠ બજવી રહ્યા છે તેનો વિચાર કરતા, સંતોષની છાયા સાથે આરામ કરતા. સામાજિક વ્યક્તિ તરીકે તેઓ પોતાને સુધારક માનતા. કારણ એકાદ સભામાં તેમણે તાળીઓના ગડગડાટ શરૂઆતથી જ વરસાવતું ભાષણ કર્યું હતું; ને છેવટમાં "વ્યક્તિ તરીકેની આપણી ફરજો, કુધારા, જુનવાણી ને શરમ તોડી નાખવાની હોવી જોઈએ" એટલું કહી નાખતા, પણ ઘેર આવતાંજ ગુજરાતી ૬ ચોપડી ભણેલી સરલાબ્હેન તેમને વધુ વખત ઘર બહાર કાઢવા માટે એવો તો ઉધડો લઈ લેતાં કે ભૂખે પેટે પણ કેટલીક વાર કેવળદાસને પાણીનો એકાદ ગ્લાસ પી લેવો પડતો.




અનુભવે તેઓ તર્કવાદી પણ થોડા બનેલા ખરા. આખલાનાં શીંગડાંની અણી દેખાવમાં ને હાથ ફેરવતાં બુઠ્ઠી હોય છે પણ વાગે છે ત્યારે તીણી હોય છે, મનુષ્ય સ્વભાવ ઘણો જ ચંચળ હોય છે તેથી તે ગમે ત્યારે ગમે તે બદલી શકે છે—જેવું કે હાસ્યને ગુસ્સામાં, વચનોને વિશેષણોમાં, પ્રશાન્તતાને ધાંધલમાં, વાદવિવાદને હાથમારીમાં ને એવું બીજું, એમ જ એઓ માનતા. ઓળખીતા પારખીતા સાથે તેમની ઝીણવટ એટલી બધી હતી કે પાડોશીના કુટુંબનાં બધાં નાનાં મોટાં તેમનાથી જરી ડરીને જ ચાલતાં. તેમની પ્રતિભાનો વિધ્વંસ આને લીધે કેટલીક વખત થતો, પણ કાત્યાયિનીના સૂત્રોના અસંબદ્ધ શ્લોકોથી જેનું જીવન ઘડાએલું હતું એવાશ્રી કેવળદાસ બધું મોટે પેટે સહન કરતા. ધંધાદારી વ્યક્તિ તરીકેની તેમની ખાસિયત ખાસ કરીને તેમના સમવયસ્ક ને સમસ્થિતિસ્થને ઉપદેશક ને દાખલારૂપ એવી એકધારી મહેનતુ ને વિશ્વાસુ પણ હતી. જોકે તેમની બીજી ઑફીસ એ જ સ્ટેશનરીની ઘેર પણ હતી, પણ એ તો ઑફીસનું કામ વખતસર વધારે આપી શકાય તે માટે હતી. ઉપરીની મહેરબાની તેમણે નાનીમોટી ભેટો, છોકરાં રમાડવાં, તેમને પોતાને ત્યાં લઈ જઇ મિઠાઈ આપવી, ને તેમની માતાજી પાસે નમ્રતા ઢોળી દેવી, વગેરે કરીને મેળવી લીધી હતી.

ખરિદાઇ કરકસરતા ૨૫ ટકા ને કંજુસાઇ ૭૫ ટકા ભેગી કરીને જ કરવી એવી તેમની દૃઢ માન્યતા હતી. પણ પોતાને માટે એ કેટલીક વખત બિલકુલ શેઠીઆજ બની જતા. પેટન્ટ દવાઓ તેમનો ખોરાક થઇ ગઇ હતી, ને કૉડલીવર ઑઇલની ખાલી બાટલીઓ એ વખત તેમણે વેચી નાખી શ્રીમતી સરલા માટે **wheat germ oil** પણ તેમણે આણેલું. પ્રભુકૃપાએ સરલા બ્હેનની બાધા આખડીથી તેમને એક બાબો ને બાબી, માતાપિતાના થોડા ગુણો સાથે જીવતાં રહેલાં. કેવળદાસના મિત્રોનું વૃંદ કેટલીક વખત છાંટો પાણી લેતું ને રંગપાઉડરની શેરી પણ વાળી આવતું. કેવળદાસ ધર્મિષ્ઠ હતા, એમ કહેવું એમના ધર્મને બાધ લગાડતું હોવાથી, તેઓ પોતાના સ્વભાવને કચડી નાખી, ધર્મ, ઇશ્વર ને નસીબની ધાકે ધાકે અત્યાર સુધી તો પવિત્ર રહેલા. ઘણી સ્ત્રીઓ સૌન્દર્યશાસ્ત્રના અભ્યાસી તરીકે તેમનાં વખાણ કરતી, માત્ર સરલાબ્હેન અકારણ ક્યારેક તેમની વિરુદ્ધ જતાં.

એમ કરતાં કરતાં ઘણાં દિનો, માસ ને વર્ષો વીતી ગયાં—બાબો બાબી પણ મોટાં થયાં.

વાનપ્રસ્થાશ્રમ

પાકટ કેવળદાસ ૫૦ વર્ષના, શ્વેત વાળવાળા ને રૂની પુણી જેવા સફેદ હતા. તેમનાં ભાવના, ભક્તિ ને ભિન્નતા, બધાં હતાં તેવાં ને તેવાં જ હતાં. સ્વભાવની ગરમીનું માપ જરા વધુ થઈ ગયું હતું. નોકરી ઉપર તેમનાથી હવે વધુ જઈ શકાતું નહિ. બાબો અંગ્રેજી પાંચમામાં ને બાબી કૉલેજમાં જવાની તૈયારી કરતાં હતાં. સરલાબ્હેનનાં ત્યાર પછીનાં છોકરાંમાંથી બે છોકરી ને એક છોકરો જીવ્યાં હતાં. તેઓ હવે થોડાં મોટાં થયાં હશે. નાનાં છોકરાંઓને પોતાની લાકડીથી રસ્તો બતાવવાનો કેવળદાસને હક હતો તે તેઓ સંપૂર્ણ રીતે સાબિત કરતા. તેમના કેડેથી થોડા વળી ગએલા, લાકડીના ટેકે ચાલતા, વૃદ્ધત્વની કરચલી પડેલા, સુકલા પાતળા શરીરને સૌ કોઇ આઘેથી જ ઓળખી જઈ નમન કરી જતું. સબળ સિદ્ધાન્તી, સાચા બોલા ને કડક કેવળદાસની ભડક સૌને સદાય રહેતી. તેમની શક્તિઓ ઉપર તેમનું સામર્થ્ય હતું, તેમના વિચારો ઉપર



તેમનો કાબૂ હતો, તેમના અનુભવો ઉપર તેમનું અવલંબન હતું. પણ જ્યારે કોઈ વખત દમનો વ્યાધિ વધુ વિચારો કે લાગણીથી ઉભરી આવતો ત્યારે તેઓ ખાટલામાં બેસી છાતીએ હાથ દઇ શ્વાસેશ્વાસે પ્રભુને સ્વર્ગપ્રાપ્તિ માટે પ્રાર્થતા.

મધ્યજીવનની મહત્ત્વાકાંક્ષાઓમાંની એકજ, ને તે એક મહાન ઉપદેશક થવાની, તેઓ કુદરતની સહાયથી બર લાવી શકયા હતા. યુવક જીવન તો એમનું ગયું, પણ અત્યારના યુવકોમાં ઉદ્ધતાઇ, વધુ પડતી ચોકખાઇ, ઓછી થતી માણસાઈ, વધારે ટાપટીપ ને ઓછી સાલસતા, ખૂબ વર્તન ને થોડા વિચાર, મોટા સિદ્ધાન્તો ને નાની કાર્યવાહી, જરા જોમ ને વધુ કામ, વગેરે, તેમને પોતાની સરખામણી કરતાં ઘણું જડી આવતું. તેઓ મનમાં બળતા ને યુવકો શું ઉકાળશે તેની ચિંતાથી જરા સુકાતા જતા. તેમાં તેમના બાબાએ તો હદ કરી. હરિજનોનો મેળો પોતાના ડહેલાના ચોગાનમાં ભરી, સારા ડહેલાની ચાલીની ખૂબ ગાળો ને કેવળદાસની અંતરની અરેરાટી તેણે વ્હોરી લીધાં. બાબી સ્વયંસેવિકા થઇ એક સ્વયંસેવકની સેવાર્થે પિતાની આંસુભરી પરવાનગી મેળવી ચાલી ગઇ. સરલાબા, બેબી ને બાબાની કેળવણીની સલાહ આપી ૪૫ વર્ષની પાકટ વયે પ્રિય પતિની રજા લઇ સ્વર્ગે પધાર્યાં. એ વ્હાલસોયા પત્નીના વિરહમાં દિન ગુજારતા કેવળદાસ કેવળ એકલા જ રહ્યા. છેવટે તેમણે પોતાના ૫૪મા વરસે મરણદિને બાબાને બોલાવી, તેની સોડમાં નાની બેબીઓ ને બાબાને સોંપી જર્જરિત કાયે ને ગદ્‌ગદ કંઠે દુનિયાની વિદાય લીધી.

મોટા બાબાને, તેમની મરણક્રિયા કર્યા પછી પિતાની મિલકતમાં થોડાં શેરનાં કાગળિયાં, પોસ્ટનાં કૅશ-સર્ટીફિકેટો ને ૨૫૩-૧૪-૯ જેટલી રોકડ રકમ મળી. વળી સગાંવ્હાલાંના કાર્ડકવરો ને ૨૦ વર્ષ પહેલાંનાં પેપરોમાંથી તેમનાં ભાપણાંની યાદી ભરેલા ટુકડાઓ, સાચવેલાં ગરમ ને સીલ્કનાં કપડાં જેમાં જરાક જ આંતરી પડી હતી, તેટલું વધુ બોળ કરવાથી મળ્યું. વધુમાં ઘરનો સરંજામ, વાસણો ને પેલી દિલ્હી દરવાજાની બાજુના ડહેલાવાળા મકાનની ડાબી બાજુની એક બારણા ને ત્રણ બારીવાળી ઓરડીની લગભગ છેલ્લાં ૨૦ વર્ષની ભાડાની ચીઠ્ઠી પણ ઈસ્કોતરાના જમણી બાજુના નીચેના ખાનામાંથી વ્યવસ્થાસર મૂકેલી મળી. બધો સરવાળો ૨૪૦૦ રૂપિયા જેટલો થયો. બાબો નાનાં બે બાબી ને બાબા સાથે, પિતામાતાના મધ્યજીવનના ફોટાઓ ને બધા સરસામાન સાથે હજુ એ ઓરડી સાચવી રહ્યો છે.

બકુલ પંડયા

એક સુરતી ઉત્તર હિંદુસ્તાનમાં મકાન ભાડે લેવા ગયો. મકાનમાલિક બધી શરતો નક્કી થઈ ગયા પછી, મકાન ભાડે લેનાર સુરતનો વતની છે એમ ખબર પડવાથી કહે, 'પણ અમે સુરતી લોકોને મકાન નથી આપતા:'

પેલો : કેમ શેઠ ?

શેઠ : સુરતી લોકો વાતચીતમાં ગાળો બહુ વાપરે છે.

પેલો (આ આક્ષેપ સહન ન થવાથી): શેઠ, શું વાત કરો છો ? એ સુરતી હહરીના બીજા; અમે નહિ.

ઉત્તર ગુજરાતનો પ્રાણિસમુદાય

શ્રી

લ ને ઘર

ની ક્રમયોગી લેખમાળાનો આગળ છપતો

૨–વિહગવંશ

ગતાંકથી ચાલુ

૪ તિત્તિરિ વર્ગ

ટૂંકી વાંકડી ચાંચ, કઠોર પગ અને મોટે ભાગે ધૂળમાં કે સૂકાં ઘાસ સાથે ભળી જતા વર્ણવાળાં આ વર્ગનાં પંખી ઘણુંખરૂં જમીન પર વસનારાં હોય છે. એવાં એકંદર પાંચ કુલ. પહેલું

(૩૨) કપિઞ્જલ કુલ. અરધું કબૂતર અને અરધું તેતર એવા વિચિત્ર દેહવાળાં બટેર કે ગોરાં તેતર પાંચ જાતનાં. સ્થાયી નિવાસીમાં એક તો કપિંજલ કે ભાતતેતરઃ પાદરમાં રહેનારૂં, ઉ. ગુજરાતમાં ખૂબ. બીજું બટાબટ: ભારે રૂપાળું પંખી પણ ઓછું નજરે ચડે. પરદેશીમાં સ્થાયોદર રાજકપિંજલ, મોટામાં મોટું બટેરઃ શિયાળામાં ડીસા ભણી એનાં ટોળેટોળાં ઊતરી પડે છે. બીજાં બે જવલ્લે દેખાનારાં.

(૩૩) મયૂરકુલ. અશેષ વિહગગણમાં સુન્દરતમ પંખી મોર વિના ગુજરાતમાં કોઇક જ ભોમ સૂની હશે.

(૩૪) કુક્કુટ કુલ. પાળેલા કુકડા અને એની વિવિધ પરદેશી જાતો છોડી દઇએ તો આપણા ત્યાં વગડાઉ કુકડા બે જ જાતના છે: ભૂરા અને તામ્રનખ. આરાવળની ગિરિમાળા એમનું નિવાસસ્થાન.

(૩૫) તિત્તિરિકુલ. તેતર ત્રણ જાતનાં. એક તો આપણાં ખેતરે ખેતરે, હરિયાળી તેમજ લૂખી ભોમનું વાસી. બીજું ચિત્રકાય તેતરઃ ખૂબ રૂપાળું પણ ઝાઝું નજરે નહિ પડે. જ્યારે ત્રીજું–'બઇજી ઘઉં દળું કે કાં . . . ક્ક . . . રા' બોલીથી જાણીતું કાળું તેતર માત્ર ડીસા અને થાળારામ ભણી જ મારા જોવામાં આવ્યું છે.

(૩૬) લાવકુલ. અનાજ પાકે અને લણણી વખત આવે ત્યારે તેતરનાં બચ્ચાં જેવી દેખાતી લાવરીથી આપણાં ખેતર ઊભરાઇ જાય છે. એની એક જાત કાળી છાતીવાળી, સર્વસ્થળ સાધારણ પંખી. બીજી એક જાત આરાવળનાં જંગલમાં જ જોવામાં આવે છે. સંતાવાને જાળાંઝાંખરાં મળે તો પહાડી પ્રદેશ તેમ ઊંચાણાં ખેતરોમાં નીરાંતે વસનારી વળી અન્ય એક જાત પણ છે. એ બધીય બારેમાસ રહેનારી. યાયાવર લાવરીની પણ એક શિયાળુ જાત કહિં કહિં દેખાય છે.

૫ નીરપતત્રિગણ

જલાશ્રયે જ જીવનારાં–કુલેચર તેમજ સ્વલ્પતોયચારી–જળચર પંખીઓની વિવિધ જાતોનો આમાં શંભુમેળો કરવામાં આવ્યો છે. એમાં પ્રથમ આવે

અ અલ્પચંચુગણ

(૩૭) મોરના જેવી માથે કલગી અને આંખમાં રંગો એવા દેહવાળું ફેરમોર, લીખ કે ખાર તેતર નામે ઓળખાતું પંખી ચોમાસામાં પ્રજનન કર્મ પૂરતું આપણા ત્યાં આવે છે. બીજો ગોરાળ કે ઘોરારઃ શિયાળુ યાયાવર; કાઠિયાવાડ તેમ ગુજરાતમાં પણ કહિં કહિં દેખાય છે.

(૩૮) ટિટ્ટિભકુલ. નુકરી તો સાધારણ. એક સાથે વગર અટક્યે ૨૪૦૦ માઇલ ઊડનાર સોનેરી બટન તો આપણા ત્યાં થતું નથી પણ એના ગોત્રનાં અન્ય નાનાં મોટાં બટન તમામ શિયાળુ. ટીટોડીની બે જાતમાં, એક તો મોં પર લાલ માંસપિંડવાળી આપણી પુરાણ પરિચિત 'વક્તીતીતી': બીજી એની બહેન પીળા માંસપિણ્ડવાળી પણ છે તો સાધારણ પંખી, છતાં એને ઓળખનાર કોઇક જ નીકળશે.

(૩૯) સારસકુલ. સારસ તો છે ભારતવર્ષનું મોટામાં મોટું પંખી. આપણા ત્યાં સર્વસ્થળ સાધારણ. અમદાવાદ તો એની આદિભૂમિઃ અહીં એનાં જેટલાં અને જેવડાં ટોળાં દેખાય છે એટલાં અને એવડાં ભારતવર્ષમાં અન્યત્ર કહિં પણ નહિ જડે. એનાં અન્ય સગોત્રી–કુલંગ અને કુંજ–યાયાવર પંખી છે. કુલંગ કહિં કહિં જ દેખાય છે પણ કુંજ કે ઘઉંલાંથી તો કચ્છ કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતના વિશિષ્ટ પ્રદેશ શિયાળામાં ઊભરાઈ જાય છે.

આ કુલનાં અશેષ પંખી હમેશાં જમીન પર વસનારાં હોઇ ઝાડ પર કદીય બેસતાં નથી.

આ સુદીર્ઘચંચુગણ

૪૦ ચાહા. એક અપવાદ–રાજ ચાહા–સિવાય પાનલૌવા બધાય શિયાળુ. એનાં અન્ય સગોત્રી ગોર-

વાલો, તતવારી, સુરમા અને બાગોડી, જેવાં વિવિધ-રંગી જલચારી પણ શિયાળામાં જ ગોબળજ, નળ જેવા વિશાળ જલરાશિનો આશ્રય શોધતાં આવે છે પણ સામાન્ય જનસમૂહની નજરે ઝાઝાં નથી ચડતાં.

(૪૧) સુન્દર શ્વેત કાયા, ચળકતી કાળી પાંખો અને અલતા જેવા લાલચોળ પગવાળાં ગજપાઉં ગોબલજમાં શિયાળે જોવામાં આવે છે ત્યારે દેખાવમાં સર્વાંશે એના જેવાં જ પણ લાંબી વાંકી ચાંચને લીધે જુદાં પડી જતાં ઍવોસેટ જવલ્લે જ આવનારાં છતાં ચંડોળામાં પણ મારી નજરે ચડયાં છે.

इ પુષ્કરસાદ

(૪૨) કમલપત્ર પર ફરનારી જલપિપિ બે જાતની: પિંગલપક્ષ અને લમ્બપુચ્છ (પીહો). બંને રૂપાળાં પંખી, ચંડોળા જેવાં વિશાળ સરોવરનાં કમલવન અને સરાણુમાં બારેમાસ રહે છે.

(૪૩) અમ્બુકુક્કુટ કુલ. કોયમ અને કારંડવ કે ભગત, સરાણો અને વિશાળ સરોવરોમાં જ રહે છે ત્યારે એની પીતરાઇ ધોળા કંઠવાળી અને સામાન્ય જળકુકડીઓ તો ખાડા ખાબોચિયાં ખૂંદતી યે જોવામાં આવે છે. આ ચારે આપણાં સામાન્ય જળચર.

उ બકગણ

આપણાં તમામ જળાશયોમાં સૌથી વધારે જળચર પંખી આ વિભાગનાં જ નજરે પડે છે. વળી ઘણાં ખરાં સ્થાયી રહેનારાં હોવાથી સામાન્ય જનસમૂહને પણ ખૂબ પરિચિત હોય છે.

(૪૪) લોહિતજંઘા કુલ. એમાં પહેલો લોહારજંઘ. આખું વરસ રહેનારો. બીજાં ત્રણ—સુરમલ અને લગલગ શિયાળામાં અને ઢાડગીલા ચોમાસામાં—આવીને આપણા ત્યાં નાનાં મોટાં તળાવ તેમ સુવેજ ફાર્મનાં ગંધાતાં ખાબોચિયાંમાં પણ અવારનવાર રહી જાય છે. એ ચારે પંખી સારસ જેવડાં પણ સારસથી ભિન્ન સ્વભાવવાળાં, ઝાડ પર બેસનારાં, એકાન્તિક મૌનીવ્રતધારી અને માથા કરતાં ખૂબ મોટી લાંબી ભાલા જેવી ચાંચવાળાં અને દ્વન્દ્વચર હોય છે.

(૪૫) કંકકુલ. અત્યંત શુભ્રદેહધારી બગલાંનું કુળ. એમાં કંક, ક્રૌઞ્ચ, ગોપાદી, વાક, અંજન વગેરે અનેક જાતનાં દિનચર તેમજ નિશાચર પંખીઓનો સમાવેશ થાય છે.

(૪૬) વક્રતુણ્ડકુલ. બોડકું માથું, નારંગી રંગની ભાલા જેવી ચાંચ અને ગુલાબી પૂછડાંવાળાં 'ઘૅાં' એવો ઉચ્ચાર કરવા સિવાય કેવળ મૌન સેવનારાં, કાદવમાં ભાલા જેવી ચાંચ ઘોંચી આહાર મેળવનારાં બેડાળ ઘોકડાં આપણાં ખાડાખાબોચિયાં તેમ મોટાં તળાવ સરોવરનાં ખૂબ વ્યાપક સ્થાયી પંખી. ગુંગલા પણ એટલા જ વ્યાપક. જ્યારે ચમચા માત્ર ચોકખાં તળાવમાં જ જોવામાં આવે છે.

છેલ્લાં, દાતરડા જેવડી અને એના જેવી વચ્ચેથી વળેલી વાંકી ચાંચવાળાં કાંકણસાર. એની બે જાત—ધોળી અને કાળી તો આપણા ત્યાં બારેમાસ તળાવડાં તેમ સરાણોમાં પણ રહેનારી છે. ત્રીજી ચળકતા દેહવાળી માત્ર શિયાળામાં જ નજરે પડે છે.

६ જાલપાદવર્ગ

સંતરણશીલ અને નિમજ્જનકારી પંખીઓનો વર્ગ. એક બીજા સાથે વચ્ચેથી ત્વચાથી સંધાએલાં આંગળાંને લીધે, તરવામાં તેમજ ડૂબકી મારવામાં અત્યંત આવશ્યક હલેસાંની ગરજ સારે એવા પ્રશસ્તપાદવાળાં આ પંખીઓમાં હંસ અને બાડગો મુખ્ય છે.

अ આદિગણ

(૪૭) સુન્દર ખીલતા લાલ કે ઘેરા ગુલાબી રંગે રંગાએલી કાયા, વચ્ચેથી ભાંગી ગઇ હોય એવી વાંકી પહોળી ચાંચ અને અત્યંત લાંબી ડોક અને પગવાળાં ફ્લેમિંગો—સુરખાબ આપણા ત્યાં શિયાળો ગાળવા આવે છે. એમનું વિશ્રામસ્થાન તો નળ: પણ ત્યાંનાં પાણી ખૂટે ત્યારે ઉત્તર ગુજરાતનાં ગામડાંનાં તળાવ પણ શોધે છે. ટોળે વળીને રહેનારાં આ પંખીના સેંકડો માળા કચ્છના રણમાં જ જોવામાં આવે છે. આ સિવાય ભારતવર્ષમાં અન્ય કોઈ પણ સ્થળે એ પ્રજોત્પાદન કરતાં દેખાયાં નથી.

(૪૮) હંસકુલ. સાહિત્યમાં મેઘાનુસંગે જે વિહગવરનાં મુક્તકંઠે ગાન થાય છે, એ માનસવાસલુબ્ધ હંસ (એટલે Geese; Swan ભારતવર્ષમાં જવલ્લે આવે છે.) માત્ર બે જ: એક કુન્દાવદાત કલહંસ, અને બીજો ધૂમ્રનીલવરણો રાજહંસ, કાદમ્બ. બંને યાયાવર. અમદાવાદની આસપાસ ક્વચિત્ જોવામાં આવે છે.

એમનો અન્ય પીતરાઈ સુવર્ણકાય ચક્રવાક—ચકવો. છે તો પ્રવ્રજનશીલ પણ ગોબળજ કે ચંડોળા અગર

નળ જેવા વિશાળ સરોવરમાં દર શિયાળે એનાં ૨૫–૫૦નાં ટોળાં નિયમિત નજરે પડે છે.

છેલ્લો નકટો: હંસ જેવડો દેહ, ધોળાં ટપકાંવાળો શ્યામવર્ણ અને ચાંચના મૂળમાં ઊભો માંસખંડ: આટલા નરના શણગાર. સ્થાયી નિવાસી અને માત્ર મોટાં સરોવરમાં જ રહેનારો.

(૪૯) આટિકુલ. હવે આડચો એટલે બતક: અનેક જાતની ચિત્રવિચિત્ર રૂપવાળી, એકાદ અપવાદ સિવાય તમામ યાયાવર પંખી. શરદના આરંભથી એ આવવા માંડે અને હેમંત બેસતાં તો આપણાં સરોવર એમનાથી ઊભરાઇ જાય; વખાનાં માર્યાં કહિં કહિં તળાવડાંમાં વસતાં જોવામાં આવે છતાં નળ એમનું પરમ ધામ.

સૌથી વધુ સંખ્યા બુઆરની. ગયણો ખૂબ. પરાસ, ફુરાઓ અને શેખલીનો પાર નહિ. કરડિયો એમની સમાન કક્ષામાં, પણ રાતો બારી, તારડિયો, તામણી, કાળવેલિયો વગેરે ઓછા.

હંસ બધાય પાણી ઉપર જ રહેનારા, તરનારા; ત્યારે આડચોમાં કેટલીક તરનારી અને કેટલીક ડૂબકી મારી જલાન્તરે ભક્ષ્ય શોધનારી. આમાં ય હંસ કેવળ વનસ્પતિભક્ષક; પાણી ઉપર તરે તે આત્મરક્ષણ પૂરતા જ; આહાર શોધવા તો એમને તટભૂમિ ઉપર આવવું પડે: શિયાળામાં ઘઉં વગેરેનાં ખેતરમાં એ રખડતા નજરે ચડે છે, એ આ જ હેતુથી. આડચો બધી ય મિશ્રભોજી, સૂક્ષ્મતમ ઉદ્‌ભિજ્જ પણ ખાય તેમ અલ્પકાય પ્રાણીઓ પણ ખાય. આ સિવાય બતકોનો અન્ય એક સમુદાય પણ છે,

आ

જે જલાન્તરે પ્રવેશી કેવળ મત્સ્યભક્ષણ કરે છે.

(૫૦) એવાં બે પંખી: શિવહંસ અને ડબક ચૂડી. પહેલું પંખી શિયાળામાં જ જોવામાં આવે અને તે પણ જૂજ જૂજ; જ્યારે ડબક ચૂડી તો ઊભું વરસ આપણાં મોટાં જળાશયોમાં રહેનારી છે.

इ મત્સ્યાદગણ

(૫૧) પ્લવકુલ. સ્વૉન જેવી પ્રતિભાસંપન્ન આકૃતિ, સુન્દર સ્વચ્છ શુભ્રવર્ણ, હંસ જેવી ભારે કાયા, ખૂબ લાંબી જરઠ ચાંચ અને એ ચાંચ હેઠળ ગળા આગળ લટકતી ભક્ષ્ય (માછલી) સંગ્રહની કોથળીવાળાં—प्रसेवकगल–પ્લવ એટલે ગગનભેડ (गगनगोरि): આઠ દસ કે પંદરપચીસ ભેગાં મળી, રજ પણ ધમાલ સિવાય આરામથી તરતાં કે અન્ય પંખીથી જરાક છેટે કિનારે બેઠેલાં આ ચોખલિયાં પંખી ચંડોળા અને ગોભળાજ જેવા મોટા જળરાશિમાં દર શિયાળે જોવામાં આવે છે.

(૫૨) નીરકાકકુલ. કાગડા જેવાં લાગે પણ કાગડાથી મોટાં કાજિયાંનાં ત્રણ ગોત્ર છે. ત્રણે સ્થાયી, ટોળે વળીને રહેનારાં: માછલાંવાળાં તળાવમાં કિનારે કે ઝાડ પર, શઠ પેઠે પહોળી કરેલી પાંખો સૂકવતાં આખા ગુજરાતમાં નજરે પડે છે.

(૫૩) મીનભોજી પંખીઓનું છેલ્લું કુલ, 'સ્નેકબર્ડ', આપણા ત્યાં ક્વચિત્ જળકુકડી નામે ઓળખાય છે એ પંખીનું. પાણી બહાર માત્ર સાપ જેવી લાંબી ઊભી ડોક તરતી રાખી, વચ્ચે વચ્ચે ડૂબકી મારી માછલાં પકડનાર આ પંખી આપણાં નાનાં મોટાં તળાવમાં ખૂબ જાણીતું છે. ટોળે વળીને રહેતું નથી પણ છે અસલ ગુજરાતી. [क्रमश:]

કોણ કેટલું સાચું?

આપણા વહેવારૂ જગતમાં સત્ય કેટલા પ્રમાણમાં જળવાય છે તે નીચે આપેલા જુદા જુદા વ્યવસાયીઓનાં વચનો પરથી જણાશે:

દરજી: સોમવારે તમારો કોટ ચોક્કસ મળી જશે.
બસવાળો: પાંચ મિનીટમાં જ ઊપડશે, વાર નથી.
લેખકનો મિત્ર: તમારી વાર્તા મને ખૂબ જ ગમી.
યજમાન: આવો આવો, ખૂબ આનંદ થયો.
પરોણો: રહેવા દોને, હમણાં જ ચા પીને આવ્યો છું.
દુકાનદાર: આ ભાવે બીજે ક્યાંય મળે તો કેહેજો.
સંપાદક: આવતા અંકમાં તમારો લેખ નક્કી આવશે.
કારકુન: મારે સ્મશાને જવાનું હોવાથી રજા જોઇએ છે.
પતિ: ઑફિસમાં ખૂબ કામ હોવાથી મોડું થઈ ગયું.
ડૉક્ટર: ચિંતા ન કરો, બધું મટી જશે.
વાળંદ (સલૂનવાળો): બેસો બેસો, બે મિનીટ જ.
લેખક: લખવાની ફુરસદ જ હાલ નથી મળતી.
બાબો: બા, મેં એ મોસંબી જોઈ જ નહોતી.
શેઠ: વેપારધંધામાં અત્યારે કમાણી જ ક્યાં છે?
રીપોર્ટર: પાંચ હજારની લોકમેદની એકઠી મળી હતી.
નેતા: આગામી લડત માટે તૈયાર રહો.
જ્યોતિષી: આ મહિનો જ વાંકો છે, પછીના ગ્રહ સારા છે.
સભાપતિ: મારું ભાષણ આપે શાંતિપૂર્વક અને રસથી સાંભળ્યું છે તે બદલ—



ચન્દ્રલોકનો પ્રવાસ

શું શક્ય છે?

હા, એ તદ્દન ગપગોળા નથી, અને એને શક્ય બનાવવા વિજ્ઞાનીઓ ઘણાં વર્ષોથી સતત પ્રયત્ન કરી રહ્યા છે. ૧૯૩૩ની સાલમાં એક ગ્રહમાંથી બીજા ગ્રહમાં પ્રવાસ કરવાની સંભાવ્યતા વિષે જ્ઞાન ફેલાવવા 'બ્રિટીશ ઇન્ટર-પ્લૅનેટરી સોસાઇટી', સ્થપાઈ જેણે ચંદ્રના પ્રવાસ માટે હવાઇના બળથી ચાલી શકે એવા આકાશયાનની સંપૂર્ણ યોજના ઘડી કાઢી છે. એ આકાશયાન પાછળ એક યુદ્ધ-નૌકા જેટલો ય શ્રમ કે ખર્ચ કરવો પડે એમ નથી. હાલના વૈજ્ઞાનિકો ચંદ્રમાં પહોંચાય એવી અવકાશનૌકા બાંધવા શક્તિમાન બન્યા છે, અને તે બાંધવા સઘળા જરૂરી પદાર્થો આપણી પાસે હાજર છે એમ તેઓ કહે છે. એમના મત પ્રમાણે ચંદ્રનો પ્રવાસ હવે હાથવેંતમાં છે, અને તેને અમલમાં મેલવાનો આધાર તેને જેટલો ટેકો મળે તેના પર અવલંબે છે. તેની સંપૂર્ણ યોજના અને તેને માટે જરૂરનાં મનુષ્યો તૈયાર છે.

આમ, ઉપર ટપકે આ પ્રશ્ન સાદો લાગવા છતાં વિગતમાં ઊતરતાં મુશ્કેલીઓ ઊભી થાય છે. મુખ્યત્વે એ ત્રણ છે: (૧) ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું મોટું અંતર; (૨) વચ્ચેના અવકાશની શૂન્યમય (વાતાવરણરહિત) સ્થિતિ; અને (૩) પૃથ્વીના ગુરુત્વાકર્ષણની જબરી ખેંચ. પણ આ અડચણોનો ઉપાય થઈ શકે એમ છે. ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર આશરે અઢી લાખ માઇલ છે, અને તે કાંઈ મોટી બાબત નથી, કેમકે આપણાં હવાઇ વિમાનો એટલું અંતર તો એક માસમાં કાપી શકે છે. વળી આપણા આ યાનની ઝડપ તો એનાથી યે કાંઈ વધી જાય એમ છે. ઉપરાંત અવકાશની શૂન્યાવસ્થા અંતરાયરૂપ થવાને બદલે ઊલટી મદદગાર થાય એમ છે, કારણ કે આવડું મોટું અંતર કાપવા ભારે ઝડપની જરૂર પડે; અને તેમાં વાતાવરણની હાજરી ઊલટી અંતરાયરૂપ થઈ પડે. યાનમાં બેઠેલા પ્રવાસીઓને હવાની જરૂર પડે ખરી; પણ કૃત્રિમ રીતે બનાવેલી હવા સહેલાઇથી પૂરી પાડી શકાય છે.

તો હવે અવકાશમાં તે યાનને ધક્કો મળે એવો ઉપાય શોધી કાઢવાનું રહ્યું, જેમાં હવાઇના બળની જરૂર રહે. હવાઇ પ્રતિક્રિયાના સિદ્ધાંત પર કામ કરે છે, અર્થાત્ બહુ મોટી ઝડપે અનેક ટન વજનના વાયુ જેવા પદાર્થ બહાર ફેંકવાથી જે પાછો ધક્કો લાગે, તે હવાઇને અવકાશમાં આગળ ધકેલે; અને અવકાશમાં વાયુ નહિ હોવાથી તે આ કાર્ય બહુ સહેલાઇથી બજાવી શકે.

ચંદ્ર તરફ પ્રવાસ કરવામાં અને ત્યાંથી પાછા આવવામાં ચોક્કસપણે કેટલું બળ જોઇએ એ પ્રશ્નનો પ્રથમ નિર્ણય કરવાનો હતો. ચોક્કસ રીતે હિસાબ ગણી કાઢવાથી જાણવામાં આવ્યું કે એક ટન વજનનો પદાર્થ ચંદ્રમાં લઇ જવા અને પાછો લાવવા માટે એક સેકન્ડમાં સત્તર માઇલ તેને ઊંચે લઈ જઈ શકે એટલું બળ જોઇએ. આ કાંઇ નાની બાબત નથી. એક ટન વજન અહીંથી ચંદ્ર પર અને ચંદ્રથી પૃથ્વી પર લઇ જવા લાવવા માટે જાણીતાં ઈંધનોમાંનાં સૌથી વિશેષ બળવાળાં સેંકડો ટન ઈંધનનો ખપ પડે.

આપણી પાસે હાલ જે પ્રકારનાં ઈંધનો છે તે આટલું બળ ઉપજાવી શકે એમ છે? પ્રથમ દૃષ્ટિએ આ વિકટ લાગે, કારણ કે એક ટન વજનનું યાન સેંકડો ટન ઈંધન શી રીતે લઇ જઈ શકે? તો પછી શું અતિશય શક્તિવાળા ઈંધનના પદાર્થો શોધાય ત્યાં સુધી વાટ જોવાનું રહ્યું? એને માટે એક જુદા જ પ્રકારના હવાઇના વિમાનની રચના શોધી આનો ઉકેલ કાઢવામાં આવ્યો.

એક હવાઈ બીજી નાની હવાઇને એવી રીતે સાથે લઇ જાય કે જેથી મોટી હવાઇ ખલાસ થતાં નાની હવાઇ છૂટી થાય, તો તે નાની હવાઇ ઘણી દૂર જઇ

શકે. આવી રીતે એક પર એક એમ અનેક હવાઈઓ રાખી શકાય, તો છેલ્લી હવાઈને આપણે ઇચ્છાનુસાર અંતરે લઈ જઈ શકીએ. આ સિદ્ધાંત પર યોજેલું આકાશયાન બાંધી શકાય એવું હોઈ ચંદ્રના પ્રવાસ માટે કાર્યસાધક નીવડે એમ છે.

આવું આકાશયાન ધાતુનાં નાનાં નાનાં સેંકડો પાત્રોમાં ભરેલાં ઈંધણોના થર જથ્થાના સ્વરૂપે બની શકશે, અને પાત્રોનાં બળતણને સળગાવવા આપમેળે સળગે તેવી વીજળીની રચના કરવામાં આવશે. પ્રત્યેક હવાઈની નળી અથવા કોશ તેમાંનું ઈંધન ખલાસ થતાં ફેંકી દેવાશે. આ યાન સીલીંડર (ભૂંગળા)ના આકારનું થશે, અને તેનું નાક યાને ચાંચ (અગ્રભાગ) ગોળાર્ધના ઘાટનું થશે. તેમાં કોઇ પણ જાતના પંખા કે પાંખો મૂકવામાં નહિ આવે, કેમકે હવાઇ વિમાનોમાં પણ તે ઝાઝાઉપયોગનાજણાયાનથી.



ચન્દ્રલોકનો પ્રવાસ કરવા માટેના યાનનું એક કલ્પનાચિત્ર

બહાર અવકાશમાં પહોંચ્યા પછી દરેક ચીજ વજન વગરની, હવામાં તરતી જણાશે અને તેને જ્યાં મૂકીએ ત્યાં સ્થિર રહેશે. આથી, યાનમાં એવા આંકડા ગોઠવવામાં આવશે કે જે પકડીને કોઈ પણ સ્થળે કોઇ પણ સ્થિતિમાં માણસ રહી શકે પીવાનું પાણી પ્યાલામાં કાઢવું હશે તો તેની પણ ધાર નહિ કરી શકાય. રબરના બલ્બ વડે દબાવીને તે કાઢવામાં આવશે. ઉપલા ચિત્રમાં એક માણસને એવી રીતે પાણી કાઢતો અને બીજાને બારીમાંથી નજીક આવતા દેખાતા ચન્દ્રનું નિરીક્ષણ કરતો દર્શાવ્યો છે.

આ યાનનો અગ્ર ભાગ તેના પ્રવાસીઓને માટે તથા તેમના ઉપયોગની વસ્તુઓ, જેવી કે હવા, પાણી, ખોરાક વગેરે માટે જુદો કાઢવામાં આવશે, અને તેનું વજન થોડા ટન હશે. હજાર ટન વજનના આખા યંત્રમાંનો આટલો જ ભાગ પૃથ્વી પર પાછો આવશે. બાકીનો ભાગ–ઇંધન, તેનાં પાત્રો અને યાનનું ખોખું–અવકાશમાં છોડી દેવામાં આવશે.

એને પૃથ્વી પરથી હંકારવાનું સ્થળ વિષુવવૃત્ત પાસે રાખવું પડશે, કારણ કે તેમ કર્યાથી હંકારવાનું કાર્ય બહુ સરળ થાય એમ છે, તથા પૃથ્વીની ધરીની ગતિની કુદકીનો પૂરેપૂરો લાભ લઇ શકાય એમ છે. વળી આ આકાશયાન ઊભી સ્થિતિમાં રાખી હંકારવાનું હોવાથી પાણીમાં તરતા ભૂંગળામાંથી તેને છોડવું પડશે. આને માટે દક્ષિણ અમેરિકામાં પેરૂમાં આવેલા ટીટીકાકા સરોવરનું સ્થળ ઠીક જણાયું છે.

સંભાળથી નિશ્ચિત સમયે હંકારાયા બાદ તે ગુરુત્વાકર્ષણથી ત્રણગણા વિશેષ બળ સાથે ઊંચે ચડશે, અને તેથી તેના પ્રવાસીઓને પોતાનું વજન ત્રણગણું જણાશે. આ ઝડપે તે થોડી મિનિટમાં વાતાવરણ બહાર નીકળી જશે. થોડી વધારે મિનિટ પછી તે પૃથ્વીથી મુક્ત થઇ ચંદ્રમાં પહોંચવા જેટલી ઝડપ પ્રાપ્ત કરશે.

તમે જો એક એવા પ્રકારની બંદૂકની ગોળી કલ્પી શકો કે જે તેના માર્ગમાં સળગીને નાશ પામી જાય અને માત્ર તેની આગળની ફૂલ્લીનો ભાગ નિર્મિત સ્થળે પહોંચે તો તમને આવા આકાશયાનની પ્રથમની અને પાછળની સ્થિતિનો ખ્યાલ આવશે. અતિશય બળવાળાં સેંકડો ટન ઇંધન અને ધાતુને કાં તો અવકાશમાં સળગાવી દેવામાં અગર તો છોડી દેવામાં આવશે, અને માત્ર થોડા જ ટન નિર્મિત સ્થળે પહોંચશે.

આમાં એટલા બધા બળની જરૂર પડે એમ છે કે બીજો કોઇ માર્ગ એને માટે શક્ય નથી. જ્યાં સુધી અણુબળ અથવા એના જેવું બીજું કલ્પનાથી પર જબરદસ્ત બળ કામમાં ન લઇ શકાય ત્યાં સુધી આવું યાન મોટા ભાગે ઇંધનમય હશે.

એ ઇંધનમાંથી નવદશાંશ ભાગ ખર્ચાઈ ગયો હશે, અને પછીના થોડા દિવસ સામાન્ય માર્ગનિયમનના કાર્ય માટે કોઇ કોઇ વખત હવાઇઓનો ઉપયોગ કરવો પડશે. ચંદ્ર તરફના પ્રવાસના આરંભકાળમાં એની ઝડપ ઘટતી જશે, કારણ કે બે લાખ માઈલની મુસાફરી થતાં સુધી પૃથ્વીના ગુરુત્વાકર્ષણની અસરમાંથી તે મુક્ત નહિ થયું હોય. ત્યાર પછી તેની ઝડપ વધશે, કેમકે હવે ચંદ્રના ગુરુત્વાકર્ષણની અસર વિશેષ જણાવા માંડશે. જો આ વધતી જતી ઝડપને રોકવામાં ન આવે તો કલાકના સાત હજાર માઇલની ઝડપે તે ચંદ્ર પર પડે.

તેથી માર્ગનિયમન કરવાની હવાઇઓથી તેને અવકાશમાં ગોળાકારે ફેરવવામાં આવશે, અને બાકીનું ઇંધન તેની ઝડપ ઓછી કરવામાં વપરાશે. પણ જે થોડી ઘણી ઝડપ બાકી રહી હશે તેનો પ્રતિકાર કરવા બળવાન આઘાતશોષક બેઠકો પર તેને ઉભું ઉતારવામાં આવશે. જો ચંદ્રમાં વાતાવરણ હોત તો પેરેશુટ છત્રીઓનો અથવા પાંખોનો ઉપયોગ થઇ શકત, પણ વાતાવરણના અભાવે તેમ બનવું અશક્ય છે.

વળતો પ્રવાસ આ પ્રમાણે જ થઈ શકશે. ફેર માત્ર એટલો છે કે તેમાં ઊતરતી વખતે પેરેશુટ છત્રીનો ઉપયોગ કરી શકાશે. ઊતરવાનું સમુદ્રમાં રાખવામાં આવશે, કેમકે પ્રવાસીઓનો ઓરડો (યાનનો અગ્ર ભાગ) પાણીમાં તરી શકશે.

આ એક હજાર ટન વજનનું યાન ત્રણ પ્રવાસીઓને લઇ જઇ શકશે, અને તે નાનામાં નાનું હશે. વજન આટલું બધું હોવા છતાં તે માત્ર ૧૫ ફુટ પહોળું અને નેવું ફૂટ લાંબું બનશે. બહુ સખ્ત અને દૃઢ હોવાથી જે સામાન્ય ઝડપે તેને હંકારવાનું છે તેમાં તે ટકી શકશે. મનુષ્યો તો વિમાનોના ઉડ્ડયનમાં આથી પણ વધારે ઝડપમાં ટકી શકયાનું આપણી જાણમાં છે.

ત્રણ પરિમાણમાં હંકારવું એ સહેલી વાત નથી, અને આ યાનનો માર્ગ તો અતિશય ગુંચવણભરેલા વક્રાકારમાં હશે. આના નિયમન માટે જરૂરી સાધનો ને ઉપકરણો તેમાં યોજવામાં આવશે. વળી શરૂઆતમાં હંકારતાં એને સ્થિર ગતિમાં રાખવા બંદૂકની ગોળીની માફક ચક્રાકારે ફરતું રાખવામાં આવશે, અને સેકન્ડમાં ત્રણ વખત ગોળ ફરી શકે એટલી એની ઝડપ હશે. આના પરિણામે અવકાશમાં પણ પ્રવાસીઓને પોતાનામાં વજન હોવાનું ભાન થશે. વળી આ ગોળ ફરતા યાનમાંથી આકાશનું નિરીક્ષણ કરવા એવા પ્રકારના કાચવાળું યંત્ર ગોઠવવામાં આવશે કે એનાથી આકાશ સ્થિર જણાશે. જાતજાતનાં દર્પણો ને મોટરોના સમૂહના બનેલા આ યંત્રની રચના થઇ ગએલી છે.

પ્રથમ પ્રવાસ કાંઈક કષ્ટદાયક લાગશે. અનિવાર્ય જરૂરની જ વસ્તુઓ સાથે રાખવામાં આવશે. વળી યાનને હંકારવાનું કાર્ય પણ બહુ શ્રમયુક્ત થઇ પડશે. યાનની ઝડપ અને તેના માર્ગનો નિર્ણય કરવા અતિશય અઘરી ગણત્રીઓ વારંવાર કરવી પડશે. આ પ્રવાસ ચાર દિવસ ચાલશે. છેવટે, આ યાનને વાતાવરણરહિત અને અજ્ઞાત ચંદ્રભૂમિ પર ઉતારવાનું અતિશય કઠણ કામ કરવાનું આવશે.

ચન્દ્ર પર ઊતર્યા પછી ત્યાં શું નજરે પડશે? સેંકડો માઈલના વિસ્તારનાં મેદાનો અને તેના કિનારા પર આવી રહેલાં (કોટવાળાં મેદાનોની જેમ) દસથી વીસ હજાર ફૂટ ઊંચા પર્વતોની હારો. કાળા ડાઘાની માફક દેખાતાં આ મેદાનોને કેટલાક ખગોળવેત્તાઓ સમુદ્રો

કહે છે, જો કે હવે આપણે જાણી શકયા છીએ કે તે અતિ વિસ્તૃત નિર્જન વેરાન ખડકો છે. કદાચ ઘણાં વર્ષો પૂર્વે ચંદ્રના સમુદ્રો તેમાં ઘૂઘવી રહ્યા હોય અને તેના પર્વતમય તટપ્રદેશોને પખાળી રહ્યા હોય, પણ અત્યારે તો ચંદ્રમાં પાણીનું નામનિશાન નથી. તે જ પ્રમાણે હવાનો પણ ત્યાં સંપૂર્ણ અભાવ છે.

પૃથ્વી પરથી અઢી લાખ માઇલના અંતરથી જોતાં ચંદ્રની ખરબચડી ભૂમિ સુંદર અને હૃદયંગમ લાગે છે, પણ ત્યાંના પ્રેક્ષકોને શું જોવાનું મળશે એની આપણે કલ્પના કરીએ. આપણાથી ચૌદગણો મોટો અંગાર વરસાવતો ત્યાંનો દિવસ, અને તેટલી લાંબી, પાણીને ઠારી નાખે એનાથી પણ વિશેષ ઠંડીવાળી રાત્રિઓ; વાતાવરણના અભાવને લીધે અંજન જેવું કાળું આકાશ અને એકધારા તેજથી પ્રકાશતા તથા અહીં કરતાં વધારે સંખ્યામાં માલૂમ પડતા તારા. વળી સૂર્યની આસપાસ સૂર્યમુકુટ (Corona) નામનું નક્કરના નાગઓને ઘણે દૂર સુધી ઢાંકી દેતું મૌક્તિક પ્રકાશસમ શુભ્ર અને તેજસ્વી પ્રભામંડળ, જે આપણે સૂર્યના ખગ્રાસ ગ્રહણને સમયે થોડી પળ માટે જ જોઈ શકીએ છીએ તે ત્યાં હમેશ દેખાશે. સૂર્યનાં સીધાં કિરણોમાં ડુંગરોનાં શિખરો આંખને નુકસાન કરે એવાં શ્વેત માલૂમ પડશે, અને સૂર્યનાં કિરણો તારાના તેજને લેશ પણ ઘટાડી શકશે નહિ. પડછાયા રાત્રિના જેવા કાળા અને હદ ઉપરાંત ઠંડા લાગશે, અને તેનાથી થોડા જ વારના અંતરે તડકા નીચે ખડકો ઉકળતા પાણીથી પણ વિશેષ ગરમ હશે.

પૃથ્વી ત્યાંથી મોટી, નીલહરિત વર્ણની ચંદ્રકળાની જેમ જણાશે. પૃથ્વીમાં વાતાવરણની હાજરીને લીધે તેનું તેજ ઓછું અને નીલવર્ણનું લાગશે. વળી, તેના આરંભની અગર અંતની કળાના સ્વરૂપમાં તો તે ત્યાંના આકાશમાં એક મોટા ખેંચેલા ધનુષ્યની જેમ જણાશે, અને તેના વાતાવરણના પડદામાંથી સમુદ્ર અને ખંડાની આછી રૂપરેખા દેખાશે. તેના ખાડાવાળા પ્રદેશોમાં કેટલાક બિંદુઓ મોટા પર્વતોની હાજરી બતાવશે. મેશ જેવા કાળા આકાશમાં સૂર્ય અને તારાઓ બહુ ધીમી ગતિએ ચાલતા લાગશે. પૃથ્વી સમયાનુસાર વૃદ્ધિ પામતી અને ક્ષીણ થતી એક જ સ્થળે હમેશને માટે લટકતી માલૂમ પડશે.

અનેક યુગો પહેલાં ભરતીની ખેંચથી ચંદ્રની ધરી પરની ગતિ થંભી જવાને લીધે તે હમેશ આપણી તરફ તેની એક જ બાજુ બતાવે છે અને ભવિષ્યમાં પણ તેમ જ થશે. તેથી આપણે ચંદ્રની બીજી બાજુ કદી જોઈ શકતા નથી, અને તે બાજુથી આપણી પૃથ્વી પણ જોઈ શકાતી નથી,—જો કે ચંદ્રની તોળવાના કાંટા જેવી આંદોલનમય ગતિ (Libration)ને લીધે તેના ગોળાર્ધનો આખો ભાગ અને તેથી કાંઈક વિશેષ—૫૯/૧૦૦ ભાગ, એટલે ચંદ્રનો અર્ધથી વિશેષ—ભાગ જોઇ શકીએ છીએ. વળી ચંદ્ર જ્યારે Octant એટલે તેની શરૂઆતની અને છેવટની કળાઓમાં હોય છે ત્યારે જેમ તેનો, સૂર્યના પ્રકાશ વિનાના બિંબનો બાકીનો ભાગ અમુક પ્રકારના ઝાંખા તેજથી દૃષ્ટિએ પડે છે તેમ પૃથ્વીનો ત્યાંથી દૃષ્ટિએ પડશે, પણ તે ચંદ્રના જેટલો સ્પષ્ટ નહિ હોય, કેમકે સૂર્યના તેજથી પ્રકાશતા બિંબના ભાગ ઉપરાંત જે બાકીનો ભાગ ઝાંખા તેજવાળો જણાય છે તે સૂર્યના પૃથ્વી પર પડેલા તેજના પરાવર્તનથી દેખાય છે, જેને પૃથ્વી-પ્રકાશ (Earth-shine) અથવા રાખોડીઓ પ્રકાશ(ash-light) કહે છે. હવે ચંદ્ર પર એ જે પ્રકાશ પડે છે તે પૃથ્વી પર પડતા ચંદ્રના એવા પ્રકારના પ્રકાશ કરતાં તેર ગણો વિશેષ છે, કેમકે પૃથ્વી ચંદ્ર કરતાં તેર ગણી મોટી છે, એટલે એનો પ્રકાશ આપનારો પ્રદેશ પણ વધારે હોય છે. આના પરિણામે, જેટલા પ્રકાશથી ચંદ્રના બિંબનો સૂર્યના તેજ વિનાનો ભાગ પૃથ્વીના પ્રકાશથી રેખાંકિત થએલો જોઈએ છીએ તેના કરતાં ઓછા પ્રકાશથી આપણે પૃથ્વીનું અપ્રકાશિત બિંબ ચંદ્ર પરથી જોઈ શકીશું.

વળી, ચંદ્ર પરથી આપણને સૂર્યગ્રહણ પણ માલૂમ પડશે; પણ તે ખંડગ્રહણ હશે. ગ્રહણ સમયે પૃથ્વી સૂર્યના બિંબ પર પડદાની માફક ઢંકાએલી હશે, પણ તે આખા ભાગને ઢાંકી શકશે નહિ. આનું કારણ કયાં તો પૃથ્વીની છાયાનો શંકુ ચંદ્રની આગળ જઈ શકતો ન હોય તેને લીધે હોય, અગર તો પૃથ્વીના વાતાવરણમાં તેજના વક્રીભવનને લીધે પૃથ્વીથી ચંદ્રનું સરેરાશ અંતર જે પૃથ્વીની ત્રિજ્યાથી ૬૦ ગણું વધારે છે તેને બદલે છાયાના શંકુની લંબાઈ ઘટી ત્રિજ્યાથી ૪૨ ગણી થાય છે તેના લીધે હોય. ગમે તેમ હોય પણ આના પરિણામે ગ્રહણોમાં ચંદ્ર ચોકખા છાયાના શંકુની આગળ

ગએલો હોય એટલે સૂર્યની કોરનું તેમજ મધ્ય ભાગનું તેજ ત્યાં જઈ શકે, અને તેથી પૂર્ણ ગ્રહણ થાય નહિ.

આવી, હવા પાણી વિનાની તથા અગ્નિથી યે વિશેષ ગરમ આપણા અર્ધા માસ જેવડા દિવસો અને બરફથી યે વિશેષ ઠંડી એવડી જ મોટી રાત્રિઓવાળી, એ દુનિયા પર પૃથ્વીનું કોઈ પણ માનવી પૂરતા રક્ષણ અને સાધનો વિના કેવી રીતે રહી શકે તે એક સવાલ જ છે. મૃત અવસ્થાએ પહોંચતી કોયલા જેવી એ દુનિયામાં, (અગર મૃત અવસ્થાએ પહોંચતી પણ કેમ કહેવાય? કેમકે કદાચ તેણે કદી જીવન પ્રાપ્ત ન પણ કર્યું હોય! પણ જ્યાં કરોડો વર્ષથી કોઈ પણ જીવન્ત વસ્તુ હાલી ચાલી નથી ત્યાં) એક દિવસે પૃથ્વીના ઇજનેરો ઝાડપાનને જીવન અર્પી પ્રફુલ્લિત બનાવી શકશે એવી વિજ્ઞાન મહેચ્છા રાખે છે.

પ્રવાસીઓ પૃથ્વી તરફ લાઈટ–રે ટ્રાન્સમીટર (તેજ કિરણોના સંચારક) યંત્રથી સંદેશા મોકલશે. રેડીઓ સેટ જેટલું આ ભારે હોતું નથી, અને એનો ટપ્પો બહુ મોટો હોય છે.

ઇજનેરી તથા વિજ્ઞાનવિદ્યાની મદદથી સંપૂર્ણ શોધન કરી આ નિરાકરણ કરવામાં આવ્યું છે. આ યાનનું ખર્ચ પણ અઢીલાખ પૌંડથી વધારે આવે એમ નથી એવો અંદાજ છે. **ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત**

હિંદુસ્તાનમાં ટપાલની પહેલી ટિકીટ

ટપાલની ટિકીટના ઉપયોગને આ વર્ષે સો વર્ષ પૂરાં થયાં. એ પ્રચલિત કરવાનું શ્રેય ઇંગ્લંડને ફાળે જાય છે. ૧૮૪૦માં એ ચાલુ થઈ ત્યારે રંગીન કાગળનો આટલો નાનો ટુકડો ચોટાડી પોતાના કાગળપત્રો મોકલાવતાં લોકો ડરતા હતા અને એમને અવિશ્વાસ આવતો હતો!

હિંદુસ્તાનમાં પહેલવહેલાં લૉર્ડ ક્લાઈવે ઇ. ૧૭૬૬માં માત્ર સરકારી કામ માટે ટપાલથી પત્રો મોકલવાનો રિવાજ નિયમિત રૂપમાં શરૂ કર્યો. આઠ વર્ષ પછી તો આમ જનતા માટે પણ એ વ્યવસ્થા કરી આપવામાં આવી. ઈ. ૧૮૩૭માં સરકારે એ આખો વ્યવસાય પોતાના હાથમાં લઇ અંતરના હિસાબે એના દર નિશ્ચિત કર્યા એ સમયે કલકત્તાથી મુંબાઈ મોકલવાના પત્રનો રૂા. ૧) લાગતો હતો અને તે કીમત તાંબાના સિક્કામાં ભરપાઈ થતી. કારણ એ વખતે ટિકીટનો પ્રચાર ન હતો.


ઇંગ્લંડમાં તો ૧૮૪૦થી ટપાલની ટિકીટો શરૂ થઇ ગઈ હતી, પણ હિંદુસ્તાનમાં એના દસ વર્ષ પછી ૧૮૫૦માં એક કમિશન બેસાડવામાં આવ્યું ને એણે સિક્કાને બદલે ટિકીટના ઉપયોગની ભલામણ કરી. કંપની સરકારના ડિરેક્ટરોએ એ ભલામણ સ્વીકારી, પરંતુ એમનો મત ટિકીટો કલકત્તામાં છાપવાનો હતો, જ્યારે કમિશને તે ઇંગ્લંડમાં જ છપાવવાની ભલામણ કરેલી.

આ બાબતમાં વાદવિવાદ ચાલતો જ રહ્યો હતો, ત્યાં સિંધના ચીફ કમિશનર સર બાર્ટલે ફ્રીઅરે પોતાની જુમ્મેદારી પર પોતાના પ્રાન્તમાં ટિકીટો શરૂ કરવાનો નિર્ણય કર્યો, ને ૧૮૫૨ના જુલાઈની પહેલીએ સિંધમાં પહેલવહેલી જ ટિકીટ ચલાવવામાં આવી જે સંભવતઃ ઇંગ્લંડમાં છપાએલી. એશિયામાં ટપાલની એ પહેલી જ ટિકીટ. એ ટિકીટ પર ઈસ્ટ ઇંડિયા કંપનીનું 'E. I. C.' નિશાન તથા ચારે બાજુ 'Scinde District Dawke' લખાણ આવેલું.

પરંતુ જનતા ટિકીટોનો એ લાભ ન સમજી શકી. હૈદ્રાબાદમાં ફક્ત ૫૧) રૂપિયાની, કરાચીમાં ૬) રૂપિયાની તથા સિવાનગાં ૨ રૂા. ૧૫ આ. ૬ પા.ની ટિકીટો વેચાઇ. શિકારપુરમાં તે એક પણ ટિકીટ ન વેચાઈ. લોકો એપિયા દ્વારા જ પત્રો પહોંચાડવાનું પસંદ કરતા હતા. આખરે સર બાર્ટલેએ માણસો મારફત પત્રો પહોંચાડવાના કાર્યને ગુનો જાહેર કર્યો, ને ત્યારથી ટિકીટોનું વેચાણ વધવા માંડ્યું; તે એટલે સુધી કે ૧૦,૦૦૦ ટિકીટોના વેચાણની જે ૯ મહિનાની મુદ્દત બાંધવામાં આવી હતી તે એક અઠવાડિયામાં જ ખપી ગઈ.

સરકારે આ ટિકીટોને દેશવ્યાપી કરવાના પ્રયાસો કરવા માંડ્યા. પરંતુ કલકત્તાના યંત્રકામના સુપરિન્ટેન્ડેન્ટ કર્નલ ફોર્બિસે કહ્યું કે અઢી કરોડ એમ્બૉસ કરેલી ટિકીટો જમા (in reserve) રાખવા માટે ઓછામાં ઓછાં બે વર્ષ જોઈએ, એટલે તાત્કાલિક ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીએ એ વિચાર છોડી દીધો. સરકારે પછી શિલાછાપથી છાપેલી ટિકીટો ચલાવવાનો ઈરાદો કર્યો ને કૅપ્ટન થીલરના પ્રયત્નથી ઈ. ૧૮૫૪ના સપ્ટેમ્બર સુધીમાં અરધા આનાની ૩,૪૦,૦૦,૦૦૦ ટિકીટો લીલા રંગમાં તથા ૫૦,૦૦,૦૦૦ એક આનાની ટિકીટો સિંદૂરિયા રંગમાં તૈયાર થઈ અને ઑક્ટોબર મહિનાની પહેલી તારીખે સરકારે આખા દેશમાં એનો ઉપયોગ કરવાનું ફરમાન બહાર પાડ્યું.

ઈ ૧૮૫૫ સુધી કલકત્તામાં જ ટિકીટો છપાતી રહી. પરંતુ એ વર્ષમાં લંડનની ડ લા રૂ કંપની (De La Rue & Co.)ને એ કામગીરી સોંપવામાં આવી; ત્યારથી બધી ટિકીટો ત્યાં જ છાપવામાં આવતી, તે ઠેઠ ઈ. ૧૯૨૫થી તે હિંદુસ્તાનમાં છપાવા માંડી ત્યાં લગી—૭૦ વર્ષ સુધી.



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ તેરમું

બાળશાસન

લડાઈ જ્યારે બરાબર જામી ત્યારે ફીનિક્સમાં બાળકોનું રાજ પણ જામ્યું. ગયા પ્રકરણમાં આપણે જોયું કે મગનકાકાને વહેલી પરોઢથી અધરાત સુધી છાપખાનામાં ગૂંથાઈ રહેવું પડતું. તેઓ ઇચ્છે, પ્રયત્ન કરે, તો યે તેમને આશ્રમનાં બીજાં કામમાં ડોકિયું કરવાનો સમય ન મળતો. આથી સહેજે અમે આઝાદ બન્યા. નાનીમોટી અનેક જવાબદારીઓ અમારે માથે આવી પડી તે સાથે અમને જેમ રૂચે, જેમ સૂઝે તેમ કામને પહોંચી વળવાની છૂટ પણ મળી. આ તકનો લાભ મેં સૌથી વધુ લીધો એમ ગણાય. લડાઈની વાત રોકી પોતાના એ અનુભવો ચીતરવામાં થોડાં પાનાં રોકું તો વાચક મને ક્ષમા કરે. જોકે અસાધારણ એવું કંઈ યે એમાં નથી. આજથી સત્તાવીસ વરસ પહેલાં કદાચ એ અનુભવ અનેરો લેખાત; પણ આજે તો સેંકડો શિક્ષણ સંસ્થાઓમાં બાળકોનો અમલ ચાલે છે. એમની સભાઓ ભરાય છે, એમના નિયમો અને કાયદા રચાય છે તથા સંસ્થાનો દૈનિક વ્યવહાર નાનાં ભુલકાંઓ મારફત પાર ઉતારાય છે. ઉજાણી, પ્રદર્શનો અને જલસાઓમાં પણ બાળકો કર્તાહર્તા બને છે. આઠઆઠ દસદસ વરસનાં બાળકો આજે પીઢ માણસના જેટલી ચોકસાઇ, વ્યવસ્થા અને કાર્યદક્ષતા પ્રગટ કરે છે. એમની સરખામણીમાં અમારો અનુભવ ફિક્કો અને છીછરો હોવાનો સંભવ છે. પણ આજે મોટી ઉમરે શિક્ષક તરીકેનો અનુભવ લીધા પછી પોતે નાની ઉમરે ખેડેલાં કાર્યો તેમજ એ કરવામાં આવેલાં વિઘ્નોનું અને કરેલી ભૂલોનું પૃથક્કરણ મને શિક્ષાવિષયક અનેક સૂચન પૂરાં પાડનારાં નીવડ્યાં છે; એટલે એ બીજાઓને પણ કામના થઇ શકવાની આશા મનમાં બંધાય છે.

હું કહી ગયો છું કે જ્યારે આખું ફીનિક્સ ખાલી થયું ત્યારે મગનકાકાના હાથ નીચે અમે દસ બાળકો હતાં. હું અને દેવદાસકાકા અગિયાર વરસથી મોટી ઉમરના, છ બાળક પાંચથી આઠ વરસની ઉમરના અને બે બાળાઓ પાંચ વરસથી યે નાની. આ બે બેનો શાકપાન સુધારવામાં થોડીઘણી મદદ આપે એથી વધુ કામ કરી શકે એમ ન હતી. પોતાની માતા વિના એ અમારી વચ્ચે પ્રસન્ન રહેતી અને મગનકાકા ઉપર (પોતાના પિતા ઉપર) તે ભારરૂપ નહોતી થઇ પડી, એ જ એમનું મોટું કામ હતું. બાકીનાં છ બાળકો ફીનિક્સના 'બડા કાર્યકર્તા' બન્યા હતા. એ નાના છતાં મોટાંથી યે વધુ એમનો રૂઆબ મારા પર પડતો. દેવદાસકાકા ને મગનકાકા મોડામોડા છાપખાનામાંથી આવે તો યે ત્યાંની જ વાતો કરતા આવેઃ 'એ ખબર તો હવે "સ્ટૉપ પ્રેસ"માં જઈ શકવાના,' અથવા 'આને સારુ ફલાણો ભાગ કાઢી નાખવો રહ્યો'. આ વાતોમાં મને કંઇ ગતાગમ નહિ અને તેઓને આખા દિવસની મારી કડણાઈ પર ધ્યાન આપવાની ફુરસદ નહિ. નાના બાળસાથી એટલા નાના કે એમને કામનો ઉકેલ કરવા સાથે ભાગ્યે જ લેવાદેવા હોય. તેઓ તો સામે આવી પડેલું કામ કરી દે ને રમતા ફરે. એટલે સહેજે એમ કહેવાય કે મારાથી મોટાઓએ અને નાનાનાનાઓએ ઘરકામનો બધો ભાર મારા પર જ ઢોળી પાડેલો.

મારાથી પહોંચી ન વળાતું ત્યારે હું દેવદાસકાકાની મદદ લેતો. મોટે ભાગે મારે એ મદદ મારા બાળસાથીઓને અંકુશમાં રાખવા લેવી પડતી. મારી પાસે એટલી હિકમત ન હતી કે જુદાજુદા સ્વભાવનાં બાળકો પર હું અંકુશ રાખી શકું. મારા એ બાળસાથીઓના સ્વભાવનો જે અનુભવ મને તે કાળે થયો. અને જે મુશ્કેલીઓમાંથી મારે પસાર થવું પડ્યું તે કલમબદ્ધ કરવા જતાં સંકોચ થાય છે; કારણ આજે એ સૌ પોતપોતાના ક્ષેત્રમાં સમર્થ પુરુષો તરીકે જીવન ખેડી રહ્યા છે. એમની મહત્તાને જરા યે આંચ ન આવે એવી સદભિલાષા સાથે એમના એ સમયનાં સારાંમાઠાં લક્ષણો તેમની ક્ષમા માગી અહીં નોંધવાની

રજા લઈશ. એ આશાએ કે તેઓ ક્ષમા આપશે અને પોતાના બાળપણ ઉપર આત્મવિનોદ કરી શકશે.

અમારી એ નાની ટોળીમાંના સૌને મોખરે રહેનારા છોટમ મહારાજ હતા. એમના ગુણ ગાઈએ એટલા ઓછા. અટકચાળા કરવામાં વાંદરાની સાથે હરીફાઈમાં ઊતરે તો કોણ જીતે એ કહેવું મુશ્કેલ થઈ પડે. રોજ બપોરે સ્ટેશને ટપાલ લાવલઈજા કરનારા ચાર જણમાં છોટમ પણ ખરા. એ સ્ટેશને પહોંચે ત્યારે કંઇ ને કંઇક ઊંધુંચતું કર્યાની રાવ આવે જ આવે. એક દિવસ બીજા ત્રણ છોકરાઓ ટપાલ લેવા દેવામાં રોકાયા હતા ત્યાં છોટમભાઈ 'સિગ્નલ' પાસે ગયા અને હાથો ખેંચી સિગ્નલ પાડ્યો. પાંચ વાગ્યાનો એ વખત, એટલે લગભગ એ જ સમયે ગાડી આવવાની. અચાનક સાંધાવાળાનું એ તરફ ધ્યાન ગયું એટલે તેણે 'સિગ્નલ' સરખો કરી દીધો. નહિ તો છોટમને પ્રતાપે તે દિવસે મોટી નવાજૂની થાત. સિગ્નલ પાડ્યાનો દાખલો કંઇ ખાસ હતો એમ નહિ. એવાં તો એમનાં અનેક પરાક્રમ ચાલ્યાં કરે. કોઈવાર ઘાસમાં ઘુસી જઈ જમીન પર બેઠેલા પક્ષીને ચતુરાઇથી પકડી લાવે તો કોઈવાર સસલું પકડવા દોડે. કાચી કેરી સુધારતો હોય તો તેમાંની કડવી ગોટલી ભરડ ભરડ ચાવ્યે જાય. તેમજ અજાણ્યાં ઇંદ્રાવણાં જેવાં ફળ પણ ચાખી જોયા વિના ન રહે. કુતરો એ તો એનો આખા દિવસનો સાથી. તેનો કાન ખેંચે, તેના ઉપર સવારી કરે અને એના નાકમાં સાંઠીકડાં પણ ખોસે. એને ધમકાવવો, રડાવવો, ગભરાવવો કે મૂંઝવવો એ સહેલું કામ ન હતું. મારા જેવા કાચાપોચાને તો એ જ રડાવી દેતો. ગુનામાંથી છટકી જવા બહાનાં શોધી કાઢવામાં પણ પૂરો ચતુર. યાદશક્તિ પણ ઘણી તીવ્ર. છોટમભાઇ છ વરસની વયે ગુજરાતી, હિંદી, તામીલ અને અંગ્રેજી એમ ચાર ભાષાઓ વગર સંકોચે ગગડાવ્યે જાય. મોટા માણસને પણ વાદવિવાદમાં હંફાવે.

આવા છોટમભાઇ પાસેથી કામ લેવું સહેલું ન ગણાય. પણ મને એની નાડ હાથ આવી ગઇ હતી. મને યાદ નથી કે મારે કદી એની રાવ લઇને મગનકાકા પાસે જવું પડ્યું હોય. છોટમને એના કામનો ભાગ પાડી આપ્યો હોય અને તેનાં થોડાં વખાણ કર્યાં હોય એટલે પોતાનું કામ પૂરૂં કરવા પાછળ એ એકાગ્ર બની જાય. બધાં અટકચાળાં ભૂલી જાય. જમીન પરથી ઘાસ કાઢવાનું, વાસણ ઉટકવાનું, ઝાડુનું કે ફળશાક સુધારવાનું દરેક કામ ચોકખાઇ અને ઝડપથી આપતો. એને ઠપકો આપ્યો હોય કે તેના પર કટાક્ષ કર્યો હોય તો ભાઇસાહેબ વિફરે. 'આટલું પતાવી લે એટલે તને રમવાની છૂટ', એ એની પાસેથી કામ લેવાની અમારી ચાવી હતી.

છોટમને ઉત્તરધ્રુવ માનીએ તો ભૈયન દક્ષિણધ્રુવ સમો હતો. અજીર્ણીને હરાવે એવો આળસુ. ઝાડુ–વાસણ કે એવું કામ તો એને અપાય જ નહિ કે જે પૂરૂં ન થયે દૈનિક કાર્યક્રમ બગડે. છતાં એને કામ વિનાનો રાખવો એ પણ ખોટું; એટલે મોટે ભાગે નાની કોદાળી આપી બગીચામાં જ્યાં ઘાસ નીંદવાની જરૂર હોય ત્યાં નાનકડો કટકો તેને આંકી આપું. કામ સોંપ્યા પછી કલાકે સવાકલાકે ભૈયનના કામની તપાસ લેવા જાઉં ત્યારે ભાઇસાહેબે કમર પરનું પાટલૂન બેય હાથમાં ઝાલીને તાણી રાખ્યું હોય; મોં પરની માંખી ઉડાડવા થોડી થોડી વારે ડોકું ધુણાવતા હોય અને મોં વકાસીને આંખ અર્ધોન્મીલિત રાખીને જાણે સમાધિ અવસ્થામાં જ ઊભા હોય એવું લાગે. મને પાસે આવેલો જુએ એટલે બેમાંનો એક હાથ પાટલૂન ઉપરથી ઉઠાવી લઇ ખભે અડાડી રાખેલો પાવડીનો હાથો એક હાથમાં લઈ ઘાસ કાઢવા લાગે. એક હાથે,–(અને તે પાછું ભૈયનજીના એક હાથે,) તે કેટલું ઘાસ ખોદાય! પાંચ ડગલાં જેટલો કટકો સાફ કરવા આપ્યો હોય તેમાંથી કલાક સવા કલાકે માંડ એક ડગલું ખોદાયું હોય! એવા ભાઈ પાસેથી શું કામ લેવાય? જમ્યા પછી બપોરે વાસણ માંજીએ ત્યારે ઉત્સાહમાં આવી જઇને જો એ બેત્રણ થાળી માંજવા લાવી આપે તો અમારૂં ભાગ્ય જ ઉઘડ્યું ગણાય.

પણ કામ ન કરી શકવાનો ભૈયનજીનો સ્વભાવ સમજી અમે એને વધુ પજવતા નહિ. ખરી પજવણી તો શાંતિની કરતા. અને એ અમારી પજવણી કરતો. શાંતિની ઉમર આશરે આઠ વરસની. એ કામ કરવાની આવડતવાળો છતાં ભારે હઠીલો છોકરો. કંઇ પણ કામ કરવું એને ગમે જ નહિ. કામનો વખત થાય એટલે આડોઅવળો થઈ જાય. કેટલીક વાર તો એ ક્યાં છે એનો પત્તો જ ન લાગે. સવારે એ ઊઠે

ત્યારે એને પથારી ઉપાડવાનું કહીએ તો પથારી આગળ જ કલાક દોઢ કલાક સુધી સ્થિર થઇને ઊભો રહે, ન દાતણ કરવા જાય ન કોગળા કરે. મારે ભાગે આખું ઘર વાળી તાળું દઇને રસોડે જવાનું હોય, પણ શાંતિ એની જગ્યાએથી ખસે ત્યારે ને? એને કંઈ કામ ચીંધ્યું કે નાક ખેંચે ને નાક ઉપર કરચલી પાડી દે; નસ્કોરાં ફુલાવ્યા કરે. હાથે અદબ વાળે અને પગના બંને ગોઠણ એક બીજા સાથે અડાડી નીચેથી પગ પહોળા કરીને ઊભો રહે. એવી રીતે એ ગોઠણથી પગતળીઆ સુધી પગનો ત્રિકોણ બનાવીને ઊભો રહે ત્યારે અમારી ખાતરી થઇ જતી કે હવે શાંતિનું ટટ્ટુ અડચ્યું છે. અમે મનમાં એ 'અડીઅલ ટટ્ટુ' સાથે ખૂબ રીસે ભરાતા. અને જેમ રીસ વધતી જાય એમ દેવદાસ કાકા કે હું એને ધીમેથી અને મીઠા શબ્દોમાં સમજાવીએ: 'ભાઈ, આવી હઠ કેમ કરે છે? તને માર ખાવામાં સ્વાદ આવે છે?' વગેરે. પણ જેમજેમ અમે કહીએ તેમતેમ એ વધુ જક્કી થાય. પહેલાં તો મૂંગો રહ્યો હોય, પણ પછી એકદમ બોલી ઊઠે, 'તમને કોણે ડાહ્યા કર્યા છે? હું કામ નથી કરવાનો; જાઓ જાઓ, કહી દો મગનકાકાને. અમે કોઇથી નથી બીતા. જાઓ, અમે નાસ્તો કરવા પણ નથી આવવાના.'

એ મૂર્તિ આમ હઠે ભરાય એટલે મારે હાર કબૂલ કરવી પડતી અને તેનો ફેંસલો મારે દેવદાસકાકાને સોંપવો પડતો. દેવદાસકાકા તેને મગનકાકા પાસે ઊભો કરતા. આખરે મગનકાકાએ અકળાઇ જઇ શાંતિને સંભળાવી દીધું, 'તું જક્ક નહિ છોડે તો પછી દેવદાસ તને મારશે.' આ ધમકીની અસર પણ શાંતિને કંઇ થઇ નહિ. ધીમે ધીમે દેવદાસકાકાએ શાંતિ ઉપર શરીરબળ વાપરવાનું શરૂ કર્યું. પહેલાં તો દેવદાસકાકા મારતાં અચકાયા, પણ પછી મારવામાં રસ પડવા માંડ્યો. શાંતિના કુણા ગાલ ઉપર પાંચે આંગળાંની છાપ ન ઊઠે તો તાકાને બીજો, ત્રીજો ને ચોથો તમાચો પણ જોરથી લગાવી દે! ખાતરપાણીથી છોડ જેમ વધવા લાગે તેમ આ તમાચાઓથી શાંતિની હઠીલાઈ વધવા માંડી. બીજી તરફ દેવદાસકાકાનું મારવાનું વિજ્ઞાન પણ વધ્યું. તમાચા ઉપરથી સોટી ઉપર અને સોટી પરથી ખોખાના હળવા પાટિયા વડે ગાલ ઉપર લપડાક દેવાનો ક્રૂર આનંદ એમણે લેવા માંડ્યો. હું પણ શાંતિને માર પડતો જોઈ ખુશ થતો અને અમારાં એ કરતૂકોની ભાળ મગનકાકાને ન મળે એની સાવધાની રાખતો. દેવદાસકાકા શાંતિનો અપરાધ એવી રીતે વર્ણવે કે મગનકાકાને એમ જ થાય કે શાંતિ ખરેખર અતિશય ત્રાસ આપી રહ્યો છે અને અમે બહુ રહેમપૂર્વક એને સીધો કરવા મથી રહ્યા છીએ. પણ વાત એથી ઊંધી જ હતી. જ્યારે શાંતિ પાંસરો ચાલતો અને એ વાંકમાં ન આવતો ત્યારે એને વાંકમાં લાવવાનો અમે પેંતરો રચતા.

એક દિવસ દેવદાસકાકાના ઇશારા પ્રમાણે શાંતિને મેં એકલો બગીચામાં ઘાસ ખોદવા મોકલ્યો. નિયમ પ્રમાણે બધાને છાપાં વાળવાનું રસભર્યું કામ કરવા જવાનો તે દિવસે વારો હતો. શાંતિની તીક્ષ્ણ બુદ્ધિને આ અન્યાય ખૂંચ્યો. તેણે બગીચામાં જઇ કંઇ જ કામ કર્યું ન હતું. અમારે પણ એ જ જોઇતું હતું. કલાકેક વીત્યો એટલે શાંતિના કામની તપાસ કરવા મને દેવદાસકાકાએ મોકલ્યો અને કહ્યું, 'પહેલાં તું એને તમાચા મારવાની મઝા લઈ લે. પછી હું આવીશ.' કામની તપાસના બહાને હું શાંતિ પાસે પહોંચ્યો. ધાર્યા પ્રમાણે એ ધૂંધરો ચડાવીને ઊભો હતો. જતાંવેંત કામ ન કરવા સારૂ મેં તેને ધમકાવી કાઢ્યો. પછી મારા દાંત ભીંસી તેના બંને કાન આમળી એને જમીનથી ખૂબ ઊંચે ઊંચક્યો. છતાં એ બહાદુરે મોંમાંથી જરા સરખો અવાજ ન કાઢ્યો, ફક્ત પોતાની રોજની ટેવ મુજબ બિલાડાની જેમ એ મારી સામું જોઈ રહ્યો. એ ન બોલ્યો એટલે મને થયું કે હજુ એને પૂરી વેદના નથી થઈ. એટલે મેં એના કાન વધુ જોરથી આમળ્યા. કાનની બૂટ બે નખ વચ્ચે દબાવી, પણ એ મૂકી દઉં કે એ પાછા ગોઠણ એકબીજા સાથે અડાડી પગ રાંટા કરી ઊભો રહે અને કંઈ બોલે નહિ.

આટલું કર્યાં છતાં શાંતિની અંદર જરા યે કુણાશ ન આવી એટલે મારો મિજાજ સાવ ગયો. મેં ચીડમાં ને ચીડમાં ત્રણ વાર પૂછ્યું, 'બોલ હવે ખોદીશ? ખોદીશ? ખોદીશ?' પણ એ કંઈ ન બોલ્યો. એટલે પછી મેં તમાચા મારવા માંડ્યા. મારતો જાઉં અને એમ થતું જાય કે ના હજુ બરાબર નથી વાગ્યો; હજુ ઓછો ચોંટ્યો છે. દેવદાસકાકા મારે અને જેમ

અવાજ થાય છે એવો નથી થયો; એટલે એ બિચારા બાળકના કુમળા ગાલ ઉપર વધુ ને વધુ જોરથી ફટકારતો જાઉં. તડ તડ તડ એમ અનેક તમાચા માર્યા ત્યારે મારો નિશો ઊતર્યો. મને થયું, 'હવે બહુ થયું; હજુ દેવદાસકાકા એને મારશે. બિચારાને બહુ વેઠવું પડવાનું.'

હું વિરમ્યો અને એને પડતો મૂકી મારે કામે પાછો ગયો. દેવદાસકાકાને કથા સંભળાવી. એમણે તે દિવસે એને માર્યો કે ન માર્યો એ મને યાદ નથી, પણ મારવાનો મારો મોહ ઊતરી ગયો. નિષ્કારણ એને એટલો બધો મારવો એ મને પાપ લાગ્યું. મારું મન વિચારે ચડ્યું કે, 'મગનકાકાના માર મને આકરા લાગ્યા છે અને એમને જોતાં જ અકળામણ થઇ આવે છે તો શાંતિ ભલે મારા કરતાં કસાએલો ને મજબૂત હોય, તેને શારીરિક પીડા ઓછી થતી હોય, તોપણ એને માર તો લાગે જ. પછી મારી સામું તો એ જોશે પણ નહિ. હું એને કડવો ઝેર જેવો લાગીશ. અત્યારે એ મારી ટુકડીમાં મારી સરદારી નીચે કામ કરે છે, દેવદાસકાકાની સરદારી નીચે નથી કરતો. દેવદાસકાકા બધાને ધમકાવીને કામ લઇ શકે; મારું એ ગજું નથી. એટલે એને પ્રસન્ન રાખવો અને એ રાજી થઇને મારું કામ કરે એવું જ મારે કરવું જોઇએ. મને શાંતિના પૂર્વ ઇતિહાસની પણ ખબર હતી. એના પિતા જયાશંકરભાઇને ઘેર ડરબનમાં જવાનું થતું ત્યારે એમનો મને ડર લાગતો. મેં સાંભળેલું કે તેઓ શાંતિને બેહદ મારકૂટ કરતા અને તેમાંથી જ એ છોકરો જક્કી બન્યો હતો. મને થયું, જો જયાશંકરભાઇ જેવાનો કારમો માર ખાઇને પાંસરો ન થયો એ અમારા મારથી કેવી રીતે થવાનો! આમ મને નાનાઓને મારવાનો વૈરાગ્ય આવ્યો અને એ પાપમાંથી હું ઉગર્યો. આ પછી થોડા જ અરસામાં શાંતિને રાજી રાખવામાં હું સફળ થયો અને રાજીખુશીથી એ સારું કામ આપવા લાગ્યો. એની ફરિયાદ લઇ જવાની મને જરૂર ન રહી.

છોટમ, ભૈયત અને શાંતિ કરતાં જરા યે ઊતરતો ન લેખાય એવો કોયડો હતો નવીનનો. ઉમરમાં એ મારાથી ઝાઝો નાનો ન હતો. પણ સ્વભાવે બહુ કોમળ અને ઢીલો હતો. શરીરે મોટો હોવા છતાં કામમાં છોટા હતો. કામચોર ન હતો; પણ આવડત ઓછી. વારે વારે ઉશ્કેરાઈ જાય અને વગર કારણે આંખોમાંથી ગંગાજમના વહેવડાવવા માંડે. "રોતલ માવડી, ચૂલે તાવડી"નું ગીત ગાઇ અમે તેને વધુ દુઃખી કરતા. એ ભાઇ રોવા લાગે એટલે અમારા કામમાં બેત્રણ કલાકનો ખાંચો સહેજે પડી જાય. ખૂણે ભરાઈને કે બારીએ ચડીને આફરો ઊતરે ત્યાં સુધી રોયા કરે. મનનો ઊભરો શમે પછી પોતાની મેળે મલકાતા અમારી ટોળીમાં આવી મળે અને પોતે શા સારૂ રોયા હતા તેના લાંબા ખુલાસા સંભળાવે. નવીનચંદ્ર ઝાઝી વાતોમાં ઊતરી ન પડે અથવા એને માઠું લાગી ન જાય એવી કાળજીથી અમારે તેમને કામમાં રોકી રાખવા પડતા. એકંદરે સૂના ફીનિક્સમાં અવનવો રસ પૂરનારા ખરેખરા નવીનભાઇ હતા.

નવીન, શાંતિ, છોટમ અને ભૈયન એ ચારે જણને ન્યાય આપવા સારૂ મારે એટલું કહેવું જોઇએ કે તેઓ ફીનિક્સમાં ખરેખર નમાયા નબાપા હતા. બાકીના અમે બધા એક કુટુંબી હતા. મગનકાકા અમારા પિતા સમા હતા અને અમે આપસમાં સગાં ભાંડરૂની પેઠે રહેતા. આ ચાર જણ પ્રત્યે અમારું વર્તન લૂખું હતું તે આજે સ્પષ્ટ દેખાય છે. એ દિવસોમાં યે મને પાછળથી—શાંતિના કિસ્સા પછી—વિચાર આવતો કે એ બાળકોના મોટાભાઈ અમારી ટોળીમાં હોત તો અમે એમના ઉપર એટલા બધા ચડી વાગત ખરા? મગનકાકા જેવા દક્ષ અને સહૃદય તપસ્વીના વાલીપણા નીચે પણ એ નમાયા નબાપા છોકરાઓનું સાચું રખોપું થઇ શક્યું ન હતું. આ અનુભવને કારણે બાળ છાત્રાલયો અને બાળ ગુરુકુળો પ્રત્યે મારા મનમાં સદા યે શંકા રહ્યા કરે છે.

પ્રભુદાસ છ. ગાંધી

દેશના દૂરના ખૂણે રહેલા એક ભરવાડે પહેલવહેલી મોટરને આપોઆપ દોડતી જોઈ. તે આશ્ચર્યથી મૂઢ બની ગયો. પણ થોડી વારે તેની પાછળ એક મોટરસાઇકલ નીકળી ત્યારે બોલી ઊઠયો: 'ઓહો! આવી ગાડીને બચ્ચાં ય હોય છે!'

એક ઠીંગણો વકીલ પોતાના બીજા એક વકીલમિત્ર પાસે પોતાના કાયદાના જ્ઞાન વિષે બડાશ મારી રહ્યો હતો એથી કંટાળીને પેલા મિત્ર બોલ્યા, 'હવે જો વધુ બોલ્યો તો તને ખીસામાં જ નાખી દઇશ.'

'તો તો તારા મગજ કરતાં તારા ખીસામાં કાયદાનું જ્ઞાન વધી જશે.'






પંચતંત્રની વાર્તાઓ

આ સાંભળીને એક પારેવો બોલ્યો, 'આઃ આ કેવી વાત છે? વૃદ્ધનું વચન તો આપત્તિ આવે ત્યારે કરવું, પણ વારંવાર એમ વિચાર કરવા બેસિએ તો ખાધા ભેળા જ ન થવાય.' એટલે બધા કબૂતર ચોખા ઉપર ઉતર્યાં ને જાળમાં બંધાઈ ગયા. પછી જેના કહેવાથી ઉતર્યા હતા તેનો તિરસ્કાર કરવા મંડ્યા, એટલે ચિત્રગ્રીવ કહે, 'કપોતભાઇઓ, એમાં એનો દોષ નથી. હેમનું હરણ હોય નહિ એનું શ્રીરામને યે ધ્યાન રહ્યું નહોતું. હવે તો ધીરજ રાખીને છૂટવાનો ઉપાય વિચારો. આમ કરિએ; બધા એકચિત્ત થઈને જાળ ઊપાડીને ઊડીએ.' એટલે બધાં પારેવાં જાળ ઊપાડીને ઊડચાં. લુબ્ધકે કહ્યું:

સંઘાતે તો હરે છે આ મારી જાળ વિહંગમ।
વિવાદ કરશે જ્યારે મારે વશ થઈ જશે ॥૯॥

એમ કરીને પક્ષી વાંસે દોડ્યો, પણ તે અદૃશ્ય થઈ ગયાં, એટલે નિરાશ થઈને પાછો વળ્યો. પણ પારેવાં પછી શું કરે છે તે જોવાના કૌતુકથી લઘુપતનક એની પાછળ ગયો.

લુબ્ધક ગયો જાણીને ચિત્રગ્રીવ કહે, 'પારાવત-બન્ધુઓ, એ દુરાત્મા હટી ગયો. હવે ગંડકીતીરે આપણો મિત્ર હિરણ્યક નામે ઊંદરરાજ રહે છે ત્યાં ચાલો. એ આપણા બંધ કાપશે.' એટલે બધા મૂષકરાજના સો બારવાળા ભોણ આગળ આવ્યા. હિરણ્યક બહાર આવ્યો ને ચિત્રગ્રીવનો બંધ છેદવા મંડ્યો, પણ ચિત્રગ્રીવે કહ્યું, 'સખે, એમ નહિ. પ્રથમ તો મારા પરિજનના ફાંસા કાપ, પછી મારા.' હિરણ્યક કહે, 'એ તે કયા ગામનો ન્યાય? પહેલાં સ્વામી ને પછી સેવક એ સાચો ક્રમ છે.' ચિત્રગ્રીવ કહે, 'તે હશે.



એનું નામ ફૂહો



લાંબી લાંબી ડોક, અને લાંબા લાંબા પગ
વહાલું એ તો લાગે સૌને રેતીના જ્યાં ઢગ.
રૂપ નથી, રંગ નથી,
જોઇને કદી આંખ ઠરે
એવું એનું અંગ નથી.
વેંત એકની પૂછડી, ને
અડધી વેંતના કાન
મૂઠી જેવડું મોઢું એનું
ચાવે કડવાં પાન.
વાંકી વાંકી ડોક કરે ને વાંકું કરતું મોં,
ઊંચો નીચો ઠેકો કરતું, એનું નામ ફૂહો.

રમણલાલ સોની

પણ આ બાપડા કુટુંબ ત્યજીને આવ્યા છે, તો મારે એટલું તો એનું સંમાન કરવું જોઇએ. વળી કદાચ મારા પાશ કાપતાં તારા કોમળ દાંત તુટી જાય કે વાઘરી આવી પહોંચે તો તો મારો નરકવાસ જ થાય. અને કહ્યું છે:

માંસમૂત્ર પુરીષાસ્થિનિર્મેલું આ કલેવર।
વિનશ્વર જવા દે ને મારું રાખ જ નામ તું॥'
હિ. મિ. ૪૭॥

હિરણ્યક હરખીને બોલ્યો, 'હું સ્વામિધર્મ જાણું છું, પણ મેં તારી પરીક્ષા કરી. એટલે પહેલાં બધાયનો પાશચ્છેદ કરીશ. આવા આશ્રિતવાત્સલ્યથી તારે પણ બહુ કપોતોનો પરિવાર થાય. અને કહ્યું છે:

ભૂતો પર દયા રાખે, ભાગ આપે જ સર્વદા।
આવા વિધિ થકી શકય, ત્રિલોકીનીય નાથતા॥'
પૂર્ણભદ્ર ૨०॥

એમ કરીને એણે જાળ કાપી નાખી, એટલે કપોતરાજ ઘેર ગયો અને હિરણ્યક બોણમાં પેઠો.

જેવા તેવા ભલે મિત્ર પાંચસો તું કર્યા કર।
મૂષકમિત્રથી જો ને કપોતો મુક્ત બન્ધન॥
હિ. મિ. ૫૩॥

સર્વવૃત્તાન્તદર્શી લઘુપતનકે વિચાર્યું: 'અહો, આ હિરણ્યકની કેવી બુદ્ધિ, શક્તિ અને દુર્ગસામગ્રી છે! એટલે જો કે હું ચંચલ પ્રકૃતિનો છું, કોઇનો વિશ્વાસ કરતો નથી ને કોઈથી છેતર્યો જાઉં એવો નથી, તો પણ હું યે એની હારે પ્રીત કરું.' એમ કરીને એણે હિરણ્યકના બોણ આગળ જઈને એને બોલાવ્યો. હિરણ્યક કહે, 'તું કોણ છે?' વાયસ કહે, 'હું લઘુપતનક નામે કાગડો છું, ને તારી હારે મિત્રતા ઇચ્છું છું.' હિરણ્યક કહે, 'તારી હારે મૈત્રી કેવી?

હું ભોજન તમે ભોક્તા પ્રીત કેમ કરી બને।

વળી

ભક્ષ્યભક્ષ્યકની પ્રીતિ વિપત્તિનું જ કારણ।
શિઆળે જે ફસાવ્યો તે મૃગ કાકે બચાવિયો॥
હિ. મિ. ૫૫॥

કાગડો કહે, 'એ કેમ?' હિરણ્યક કહે છે:

કથા ૨ *

મગધદેશમાં ચમ્પકવતી નામે અરણ્ય છે, તેમાં હરણ ને કાગડો બે સ્નેહી રહેતા હતા. હરણ હૃષ્ટપુષ્ટ હતો, એને કોઇ શિઆળે સ્વેચ્છાએ ભમતો જોયો, ને વિચાર્યું: 'આઃ આનું સુલલિત માંસ કેમ કરીને ખાઉં! ઠીક છે, વિશ્વાસ તો ઉપજાવું.' એમ કરીને એ પાસે આવ્યો ને બોલ્યો, 'મિત્ર, છે તો કુશળ ને?' મૃગ કહે, 'તું કોણ છે?' તે બોલ્યો, 'હું ક્ષુદ્રબુદ્ધિ નામે શિઆળ છું, ને બન્ધુ વિના મરેલા જેવો આ વનમાં રહું છું. પણ હવે તું મિત્ર મળ્યો એટલે પાછો સબન્ધુ થઈને જીવલોકમાં પેઠો છું ને તારો દાસ છું.' હરણ કહે, ભલે. સાંઝે બેય જણ મૃગને ઘેર ગયા. ત્યાં ચંપકની શાખા ઉપર સુબુદ્ધિ નામે કાગડો હરણનો ચિરમિત્ર રહેતો હતો, તેણે આ બેને જોઈને કહ્યું, 'સખે ચિત્રાંગ, આ બીજું કોણ?' મૃગ કહે, 'આ શિઆળ છે ને આપણી મિત્રતા ઇચ્છતો આવ્યો છે.' કાગડો કહે, 'મિત્ર, અકસ્માત આવી ચડે એની હારે મૈત્રી કરવી એ અજુકતું છે. તથા કહ્યું છે:

કુલશીલ ન જાણો તો દિઓ વાસ ન કોઇને।
જરદ્ગવ મુઓ ગીધ બિલાડાના જ પાપમાં॥
હિ. મિ. ૫૬।

તે બે બોલ્યા, 'એ કેમ?' કાગડો કહે:

(ચાલુ) **દેસાઈ વાલજી ગોવિન્દજી**

* હિતોપદેશની.

સંસારનાં શહેરો

૧૪–નાલંદ

ભારતનું મુખ્ય વિદ્યાધામ તક્ષશિલા (જુઓ કુમાર અંક ૧૯૧નો આવિભાગ) પાંચમી સદીમાં પતન પામ્યું ત્યારે આક્રમક હૂણોનાં ધાડાંથી બચવા અનેક બૌદ્ધ વિદ્વાનોએ એવા જ બીજા એક ઊગતા વિદ્યાધામનો આશરો લીધો. એ આતતાયીઓથી એમને બચાવનાર એ વિદ્યાધામ તે નાલંદ. ઈસ્ટ ઇંડીઅન રેલવેના બખ્તિયારપુર જંકશનથી ૨૬ માઇલ પર આવેલા નાલંદ સ્ટેશનથી એક માઇલના અંતરે આવેલા બડગામ મુકામે હાલમાં જ એના અવશેષો ખોદાયા.

એ પ્રાક્કાલીન નાલંદ ભગવાન બુદ્ધનાં પગલે પુનિત બન્યું હતું. એમનો મુખ્ય શિષ્ય સારિપુત્ર પણ ત્યાંનો જ રહેવાસી હતો. છતાં સમ્રાટ અશોકના સમય સુધી નાલંદની બહુ ખ્યાતિ નહોતી. એ પછી ધીમે ધીમે એ પ્રકાશમાં આવવા લાગ્યું. તિબેટના ઈતિહાસકાર તારાનાથના કહેવા પ્રમાણે સમ્રાટ અશોકે તે સ્થાપેલું, પરંતુ એ કથનને બીજાં પ્રમાણો મળતાં નથી. બૌદ્ધ ભિક્ષુઓ માટે બધાં મળી ૮૪૦૦૦ મઠ બાંધનાર અશોકે ત્યાં પણ એક મઠ બંધાવ્યો હોય એ સંભવિત છે. ઇ. ૪૦૦માં હિંદ આવેલા ચીના યાત્રી ફાહિયાનનાં લખાણોમાં પણ નાલંદનો કશો ઉલ્લેખ નથી.

પરંતુ માત્ર ૨૯ વર્ષની વયે ચીનમાં સંમાન્ય વિદ્વાન ગણાઇ ચૂકેલો શ્યેનચંગ જ્યારે ઇ. ૬૩૫માં ભારત આવ્યો ત્યારે તો નાલંદ પોતાના કીર્તિશિખરે પહોંચ્યું હતું. એ પોતે નાલંદની વિદ્યામત્તાની કીર્તિ સાંભળીને જ ત્યાંના કુલપતિ શીલભદ્ર પાસે યોગવિદ્યા શીખવા આવ્યો હતો. આ શીલભદ્ર બંગાળના એક રાજાના પુત્ર હોવા છતાં તેમણે શારદોપાસનાને જ જીવન ધન્યતા માની હતી ને અભ્યાસે કરી સર્વ વિદ્યાઓમાં પારંગત બન્યા હતા.

શ્યેનચંગના વખતમાં ૧૦૦ ગામડાંની આવકથી નાલંદ પોષાતું. શ્યેનચંગ અહીં રહીને ૬૫૭ ગ્રંથોની નકલો ઉતારી ગએલો અને ઇ. ૬૬૪માં પોતાના અવસાન સુધીમાં ૭૪ ગ્રંથોનો એણે ચીની ભાષામાં અનુવાદ કર્યો હતો. કુમારગુપ્ત પહેલાએ તથા હર્ષવર્ધને પણ આ વિદ્યાપીઠનો ખૂબ પુરસ્કાર કર્યો હતો. શ્યેનચંગ પછી ઇ. ૬૭૫માં આવેલા બીજા ચીના યાત્રી ઈત્સિંગના સમયમાં પણ નાલંદ એવું જ જાહોજલાલ હતું. એના લખવા પ્રમાણે એની બાંધણી ચોરસ આકારની હતી તથા તેને ત્રણ ત્રણ મજલાના ચાર તોતીંગ દરવાજા હતા.


શીલભદ્ર, ગુણમતિ, સ્થિરમતિ જેવા વિદ્વાનો વડે નાલંદ આખા ભારતમાં તો શું પણ આખા એશિયામાં વિખ્યાત બની ચૂક્યું હતું. શ્યેનચંગના વખતમાં તેની આબાદી ૧૦૦૦૦ની હતી, જેમાં ૮૫૦૦ શિષ્યો અને ૧૫૦૦ શિક્ષકો હતા. આમ દરેક છ શિષ્ય પાછળ એક શિક્ષક રોકાતો હોવાથી દરેક વિદ્યાર્થી પાછળ વ્યક્તિગત લક્ષ આપી શકાતું. પરંતુ એનો પ્રવેશ સહેલો ન હતો. દાખલ થવા ઇચ્છનારને દ્વારપંડિત જોડે શાસ્ત્રાર્થ કર્યા પછી જ અંદર દાખલ કરવામાં આવતો. અને એ શાસ્ત્રાર્થમાં સેંકડે માંડ વીસ ટકા પાસ થતા. શિક્ષણ વિનામૂલ્યે અપાતું એટલું જ નહિ પણ શિક્ષણને જરૂરી વસ્તુઓ પણ મફત પૂરી પાડવામાં આવતી. કાશ્મીર, ગાંધાર, તિબેટ, ચીન, મંગોલિયા, કોરિયા વગેરે દેશોના વિદ્યાર્થીઓ અનેક કષ્ટો વેઠી અહીં આવતા ને સ્નાતક થઇ પાછા ફરતા.

પ્રાથમિક અને ઉચ્ચ એ બે વર્ગોમાં નાલંદની શિક્ષાપ્રણાલી વહેંચાએલી. પ્રાથમિકમાં વ્યાકરણ, વૈદક, હેતુવિદ્યા (Logic), અભિધર્મ તથા જાતકકથાઓનું શિક્ષણ અપાતું. ઉચ્ચ કક્ષામાં બૌદ્ધ ધર્મના એ વખતના અઢારે અઢાર સંપ્રદાયો ઉપરાંત વિજ્ઞાન, શિલ્પ, ગણિત, જ્યોતિષ, શબ્દવિદ્યા (Linguistics), યોગ વગેરે શિખવાતાં;


નાલંદની નગરરચના દર્શાવતું ખોદકામનું દશ્ય


ખોદકામ કરતાં નીકળેલા એક સ્તૂપના અવશેષો





નાલંદના સમયમાં હિંદનાં સ્થાપત્ય અને શિલ્પ કેટલાં ઉચ્ચ કોટિનાં હતાં તે ત્યાંથી નીકળેલી આ મૂર્તિઓ દર્શાવે છે.

એટલું જ નહિ પણ બ્રાહ્મણોનાં વેદ, શાસ્ત્ર, દર્શન વગેરેનું પણ શિક્ષણ અપાતું. શિક્ષણ પાલી તથા સંસ્કૃતમાં અપાતું, પરંતુ વિદેશથી આવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષકો વિદેશી ભાષા પણ શીખી લેતા. એનું વિશાળ પુસ્તકાલય 'ધર્મગંજ' નામે ઓળખાતું અને તેના રત્નસાગર, રત્નોદધિ તથા રત્નરંજક એ ત્રણ વિભાગો હતા.

સાતમી અને આઠમી સદીમાં નાલંદનો વૈભવ જેવો ને તેવો રહ્યો, પરંતુ નવમી સદીમાં પાલવંશી રાજાઓએ વિક્રમશીલા નામનું નવું વિદ્યાલય ઊભું કર્યું. અને ધીમે ધીમે તે નાલંદનું હરીફ બનતું ગયું. હિન્દુ ધર્મના આ જાગૃતિકાળમાં બૌદ્ધ ધર્મ સાથે તેના આ મહાન વિદ્યાધામ નાલંદનો યે વિરોધ થવા લાગ્યો. જો કે એ એકલા બૌદ્ધ ધર્મનું કદી હતું જ નહિ, અને તાજેતરમાં તેના અવશેષોમાંથી પણ બોધિસત્ત્વ, હારિતિ, તારા વગેરેની ઉપરાંત તાંત્રિક તથા પૌરાણિક મૂર્તિઓ પણ મળી આવી છે.

આમ છતાં દસમી અગિયારમી સદી સુધી નાલંદ જેમતેમ ટકી રહ્યું, પરંતુ બારમી સદીમાં ધર્માંધ મુસલમાનોનાં ધાડાં સાથે ચડી આવેલા મુહંમદ બિન બખ્તિયારે ઇ. ૧૧૯૮માં મગધનો ધ્વંસ કર્યો એ સાથે નાલંદનો યે નાશ કર્યો. મુસલમાન ઈતિહાસકાર મિનહાજ લખે છે, 'મુહંમદે આ સ્થાનનો કબજો કરી લીધો. લૂંટમાં ખૂબ માલ મળ્યો. અહીંના અધિકતર નિવાસીઓ બ્રાહ્મણો (બૌદ્ધ ભિક્ષુઓ) હતા, જેમનું માથું મૂંડેલું હતું. એ બધાને કાપી નાખવામાં આવ્યા ને બધાં પુસ્તકોને સળગાવી દેવામાં આવ્યાં.'

નિસર્ગની નેહનજરે વરદાએલું આ નાલંદ પાંચ મુખ્ય સંઘારામો ઉપરાંત અનેક મંદિર, ચૈત્ય, સ્તૂપ, મૂર્તિઓ વગેરે ધરાવતું. શ્યેનચંગ એનું વર્ણન આપે છે, કે 'નિર્મલ જલનાં ઊંડાં સરોવરોમાં નીલકમલો ખીલતાં અને આમ્રકુંજોની સઘન છાયા તેમાં પડતી . . . જ્યોતિષશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટેનું માનમંદિર (વેધશાળા=Observatory) એટલું ઊંચું હતું કે વાદળાંમાં અદૃશ્ય થઇ જતું દેખાતું. . . ભારતમાં વિહારો તો સહસ્રો છે, પરંતુ ઉચ્ચતા, સંપન્નતા ને વિશાળતામાં આ નાલંદ અદ્વિતીય જ છે.'

પરંતુ એના ભૌતિક વૈભવ કરતાં યે નાલંદનો અવિસ્મરણીય વિજય એ છે કે ભારતના સીમાડા ભારત બહાર એણે વિસ્તાર્યા. મત, સંપ્રદાય, જાતિ વગેરે બધાંથી પર રહી વિદ્યાર્જન કરવા આવનારા તમામને એણે જ્ઞાનની ઉપાસના અને નિઃસ્વાર્થ પ્રેમની દીક્ષા આપી. એટલું જ નહિ પણ સત્ય અને જ્ઞાન એ કોઇ દેશવિશેષનો ઇજારો નથી એ બરાબર ધ્યાનમાં રાખીને આજનાં નિર્માલ્ય વિદ્યાધામોની પેઠે વિદ્યાને જાતીય ને રાજનૈતિક સ્વાર્થોની દાસી એણે કદી નહોતી બનાવી, જે ઉદાહરણ આજે યે અનુકરણીય છે.

મોટા માણસોની નાની વાતો

પ્રખ્યાત નાટકકાર વિલાર્ડ મૅક એક વખત બહુ તંગીમાં આવી પડતાં તેણે એક નાટકકંપનીના માલિકને પોતે એક નવું નાટક તૈયાર કર્યું હોઇ તેને લેવાની જરૂર હોય તો જણાવવાનું કહ્યું. નાટક કંપનીના માલિકે જણાવ્યું, 'હમણાં જ લઇ આવો, તો અત્યારે કંઇ ખાસ કામ ન હોઇ તે વાંચી નાખીએ.'

વિલાર્ડ હવે મુંઝાયો. નાટકનો એકે અક્ષર એણે લખ્યો નહોતો. છતાં કોરા કાગળનો એક થોકડો બગલમાં દબાવી એ ગયો ને નાટકકંપનીના માલિકની સામેના ટેબલના ખૂણે બેસી, પોતે જે રીતે એ નાટક લખવા ધારેલું એ રીતે પ્રવેશવાર મનમાં ગોઠવતો જતો તે બોલતો ગયો. માલિકને નાટક પસંદ પડ્યું એટલે એણે થોડાક સુધારાવધારા કરી થોડા દિવસમાં મોકલાવી આપવાનું કહ્યું.

આ પ્રખ્યાત નાટકનું નામ 'The Dove'.

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

પ્રિય વિનુ, ૨૧ ઑક્ટોબર, ૧૯૩૯

આજે તારી તરફથી ફાંકડો પત્ર મળ્યો. ઉપકાર. તારા દેશનો વાવટો, અને પ્રધાનમંડળને ગાંધીએ આપેલો સંદેશ અને લીલાં ચિહ્નો બધાં માટે પણ ઉપકાર. મને બધું બહુ જ ગમ્યું છે. Slang (મર્મ) એટલે નફટ (Vulgar) ભાષા નહિ, પણ ધોરણ બહારની (informal). અને ખરેખરી અંગ્રેજી ભાષા તો ન જ કહેવાય. પણ હવે તો દરેક જણ વાપરે છે. 'Bang a weed' એટલે 'smoke a cigarrete', 'O. K.' એટલે 'all right' આ બધા slangના પ્રકારો છે. 'I am broke' કહો એટલે ખર્ચી ખૂટી છે. Dough એટલે પૈસા-સ્લદાર. 'Hot Dog' એટલે 'Hurrah'.

વૅકેશન પછી નિશાળ બરોબર ચાલી છે. દોઢ મહિનો થઈ ગયો. મારા વિષયો અંગ્રેજી, ફ્રેંચ, બૅન્ડ, ટાઇપ રાઇટિંગ અને અમેરિકન ઇતિહાસ છે. આ વર્ષ એટલે સ્કુલના નવ માસમાં રોજના ૮-૩૦થી બપોરના બાર સુધી અને ૧-૩૦થી સાંજે ૬-૩૦ સુધી હાજરી હોય છે. હું તારા પત્રમાં લખેલા Time of confinementનો અર્થ સમજ્યો નથી તે માટે દિલગીર છું.

તમારા રાજા આવ્યા તે વખતની યુનાઇટેડ સ્ટેટ્સની કોઈ સ્ટાંપ મારા જાણવામાં નથી. કૅનેડિયન ટિકિટો પર તેમનાં ચિત્રો હતાં, તેમાંની એક મોકલું છું. હું કવર ઉપર પનામા નહેરની ટિકિટ ચોડવાનો છું. અંદર બીજી પણ કેટલીક મોકલું છું. મને તારે કેટલીક હિંદની મોકલવી.

ઉપરાંત એક sticker (જાહેર ખબરની ટિકિટ) મોકલું છું. તે વાલ્લાવાલ્લાની એક માંસ વેચનાર કંપનીની છે.

મને ગઈ કાલે પૅલેસ્ટાઇનના એક મિત્રનો પત્ર મળ્યો છે. તારે જો તેના પર લખવું હોય તો આ રહ્યું તેનું સરનામું: Nur Nur Siman, Acre Bassa (Palestine).

તેણે મોકલેલું પોસ્ટકાર્ડ તો સરકારી ખાતાએ રાખી લીધું છે અને નોંધ મૂકી છે કે પરદેશ મોકલાતાં પિક્ચર પોસ્ટકાર્ડો સેન્સોર ખાતાએ અટકાવ્યાં છે. કાર્ડ એટલે બધું જ—ફોટોગ્રાફ, અભિનંદનપત્રો અને ચિત્રોવાળું કંઈ પણ. હું ફક્ત દેખાવોનાં ચિત્રો મોકલું છું; પણ તમારા સેન્સોર સાહેબો પહોંચવા દેશે કે નહિ તે કોણ જાણે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં હવે શિકારની મોસમ ઉઘડી છે. દરેક જાનવરના શિકાર માટે લાયસન્સ ફી છે. તે રીતે મેળવેલા પૈસા રખેવાળોનાં ખર્ચ અને જાનવરના ઉછેરમાં વપરાય છે. લાયસન્સ કાયદાનો કોઇ ભંગ કરે તો ૧૦થી ૧૫૦ ડૉલર સુધીનો દંડ ચોંટે.

બીજા પત્ર જોડે મારો પોતાનો ફોટો મોકલીશ. હિંદી વર્તમાનપત્ર મોકલજે—જો છૂટ હોય તો.

અમારે ત્યાં દારૂબંધી થઇ જાય એવું હું ચાહું છું. દારૂ વેચાણ જેવું નુકસાન તેથી દેશને થવાનું નથી; પણ નવો પ્રેસિડેન્ટ આવે નહિ ત્યાં સુધી એ બને નહિ.

તમારા વતન પાટણમાં ભાર કે વાહન ખેંચવાને હાથીઓનો ઉપયોગ થાય છે ખરો? હિંદુસ્તાનનાં ઘણાંખરાં ચિત્રોમાં એવું હોય છે. હું હિંદુસ્તાન જોવા આવવા અને તને મળવા ઈચ્છું છું; પણ એવો પ્રવાસ ખેડવાને પૈસા નથી. પણ થોડાં વર્ષોમાં એવું બને કે આપણામાંનો એક બીજાને મળવા પામે.

હું અમારી પૂર્વનાં જૂનાં શહેરો વિષે કંઈ કહી શકતો નથી. વધારેમાં વધારે સૉલ્ટ લેઈક સિટી સુધી હું જઈ આવ્યો છું. તેં એ સરોવર વિષે જાણ્યું તો હશે કે એ એટલું ખારૂં છે કે તેમાં આપણે ડૂબી શકીએ જ નહિ. ઇ. ૧૯૩૬ના ઉનાળામાં હું તેમાં તર્યો હતો. દરિયા કરતાં યે છગણું તેનું પાણી ખારાશમાં વધે છે. હું મારી બગલથી વધારે તેમાં ડૂબી શક્યો જ નહિ!

યુરોપમાં તો બીજું મહાયુદ્ધ ફાટી નીકળ્યું છે. અમારી સરકાર તટસ્થ રહેવા મથી રહી છે. પણ અમારી એકંદર સહાનુભૂતિ બ્રિટિશ અને ફ્રેંચ તરફ જ છે. મારૂં માનવું છે કે આ મિત્ર રાજ્યો છેવટે જીતશે. અહીં લોકો વાતો કરે છે કે આપણે મિત્રરાજ્યોને એ માટે મદદ કરવા ધારીએ છીએ કે કદિ હિટલર તેમના પર જીત મેળવે તો પછી આપણી ઉપર પણ આવે. મને તો એ સાંભળી હસવું જ આવે છે. કેમકે અમેરિકાને જીતવું સહેલું નથી પડવું. એટલો મોટો અને વસતીવાળો આ દેશ છે અને વધુમાં દક્ષિણ અમેરિકાના પ્રાંતો પણ અમારી સાથમાં જ ઊભા રહે. એક પ્રવાસ-પ્રકાશનમાંથી કાપલીઓ મોકલું છું. સાનફ્રાન્સિસ્કો અને વિશ્વમેળાની પણ સાથે છે. તને ગમશે જ.

યુદ્ધને લઇને એવું બને કે આપણા પત્રો ગુમ થવા પામે. અઢી કે ત્રણ માસમાં તારા પત્રનો જવાબ ન મળે તો બીજો લખી નાખજે. હું પણ એમ જ કરીશ.

મારી ભાષા-ભૂલો જતી કરજે. જલ્દી લખજે.

તારો અમેરિકન મિત્ર Ted Rich

તા. ક. તું માંસ મુદ્દલ ખાતો નથી એ જાણી મને ઘણો અચંબો થાય છે. હિંદુસ્તાનમાં કોઈ જ માંસ ખાતું નથી? અમેરિકન કુટુંબો મોટે ભાગે દિવસમાં એકવાર માંસ ખાય છે. અને પહોંચતાં હોય તે બેવાર. —ટેડ

આ મહિનો (ઑક્ટોબર) ઈતિહાસમાં

તા. ૧ દોસ્તમહમ્મદના વંશજોપાસેથી અફઘાનિસ્તાનની રાજગાદી છીનવી લઈ હેન્રી દુરાંડ સાથે સરહદના પ્રશ્નનો પણ યોગ્ય નિકાલ આણી બ્રિટનની મૈત્રિ સંપાદન કરનાર મહાન અફઘાન અમીર અબ્દુર્રહેમાનનું અવસાન-ઇ. ૧૯૦૧ ** બ્રિટિશ અને અરબ સંયુક્ત લશ્કરની સહાયે જનરલ ઍલેન્બીએ તુર્કી પાસેથી દમાસ્કસ જીતી લીધું -ઇ. ૧૯૧૮

તા. ૧૪ અમેરિકાનાં હાલનાં સંયુક્ત સંસ્થાનોમાંનું પેનસિલવાનિયાસંસ્થાન સ્થાપનાર વિલિયમ પેનનો જન્મ -ઇ. ૧૬૪૪. એણે એને સિલવાનિયા (વનભૂમિ) નામ આપ્યું હતું; પણ પાછળથી ઇંગ્લંડના રાજા ચાર્લ્સ બીજાએ પેનનું નામ તે સાથે જોડી દઈ પેનસિલવાનિયા નામ આપ્યું. પેનનો ધાર્મિક મતપંથ ક્વેકર હોવાને લીધે તેને ખૂબ વિટંબણાઓ સહન કરવી પડેલી અને અનેક વાર જેલમાં જવું પડેલું. ઈ.૧૭૧૮માં તેનું અવસાન થયું.

તા. ૧૪ આયર્લૅંડની સ્વાતંત્ર્યની લડતના સેનાની ને નવા રાષ્ટ્ર 'આયર'ના સર્જક એમન દ વૅલેરાનો ન્યૂ યૉર્ક મુકામે જન્મ-ઈ. ૧૮૮૨

તા. ૨૧ ડાયનેમાઈટના શોધક અને નોબલ પુરસ્કારના સ્થાપક આલફ્રેડ નોબલનો સ્વીડનમાં સ્ટૉકહોમ મુકામે જન્મ-ઇ. ૧૮૩૩

તા. ૨૭ અંગ્રેજ નાવિક અને શોધસફરી કૅપ્ટન જેમ્સ કૂકનો જન્મ-ઈ. ૧૭૨૮. એ ઈ. ૧૭૭૯ના જાન્યુઆરીની ૧૭મીએ હવાઇ ટાપુના વતનીઓ જોડે લડતાં લડતાં માર્યો ગયો.

તા. ૨૯ મુસ્તફા કમાલે ખિલાફત ને સુલતાનપદ રદ કરીને તુર્કીને પ્રજાસત્તાક જાહેર કર્યું-ઇ. ૧૯૨૩

તા. ૩૦ રશિયાના પહેલા વાસ્તવવાદી મહાન નવલકથાકાર ફીઓડૉર મિખાઇલોવિચ ડૉસ્ટૉયેવ્સ્કીનો મૉસ્કો મુકામે જન્મ-ઈ. ૧૮૨૧.



આ માસની વિભૂતિ
કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

ઇ. ૧૮૫૭ના ઑક્ટોબરની ૧૧મીએ સુરત મુકામે જન્મ. પાંચછની વયે 'તાડને બહવો ગુણાઃ'ના અનુયાયી ઇચ્છારામ મહેતાજીની એકડિયા નિશાળમાં બેઠા અને 'વેંગણ યુદ્ધ' ને 'વાંસડા યુદ્ધ' ચલાવતાં ચલાવતાં બારની વયે સાતમી ચોપડી પૂરી કરી. એથી આગળ અંગ્રેજી ભણાવવાનો પિતાનો વિચાર કાચો હોવાથી ભણતરમાં વચ્ચે એક વર્ષ એમ ને એમ નીકળી ગયું, પણ આખરે પિતાને સમજાવવામાં તે સફળ થયા ને ગાડું આગળ ચાલ્યું.

ઇ. ૧૮૭૫માં મૅટ્રિક પસાર કરી મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા, ને ૧૮૭૯માં બી. એ. થયા. પરંતુ કેવળ શિષ્યવૃત્તિઓ પર ચાલતું એમનું શિક્ષણનું ગાડું ત્યાંથી તો સાવ અટકી પડયું; અને પૈસાના અભાવે, આગળ અભ્યાસની ઘણી ગરજ અને બુદ્ધિબળ પણ હોવા છતાં કેળવણીખાતામાં નોકરી લેવી પડી.

જુદી જુદી શિક્ષણ વિષયક નોકરીઓ પછી ઇ. ૧૮૯૧માં એલ્ફીન્સ્ટન કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર નિમાયા જે પદ મેળવનાર એ પહેલા ગુજરાતી.

ઈ. ૧૮૯૭માં મુંબાઈ યુનિવર્સિટીના ફેલો નિમાયા. ઇ. ૧૯૦૨માં એ સ્થાન છોડી અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજનું પ્રિન્સિપાલ પદ સ્વીકાર્યું. એ જ સાલથી 'ગુજરાત શાળાપત્ર'નું સંપાદકત્વ પણ સંભાળ્યું અને 'માસ'ના શીર્ષક નીચે તેમાં વ્યાકરણ, ભાષા, કાવ્યશાસ્ત્ર. ન્યાયશાસ્ત્ર, માનસશાસ્ત્ર, પ્રાકૃત ભાષા, કેળવણી વગેરે અનેકવિધ વિષયો ઉપર લેખો લખવા માંડયા.

આ બહુશ્રુતતાનું કારણ એમનો જ્ઞાન તરફનો સ્વયંભૂ પ્રેમ હતો, જે આજીવન ચાલુ રહ્યો હતો. ઉદ્યોગ, ખંત ને પ્રમાણિકપણું એમના જીવનમાં વણાએલાં હતાં. સંસ્કૃતના એમના જ્ઞાનની ડૉ. ભાંડારકર સુદ્ધાં પ્રશંસા કરતા. મુંબાઈ તથા પંજાબ યુનિવર્સિટીમાં એ સંસ્કૃતના પરીક્ષકનું કામ કરતા. થોડો વખત ઉત્તર વિભાગના ઍક્ટિંગ એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર તરીકે પણ કામ કરેલું.

ઈ.૧૯૧૪માં એ નિવૃત્ત થયા. એમની સેવાઓ ખ્યાલમાં લઇ સરકારે એમને 'રાવ બહાદુર'નો ઇલકાબ આપેલો. ગુજરાતે પણ ૧૯૨૪માં સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે આણી એમનું બહુમાન કર્યું હતું.

ઈ. ૧૯૨૫માં એ અવસાન પામ્યા.

સંસ્કૃત ગ્રંથોનું શાસ્ત્રીય પદ્ધતિએ સરસ સંપાદન કરી ગએલા એ વિદ્વાને 'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ' લખીને ગુજરાતી ભાષાની પણ અવિસ્મરણીય સેવા બજાવી છે. ભાષાશુદ્ધિ અને જોડણીના એકસરખા ધોરણના એ સદા પક્ષપાતી હતા. પ્રતાપી વિદ્વાન સાથે પ્રભાવશાળી શિક્ષક અને નિષ્ણાત કેળવણીકાર પણ એ હતા અને એમની યોજેલી 'ત્રિવેદી વાચનમાળા' તેનો પુરાવો છે. સ્વ. હીરાલાલ પારેખે લખ્યું છે તેમ, 'સાચા અને અનુભવી શિક્ષક તરીકેનું માનસ પ્રસ્તુત વાચનમાળામાં તેમ એમના કેળવણી વિષયક અન્ય લેખોમાં નજરે પડે છે, અને એ જ એમનું સાચું સ્મારક છે'



માધુકરી

મારી સાધના

છે સ્વપ્નાની મુજ આ વસુંધરા
ને સ્વપ્નોટા જ મરુદ્રાગો બધા,
જ્યાં આગળે કિંચિત યે 'અહમ્' નહીં
મારૂં મહા મંદિર એ જ છે સદા;
ત્યાં પ્રાર્થું હું મૌન રહી સુચિંતને:
અંતર્યંગાનું તપ એ છ સાધના.

—અશોક હર્ષ

મહાન હિંદી ને મર્દ ખલાસી

કાન્હોજી આંગ્રે

હબસી ચાંચીઆઓના આક્રમણો સામે પોતાના દરિયાઇ પ્રાંતોનો કિનારો સુરક્ષિત રાખવા માટે શિવાજીને નૌકાદળની અગત્ય અનિવાર્ય જણાઇ અને જંજીરાના સીદી ડાકુઓનો મુકાબલો કરવા પેન, પનવેલ, કલ્યાણ, ભીવંડી વગેરે મુકામે વહાણોનું બાંધકામ શરૂ થયું. પરંતુ શિવાજીની એ અગમચેતી શંભાજીમાં ન ઊતરી અને એના અમલ દરમિયાન સીદી ચાંચીઆ મરાઠી નૌકાદળ પર થાપ મારવા લાગ્યા.

એ વખતે શિવાજીના નૌકાદળના ખલાસી તુકોજી સંખપાળનો પુત્ર કાન્હોજી આંગ્રે આગળ આવ્યો. સીદીઓ સામે સુવર્ણદુર્ગનું તેણે બહાદુરીપૂર્વક રક્ષણ કરવાથી તેને સિદોજી ગુજરના હાથ નીચે બીજા જ નંબરનો અધિકારી નીમવામાં આવ્યો. ૧૬૯૮માં સિદોજીનું મરણ થતાં રાજારામે કાન્હોજીને નૌનાયકના પદે મૂકયો.

પરંતુ કાન્હોજી નૌનાયકના પદે આવ્યો ત્યાં સુધીમાં મહારાષ્ટ્રીય ઐક્ય કથળી ગયું હતું. ઈ. ૧૬૮૯માં થએલા શંભાજીના મરણ પછી જે હતાશ પરિસ્થિતિ ઊભી થએલી તેનો લાભ લઇને સીદી લોકોએ મરાઠાનો મુલક પડાવવા માંડયો. કાન્હોજીને એ ખોવાએલો બધો મુલક પાછો મેળવી મરાઠા સાર્વભૌમત્વ સ્થાપવું હતું. પરંતુ એના એ આદર્શ સામે એકલા સીદીઓ જ નહિ, પરંતુ પોર્ટુગીઝ, અંગ્રેજ વગેરે યુરોપથી અહીં ઊતરેલા ગોરા ચાંચીઆઓની પણ આડખીલી ઊભી થઇ હતી.

છતાં કાન્હોજી જેવો આદર્શનિષ્ઠ અને સમર્થ માણસ આવી આડખીલીઓથી હા-તમા હતો. પહેલવહેલો એણે જંજીરાના સીદીને હાથ બતાવ્યો, ને એની પાસેથી કોલાબા, ખંદેરી અને સંગરગઢની મહેસુલનો ⅔ હિસ્સો તથા ચેઉલની મહેસુલનો થોડો હિસ્સો કબૂલ કરાવ્યો. અને પછી ફર્યો એ પશ્ચિમના લુંટારાઓ તરફ. કાલિકટથી છ અંગ્રેજોને લઈ નીકળેલા એક જહાજને એણે ૧૭૦૨માં પકડી લીધું. અંગ્રેજોએ ડકાવેલા બ્રિગરાણને કશી જ દાદ એણે ન આપી. ૧૭૦૭માં 'બૉમ્બે ફ્રિગેટ'ના એણે ફુરચા ઉડાડી દીધા. ૧૭૧૦માં એક ડચ જહાજ કબજે કર્યું અને ૧૭૧૧માં તો ખુદ મુંબાઇના ગવર્નરની સશસ્ત્ર યાટ એણે કબજે કરી લીધી. મરાઠી રાજકારણમાં શાહુ અને તારાબાઈ વચ્ચે પડેલા બે પક્ષમાં થોડો વખત તો તારાબાઇના પક્ષમાં એ ભળેલો, પણ પછી પેશવા બાલાજી વિશ્વનાથના સમજાવવાથી તેણે શાહુનો પક્ષ લીધો. ઈ. ૧૭૧૪માં બંને પક્ષો વચ્ચે સંધિ થતાં કાન્હોજીને મરાઠી નૌદળનો કુલ સત્તાધીશ નીમવામાં આવ્યો. એ નિમણૂક પછી સીદી પાસેથી પુષ્કળ મુલક એણે પાછો મેળવ્યો.

એ નિમણૂકથી માંડીને ઇ. ૧૭૨૯માં થએલા તેના મૃત્યુ સુધી મરાઠી સામ્રાજ્યને વફાદાર રહી પશ્ચિમ કિનારા પર પાશ્ચાત્ય લૂંટારાઓ સામે એણે આતંક ફેલાવી દીધો. ૧૭૧૮માં ત્રણ અંગ્રેજ વેપારીઓને પકડતાં અંગ્રેજોએ કાન્હોજી સામે લડાઈ જાહેર કરી તેનું એક વહાણ કબજે કર્યું. તેમનો ઈરાદો તો તેના મુખ્ય મથક વિજયદુર્ગને હાથ કરવાનો હતો. પરંતુ ત્યાંની ઊંચી કાળમીંઢ કરાડો ને સાગરનું તુફાન વિજયદુર્ગને બખ્તર જેવું સંરક્ષણ આપતાં હતાં. ઉલટું દુર્ગમાંથી થતા મારાથી અંગ્રેજોનો

ધાણ નીકળવા લાગ્યો. અંગ્રેજો ત્યાંથી નાસી ખંડેરી ગયા. પરંતુ ત્યાંથી યે ન ફાવ્યા. એમનું નિશાન દરિયા પર જ પડતું, જ્યારે મરાઠાઓનું નિશાન એમની છાતીએ આવી ચોંટતું. એટલે ત્યાંથી પણ નાસી મુંબઇ ગયા ને ત્યાંથી પાછો વિજયદુર્ગ પર હલ્લો લાવ્યા પરંતુ એમાં એમની નિષ્ફળતા જ પૂરવાર થઇ.

પરંતુ અંગ્રેજો જેવી ગુમાની પ્રજા પોતાનું આવું અપમાન કયાંથી સહન કરી શકે? પોર્ટુગીઝો પણ કાન્હોજી પર એટલા જ કોપાયમાન થયા હતા. અંગ્રેજોએ એમને સાધ્યા અને બંનેએ ૧૭૨૧માં સમજુતી કરી કોલાબા પર હલ્લો કરવાનું નક્કી કર્યું. પોર્ટુગીઝોએ રક્ષણાત્મક જવાબદારી ઉપાડી અને અંગ્રેજોએ આક્રમણાત્મક. પરંતુ પોર્ટુગીઝોને પેશવા બાજીરાવે પાછળથી આવીને એવા ઘેરી લીધા કે તેમનાથી ચસકાય પણ નહિ. જ્યારે આ બાજુ અટલા પડેલા અંગ્રેજો પર પથરા ને દારૂગોળાનો મારો ચાલુ થયો. આવી હીણપતભરી હાર યુરોપની એ બે પ્રજાઓને હિંદુસ્તાનની ભૂમિ સિવાય બીજે કરી કદાચ નહિ મળી હોય.

આ મહાન હિંદી ને મર્દ ખલાસીનો ઇ. ૧૭૨૯માં દેહાંત થયો, પણ પોતાના ચાર પુત્રો સેખોજી, શંભાજી, માનાજી ને તુલાજીને પોતાની મર્દદિલીનો વારસો એ આપતો ગયો હતો.

આલબેનિયા

આપણા મુંબાઈ ઇલાકાના સાતમા ભાગ જેવડો ને એના કરતાં માત્ર અઢારમા ભાગની વસતિ ધરાવતો, યુરોપના બાલ્કન દ્વીપકલ્પમાં આવેલો નાનો સરખો દેશ આલ્બેનિયા ઇટાલીએ જીતી લેવાથી તેનું રાજકીય વ્યક્તિત્વ નષ્ટ થવા પામ્યું છે, પણ ખરૂં જોતાં સ્પેનના બાસ્ક લોકો સિવાય આલબેનિયન જાતિ યુરોપમાં જૂનામાં જૂની છે. એ ઇંડો-યુરોપિયન ગોત્રની ને સહુ પહેલા આર્ય અધિવાસીઓની અનુવંશજ મનાય છે. એનું સ્વતંત્ર અસ્તિત્વ ગ્રીસ ને રોમથી યે પુરાણું છે, ને લૅટિન, સ્લાવ તથા ગ્રીક શબ્દોની અસર છતાં એની મૂળ ભાષા પણ કાયમ રહી છે.

કાંઠાના પ્રદેશ સિવાય આખું આલબેનિયા પહાડી ભૂમિ છે ને તેના નિવાસીઓ પણ ખૂબ ખડતલ છે. પરંતુ એમનામાં રાષ્ટ્રભાવનો અભાવ હમેશાં રહ્યા કર્યો હોઇ એમને વારાફરતી રોમન, તુર્ક વગેરે પ્રજાઓનું આધિપત્ય સૅાસવું પડેલું. મોટે ભાગે તો એ ખેડૂત ને ભરવાડ લોકો છે. કાંઠાના મુલકમાં બળદ ને પાડાનો ભારવાહી પશુઓ તરીકે ઉપયોગ કરવામાં આવે છે, અંદરના ડુંગરાળ પ્રદેશોમાં ઘોડા, ગધેડા ને ખચ્ચરોનો. કાંઠાના ભાગમાં તમાકુ તથા ભાત ઉગાડવામાં આવે છે અને ફળોમાં ઓલિવ, નારંગી, લીંબુ વગેરે થાય છે. જમીનનો માત્ર દસમો ભાગ જ ખેડી શકાય તેવો છે ને તેમાંથી યે બહુ થોડો વિસ્તાર ખેડવામાં આવે છે. થોડું ઘણું પેટ્રોલિયમ ત્યાંની જમીનમાં મળી આવે છે પણ તેના ભૂસ્તરની હજી પદ્ધતિસર મોજણી નથી થએલી.

અગિયાર હજાર ચોરસ માઈલનું ક્ષેત્રફળ ને દશ લાખની વસતિ ધરાવતા આ દેશનું હવામાન ભૂમધ્યવર્તી દેશોની જેમ સમશીતોષ્ણ છે. એના મોટામાં મોટા શહેરની વસતિ ૨૫,૦૦૦થી સહેજ વધારે છે, ને રાજધાનીના શહેર સોફિયાની તો એથી યે ઓછી. બે સારાં બંદરો અને એક નૌસુલભ (navigable) નદી પણ તે ધરાવે છે. વેરવિખેર પહાડી વસવાટને લઇને આપણા સરહદ પ્રાંત જેમ કૌટુંબિક ઝગડા આલબેનિયનોમાં પુષ્કળ ચાલે છે, ને કેટલાક તો વંશપરંપરા ઊતરે છે. પ્રજાનો મુખ્ય ધર્મ ઇસ્લામ છે.

રોમનોએ પહેલવહેલો એ દેશ ઇ. પૃ. ૨૨૯માં જીત્યો. ઘણો વખત તે રોમન મહારાજ્યના એક ભાગ તરીકે રહ્યું ને પછી રોમના પૂર્વ સામ્રાજ્યના એક અંગ તરીકે. પંદરમી સદીમાં ઈ. ૧૪૬૭માં તુર્કોએ તેને પાદાક્રાન્ત કરી ૧૯૧૨ના નવેમ્બર સુધી પોતાનો કબજો ટકાવ્યો. એ સાલમાં યુરોપની બીજી સત્તાઓની દોરવણીથી આલબેનિયનોએ સફળ બળવો આદર્યો અને વિલિયમ ઑવ વાઈડ નામના પ્રૂશિયન રાજકુમારને પોતાના રાજપદે સ્થાપ્યો. મહાયુદ્ધ જાગતાં આ વિલિયમ નાસી ગયો. મિત્ર અને શત્રુપક્ષના હાથમાં તેની વારાફેરી થવા લાગી. કોઈ મધ્યસ્થ સરકાર રહી નહોતી.

ઇ. ૧૯૧૭માં ઇટાલીએ પોતાના સંરક્ષણ તળે આલબેનિયાની સ્વતંત્રતા જાહેર કરી અને સુલેહ થતાં જ તેનો કબજો લીધો. પણ ઇ. ૧૯૨૭માં અહમદ ઝોગુ નામના એક તરુણ સરદારે નાનું સરખું લશ્કર જમાવી ઈટાલીને આલબેનિયા ખાલી કરાવી તેની સ્વતંત્રતા માન્ય કરાવી. નૅશનલ ઍસેમ્બ્લી રચાઇ ને પ્રજાસત્તાક રાજ્ય જાહેર થયું. ઈ. ૧૯૨૦માં તે પ્રજાસંઘનું સભ્ય થયું ને ૧૯૨૧ના માર્ચ મહિનામાં તેની પહેલી પાર્લામેન્ટ મળી. પરંતુ ૧૯૨૫ સુધી તેની સરહદ નક્કી નહોતી થઇ.

ઇ. ૧૯૨૫માં અહમદ ઝોગુ પ્રમુખ તરીકે ચુંટાયો. ૧૯૨૮માં એણે સર્વ સત્તા સ્વહસ્તક લઈ લીધી ને રાજા ઝોગ તરીકે પોતાને આલબેનિયાનો શાસક જાહેર કર્યો. એણે ૧૯૨૬ ને ૨૭માં ઈટાલી પાસેથી નાણાં લઈ પુષ્કળ કરજ કરેલું. વળી એને દુશ્મનો પણ એટલા બધા થએલા કે તેને હમેશ ખૂનની ધાકમાં રહેવું પડતું. ઇટાલીએ આલબેનિયા કબજે કર્યા પછી તે એ દેશ છોડી ગયો છે.

'સાત'ની મહત્તા

આપણા હિંદુ ધર્મમાં સાતનો આંકડો હમેશાં પવિત્ર મનાયો છે. આપણી બધી વિધિ-પૂજામાં એનું મહત્વ તરત જણાઇ આવે છે. 'સપ્તપદી' વિના તો માનવજીવનનો

સર્વોચ્ચ પ્રસંગ જે લગ્ન, તે પણ અગ્નિની સાક્ષીએ સાત ફેરાથી જ થાય છે. અને 'સપ્તાહ'નો મહિમા તો આપણાથી ક્યાં અજાણ્યો છે?

આપણા પ્રાચીન સાહિત્યમાં આકાશથી માંડી પાતાળ સુધી તમે સાતની જ મહત્તા જોશો. ધ્રુવ આસપાસના તારકસમૂહને આપણા પૂર્વજોએ સપ્તર્ષિ નામ આપેલું છે. આ વિશ્વના યે એમણે સાત ભાગ પાડેલા છે, જે સપ્તસર્ગ કહેવાય છે. એમણે પૃથ્વીને પણ સાત મહાદ્વીપોમાં વહેંચી નાખેલી જેનાં નામ અનુક્રમે જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રોંચ, શાક, પુષ્કર એ એમણે આપેલાં. એવી જ રીતે સાત મહાસાગરો તે—ક્ષાર, ઇક્ષુરસોદ, સુરા, ઘૃતોદ, ક્ષીરોદ, દધિમંડોદ અને શુદ્ધોદ. જંબુદ્વીપના પાછા મોટામાં મોટી પુરીઓ સાત એમણે ગણાવેલી: અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા અને દ્વારિકા. અને એ સમયે જ્યારે આપણો સમાજ માતૃપ્રધાન (Matriarchical) હતો, ત્યારે સપ્તમાતૃકાનો પણ મહિમા ઊભો થયો હતો. અને તે, બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારિ, વૈષ્ણવી, વારાહી, ઈંદ્રાણી ને ચામુંડા.

ઇન્દ્રને સમુદ્રમંથનમાં મળેલા હાથી ઐરાવતને પુરાણોમાં સાતસૂંઢાળો વર્ણવ્યો છે. વળી સૂરજના રથને સાત ઘોડા કલ્પી એને સપ્તાશ્વ કહ્યો છે, અગ્નિને સાત જીભો કલ્પી એને સપ્તજિહ્વ કહ્યો છે. સ્થલ-વ્યક્તિવિશેષ નામોમાં પણ તે કાળે સાતનું પ્રાધાન્ય આપણે જોઇએ છે.

આપણી જેમ પ્રાચીન ગ્રીકોને મન પણ સાતનું મહત્ત્વ ઘણું હતું. એના સાત ચિંતકોને એણે સૌથી મેધાવી સ્થાપેલા છે: સોલન, થેલ્સ, પિટ્ટાકસ, બિયાસ, ચિલન, કલીઓબુલસ ને પેરીઆન્ડર. ખ્રિસ્તી અને યહૂદી ધર્મમાં પણ સાતની મહત્તા ઓછી નથી ગવાઇ. સપ્તાહના સાતમા દિવસ રવિવારને એમણે પવિત્ર માન્યો છે, કારણ એ દિવસે પ્રભુએ સૃષ્ટિસર્જન પૂરું કરી આરામ લીધો હોવાની તેમની માન્યતા છે. ખ્રિસ્તી ધર્મના ધર્મધુરંધરો પણ સાત ગણાય છે: ઇંગ્લંડનો સંત જ્યૉર્જ, સ્કૉટલંડનો સંત ઍન્ડ્રુ, આયર્લૅંડનો પૅટ્રિક, વેલ્સનો ડેવિડ, ફ્રાન્સનો ડેનિસ, ઈટલીનો ઍન્થની ને સ્પેનનો જેમ્સ.

વળી પ્રાચીન જગતનાં મહદાશ્ચર્યો પણ સાત મનાએલા છે: પીરામિડ, મૉસોલિયમ, ડાયેનાનું મંદિર. કૉલૉસસ, બાબીલોનના ઝુલતા બગીચા, ઝીયૂસનું પૂતળું ને ફારોસનું ટાવર. આમ સાતની સંખ્યાએ માનવમગજ પર કંઈ અગમ્ય કાબૂ ધરાવેલો લાગે છે.

આપણાં પુરાણો જેમ બાઇબલ પણ સાતના મહિમાથી ભરેલું છે, ને એમજ કુરાનનું છે. મુસલમાનો સાત આસમાન માને છે જેમાં પહેલું ચાંદીનું, બીજું સોનાનું, ત્રીજું મોતીનું એમ બધાનાં કલેવરો માનેલાં છે. જપાનીઓએ પણ વળી સદ્‌ભાગ્યના દેવોની સંખ્યા સાત માની એ સંખ્યાને માન આપ્યું છે.

ગમે તે વસ્તુ પર ફોટોગ્રાફ છાપો!

આ વાંચીને તમને નવાઈ લાગશે, પરંતુ વૈજ્ઞાનિક સિદ્ધિની આ કોઇ ભાવિ આગાહી નહિ પણ નર્યું સત્ય છે. આછા રંગની કોઈ પણ વસ્તુ, પછી તે કપડાની, લાકડાની કે ધાતુની ચાહે તેની હોય પણ તે પર તમારા ફોટોગ્રાફોની છાપ આણવી હવે સરળ વાત થઇ પડી છે. અને એની પદ્ધતિ પણ બહુ સહેલી છે. તમારે જે વસ્તુ પર ફોટોગ્રાફ ઉઠાડવો હોય તે પર નીચેનું દ્રાવણ લગાડો. એ તરત સૂકાઈ જશે, એટલે પછી તમારે તેના પર નેગેટિવ મૂકી એ વસ્તુ તથા નેગેટિવને રબરના પટ્ટાથી ચપટ કરી દેવી. ત્યારબાદ થોડો વખત પ્રકાશમાં એ એક્સ્પોઝ કરી કોઇ પણ સામાન્ય ફોટોગ્રાફ જેમ તેનું ડેવેલપિંગ અને ફિક્સિંગ કરી નાખો.

ચિત્ર માટે પસંદ કરેલી વસ્તુ પર લગાડવાનું આ દ્રાવણ બ્લુ પ્રિન્ટ પેપર માટે વપરાતા દ્રાવણની જ સુધારેલી આવૃત્તિ હોઈ એના અંગે છપાનારૂં ચિત્ર સહેજ આસમાની બનશે. એ રંગ નાપસંદ પડે તો તેને સેપિયા કે કાળા રંગમાં પણ ફેરવી શકાય. એ માટેનાં દ્રાવણનાં ફૉર્મ્યુલા આ રહ્યાં:

(૧)	ફેરિક ઍમોનિયમ સાઇટ્રેટ	૧ ઔંસ
	ડિસ્ટિલ્ડ વૉટર	૪ ઔંસ
(૨)	પોટૅશિયમ ફેરિક સાઇનાઈડ (લાલ)	¾ ઔંસ
	ડિસ્ટિલ્ડ વૉટર	૪ ઔંસ

છાપ લેવાની બધી તૈયારી થઇ ગયા પછી જ આ બંને દ્રાવણને સરખા પ્રમાણમાં મેળવી એકાદ સળી પર રૂનું પૂમડું ચોટાડી તે વડે પસંદ કરેલી વસ્તુ પર તે લગાડો. ધાતુનું બ્રશ એ માટે કદી ન વાપરશો, તથા આમ સ્પર્શગ્રાહ્ય બનાવેલી (sensitized) સપાટીનો વિસ્તાર નેગેટિવથી વધારે ન રહે એની પણ કાળજી રાખશો.

આ બધી ક્રિયા ઝાંખા કૃત્રિમ પ્રકાશમાં થવી જોઇએ. પીળા અથવા લાલ પ્રકાશની જરૂર નથી. દ્રાવણ લગાડેલી સપાટી કૃત્રિમ ગરમીથી તરત સૂકવી નાખો અને પછી ઉપર કહ્યા પ્રમાણે નેગેટિવ તેના પર ચપટ બેસાડી દઇ ફોટોફ્લડ લૅંપ, આર્ક લાઈટ અથવા સૂર્યના પ્રકાશ વડે તેને એક્સ્પોઝર આપો. છેલ્લો પ્રકાશ સૌથી વધુ ઝડપી છે. સ્પર્શગ્રાહ્ય સપાટી બિલકુલ ઓલિવ ગ્રીન રંગ જેવી ઘેરી બની જાય ત્યાં સુધી એક્સ્પોઝર ચાલુ રાખો.

ત્યાર બાદ એકાદ મિનીટ ચોકખા પાણીમાં એ વસ્તુને ધોઈ નાખી–એટલે એનું ડેવેલપિંગ અને પ્રિન્ટિંગ પૂરૂં થયું. ધોયા પછી આખું ચિત્ર સુંદર રીતે ભભકી ઊઠશે. કપડા પર છાપ લીધી હોય તો ત્યાર બાદ તેના પર ઇસ્ત્રી ફેરવી નાખો. કાચ, ધાતુ અથવા પ્લાસ્ટિક જેવી લીસી સપાટીવાળી વસ્તુઓ પર છાપ લેવી હોય તો તેના પર જિલેટીનનું પાતળું પડ લગાડી દેવું.

હવે એની આસમાની છાપને તમારે સેપિયા રંગમાં ફેરવી નાખવી હોય તો તેના પર ૧ ઔંસ ટૅનિક ઍસિડમાં ઉમેરેલા ૮ ઔંસ પાણીનું દ્રાવણ પૂમડાથી લગાવી દો. ચિત્રને વધુ સુરક્ષિત રાખવા તે પર પારદર્શક વાર્નિશનું પડ પણ લગાડી શકાય.

અફીણ

જેનાં ડોડવાંમાંથી ખસખસ નીકળે છે એ જ છોડ-(Papaver somniferum)માંથી અફીણ ઉપજાવવામાં આવે છે. ગ્રીક લોકોને અફીણ બહુ જાણીતું હતું ને તેનું અંગ્રેજી નામ ઓપિયમ ગ્રીક 'ઓપિયોન' ઉપરથી જ આવેલું છે, જેનો અર્થ થાય 'ઊંઘ લાવનાર'. જો કે ગ્રીકોએ એનો ઉપયોગ વિસ્તાર્યાં પહેલાં પ્રાગિસુ (ઇસુની પૂર્વેના) કાળમાં પણ એ જાણીતું હતું જ, ને સુમેરિયન લેખોમાં તેનો 'આહ્‌લાદજનક છોડ' તરીકે ઉલ્લેખ મળી આવે છે. દવા તરીકે ગ્રીકોમાં અફીણનો વપરાશ ખૂબ હતો જે પહેલવહેલો હિપ્પોક્રેટીસે (ઇ. પૂ. ૪૬૦–૩૫૭) અટકાવ્યો.

ત્યારબાદ દસમી અને અગિયારમી સદીમાં મુસ્લિમ આક્રમણકારોએ પોતે હરાવેલા તમામ દેશોમાં તે વિસ્તાર્યું. પછી યુરોપની પ્રજા પ્રબળ થતાં મસાલાના વેપાર સાથે અફીણ વગેરે જેવી કેફી ચીજોમાં યે એણે હાથ નાખ્યો. યુરોપમાં એ 'વિસ્મૃતિના ઓસડ' તરીકે ઓળખાતું. પહેલો એનો વેપાર વેનેશિયનોના હાથમાં રહ્યો હતો, પણ પછી પોર્ટુગીઝ અને ડચ હાથમાં થઇને અંગ્રેજોના હાથમાં આવ્યો. પૂર્વના દેશોમાં અફીણનું વ્યસન વ્યાપક બનાવવા માટે આ પાશ્ચાત્ય દેશો જ ગુનેગાર છે. ઈસ્ટ ઇંડીઆ કંપનીએ હિંદમાં અફીણના વાવેતરને પુષ્કળ ઉત્તેજન આપ્યું હતું. અને એ અફીણથી જ એમણે ચીનની બરબાદી કરી. જો કે એકલા અંગ્રેજો જ ચીનને અફીણ ન વેચતા, પણ સૌથી મોટી નિકાસ તો એ જ કરતા.

ઓગણીસમી સદીમાં વિજ્ઞાનના થવા માંડેલા વિકાસે અફીણમાંથી અનેક ક્ષારસ્રાવો (alkaloids) શોધી કાઢ્યા. જેમાં મુખ્યત્વે સ્ટ્રીકનાઇન, કોકેન, ઍટ્રોપાઈન, ક્વીનાઈન અને મોર્ફિઇનને ગણાવી શકાય. મોર્ફિઈન અફીણ કરતાં પણ પાંચ છગણું જલદ હોય છે. આમાંના ઘણા સ્રાવો વૈદક ગુણમાં ઉપયોગી છે, પણ એમનો વ્યસનો માટે પણ ઉપયોગ થવા લાગે છે. ચીનની પ્રજાને એ વ્યસનોમાં ડુબાડનાર આપણી હિંદી સરકાર. ચીન સામેનાં એ માટેનાં અફીણયુદ્ધો ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. એ યુદ્ધોએ સહાનુભૂતિભર્યાં બ્રિટિશ માનસને પણ હચમચાવી મૂક્યું હતું. ને એ યુદ્ધો વખતે કેંતાન પર ફરકતા વિજયવાવટા પર પાર્લામેન્ટમાં કોઇ સભ્યે ગર્વથી જાહેર કરતાં ગ્લૅડસ્ટને તરત જવાબ આપેલો, 'The right honourable gentleman opposite spoke of the British flag waving in glory in Canton. The flag is hoisted to protect an infamous contraband traffic.'

અને એ અફીણયુદ્ધોનું પરિણામ શું આવ્યું? ચીનને અફીણનું વ્યસન પોષવાની ના પાડવાના દંડ તરીકે અંગ્રેજોને ઈ. ૧૮૪૨ના ઑગસ્ટની ૨૯મીની નાનકીંગની સંધિ અનુસાર ૨,૧૦,૦૦,૦૦૦ ડૉલર તથા કેંતાન ઉપરાંત આમોય, ફુચાઉ, નિંગપો અને શાંઘાઇ એમ બધાં મળી પાંચ બંદરો આપી દેવાં પડ્યાં!

શાર્ક માછલી

દુનિયા પરની પ્રાથમિકમાં પ્રાથમિક માછલી શાર્કમાછલી ગણી શકાય અને બધા મત્સ્યવંશોની અને માણસ સુદ્ધાંની એને પૂર્વજ ગણી શકાય. એણે મગજનો વિકાસ સાધેલો, પણ નવાઈની વાત એ છે કે એને એક નહિ પણ અનેક મગજ છે. દર્શન, શ્રવણ, ગંધ, સ્વાદ, સ્પર્શ વગેરેની દરેક જ્ઞાનેન્દ્રિય માટે જુદું મગજ!

દરિયાઈ જીવોમાં સૌથી ભયંકર પ્રાણી પણ એ જ ગણાય છે. પરંતુ મગરને જેમ એક પ્રકારનાં પંખી દોસ્ત તરીકે રહ્યાં છે તેમ એને પણ એક નાની માછલી દોસ્ત તરીકે રહેલી છે. સોનેરી રંગની એ માછલી શાર્કને તેના શિકાર તરફ દોરી જતી હોવાથી તે Pilot Fish કહેવાય છે. શિકારમાં એ પણ પોતાનો ભાગ મેળવે છે, અને શિકાર ન હોય તો શાર્કના શરીર પરનાં જંતુઓ ખાય છે.



કેળાંના ગુણ

સામાન્ય રીતે દરેક પ્રકારનાં કેળાંમાં ફોસ્ફરસ, લોહ, પોટાશ, સોડા, મંડજ વગેરે હોય છે. લાલ કેળાંમાં લોહ અને ખાંડનું પ્રમાણ વધારે હોય છે. એનીમીઆ અને સામાન્ય નબળાઇથી પીડાતા લોકોને તે ઉપયોગી છે. સોનેરી કેળાંમાં સોડાનું પ્રમાણ વધારે હોય છે. કબજિયાતના ફરિયાદીઓને એ ખૂબ મદદરૂપ છે. લીલી છાલનાં કેળાંમાં પોટાશ અને સોડાનું પ્રમાણ વધારે હોય છે.* —[illegible]

* વધુ માહિતી 'કુમાર' અંક [illegible]ની માછલીમાં.

ભારતીય સંવતો . . . [૧૧] ગાંગેય સંવત

કલિંગ નગર (મુખલિંગમ, મદ્રાસ ઈલાકાના ગંજામ જિલ્લામાં પર્લાકિમેડીથી ૨૦ માઈલ પર) ના ગંગાવંશી રાજાઓનાં કેટલાંક દાનપત્રોમાં આ સંવત મળી આવે છે. પણ તેમાં વાર ન આપેલા હોઈ, તેના પ્રારંભનો ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી. એનાં દાનપત્રોમાં પહેલો સંવત ૮૭ નો તથા છેલ્લો ૩૫૧ નો મળે છે.

એમ? કેમ

વેધશાળાઓ ઉપર ઘુમટ શા માટે હોય છે?

તમે વેધશાળાઓનાં ચિત્રો જોયાં હશે, તો એ દરેક પર એક યા વધારે ઘુમટો જોવામાં આવ્યાં હશે. એ ઘુમટોની નીચે જબરાં દુરબીનો મૂકેલાં હોય છે. એ દુરબીનો વડે આકાશનું સંપૂર્ણ ચિત્ર લેવા સાથે તેમના પર હવાની કશી અસર ન થવા દેવાની પણ નેમ હોય છે. એ બંને નેમ પાર પાડવા માટે જ તેના પર બાકોરાવાળું લોખંડી ઘુમટ ચણવામાં આવે છે. એ બાકોરામાંથી આકાશનું સ્પષ્ટ દર્શન થઈ શકે છે. એ આખો ઘુમટ પૈડાં પર ચાહે તે દિશામાં ફેરવી શકાય તેવો હોય છે અને એ રીતે દુરબીન પણ આકાશના ચાહે તે કોણ તરફ ફેરવી શકાય છે. બીજા કોઈ પણ આકારથી આ ગરજ સરી શકે તેમ ન હોઈ, આ આકાર જ સર્વમાન્ય રહ્યો છે.

વિકસતું વિજ્ઞાન

યુનાઈટેડ સ્ટેટ્સના મિલવૉકી મુકામના બ્યૂરો ઑવ ડેરીના કહેવા પ્રમાણે આવતાં વર્ષોમાં દૂધ કદાચ ઉદ્યોગ-વિકાસમાં અનેકગણું કીમતી બની જશે. કેસીન અથવા પ્રોટીન કાઢી લીધેલા દૂધમાંથી બટન વગેરે બનતાં તો આપણે જોઈએ છીએ, પણ મિલવૉકીની સંસ્થાના કહેવા પ્રમાણે દૂધની પથારી પર સૂવાના ને દૂધના ધાબળા ઓઢતા થવાના દિવસો બહુ દૂર નથી. એટલું જ નહિ, પણ દૂધિયા ઊનનાં ગરમ કપડાં પહેરવા માંડીશું, દૂધના બનેલા કપમાં ચા પીશું, દૂધની ફાઉન્ટનપેન વાપરીશું ને છાપાં પણ બધાં દૂધનાં (milk-coated) જ વાંચીશું.

અત્યારે વિલ્સન વેધશાળાનું ૧૦૦ ઇંચનું દુરબીન દુનિયામાં મોટામાં મોટું લેખાય છે. પરંતુ કૅલિફૉર્નિયાની પૅલોમાર વેધશાળામાં અત્યારે એથી યે બમણું ૨૦૦ ઇંચનું દુરબીન તૈયાર થઈ રહ્યું છે. એમાં ખાસ પ્રકારના લેન્સ અને ફિલ્મો તથા ફોટો-ઇલેક્ટ્રિક સેલ યોજવા સાથે એના આયનાને લગાડાએલા ઍલ્યુમીનિયમના રોગાનથી એની નિરીક્ષણશક્તિ અનેકગણી વધી જવા પામશે. એમાં ફોટો ઇલેક્ટ્રિક સેલ એટલી તો ગ્રાહકતા ધરાવે છે કે ૩૦૦૦ માઈલ પર બળતી મીણબત્તીનો પ્રકાશ પણ તે પકડી પાડી શકે.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

વયના ત્રીસમા વર્ષથી આપણા કદમાં, અને સાઠમા વર્ષથી વજનમાં ઘટાડો થતો રહે છે.

~

અંગ્રેજો આવ્યા પછી આપણે આપણો દેશ સાચવી શકવા અશક્ત જણાયા છીએ! જુઓ, ઈંગ્લંડના રક્ષણ માટે તેના કુલ ખર્ચના ૧૨·૬ ટકા વપરાય છે જ્યારે હિંદના ૨૫·૪! એટલું જ નહિ, હિંદી સૈનિક કરતાં હિંદમાં રહેલો બ્રિટીશ સૈનિક ચારથી પાંચગણો પગાર મેળવે છે!!

~

આપણી પૃથ્વી પર ગીચમાં ગીચ વસતિવાળો પ્રદેશ વેસ્ટ ઈંડીઝમાં આવેલો બાર્બાડોસ ટાપુ છે—દર ચોરસ માઇલે ૧૧૦૦! જ્યારે ઓછામાં ઓછી વસતિવાળું આફ્રિકાને નૈઋત્ય ખૂણે આવેલું લિબ્યા—માઇલે માત્ર ૧!

નવાં પુસ્તકો

તત્ત્વાર્થસૂત્ર: લેખક પં. સુખલાલજી, પ્રકાશક-મોહનલાલ દીપચંદ ચોકશી, વહોરાનો જૂનો માળો, ત્રાંબાકાંટા મુંબાઈ ૩, ૧-૮-૦; **રાજપીપળામાં નવી વસાહતનો વિકાસ:** લેખક-પ્રકાશક-મણિભાઇ દ્વિવેદી, નવસારી, ૦-૬-૦; **જંગે ચરમૂક:** લેખક-'સીરતી', પ્રકાશક-અંજુમે ઈકબાલ કાર્યાલય, કંડોર, ૦-૫-૦; **કુંવરબાઈનું મામેરું:** સંપાદક-મગનભાઇ પ્ર. દેસાઈ, ૦-૬-૦, **એક ધર્મયુદ્ધ:** લેખક-મહાદેવ દેસાઈ, ૦-૬-૦, **સત્યના પ્રયોગો** અથવા **આત્મકથા:** લેખક-મોહનદાસ ગાંધી, ૧-૦-૦, **ગાંધી વિચારદોહન:** સંપાદક-કિશોરલાલ મશરૂવાલા, ૦-૮-૦, **વર્ધા શિક્ષણ યોજના:** ૦-૧૦-૦, સૌનું પ્રકાશનસ્થાન-નવજીવન પ્રકાશનમંદિર, અમદાવાદ; **થિયોસોફીની સુખતેસર સમજણ:** પ્રકાશક-થિયોસોફી કું. (ઇંડીઆ) લિ, ૫૧ મહાત્મા ગાંધી રોડ, મુંબાઇ, ૦-૨-૦; **ડૉ. બેસન્ટની વિચારશ્રેણી અને કાર્યપદ્ધતિ:** લેખક-હરજીવન કાલિદાસ મહેતા, પ્રકાશક-વેણીશંકર ગોવર્ધનરામ ભટ્ટ. ભાવનગર, ૦-૧-૦; **પારકાં જણ્યાં:** લેખક-ઉમાશંકર જોષી, પ્રકાશક-ગતિ અને રેખા કાર્યાલય, પીપલ્સ બૅંક બિલ્ડીંગ, અમદાવાદ, ૦-૧૦-૦; **કુરુક્ષેત્ર: આયુધનાં દાન** (છઠ્ઠો કાંડ), **સહોદરનાં બાણ** (નવમો કાંડ), **સમન્તપંચક અને મહાપ્રસ્થાન,** દરેકના ૦-૧૨-૦, **અર્પણ અને પ્રસ્તાવના,** ૧-૪-૦, લેખક-પ્રકાશક-ન્હાનાલાલ દ. કવિ, એલિસબ્રૂજ, અમદાવાદ; **સ્વાધ્યાય:** લેખક-ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, પ્રકાશક-નવચેતન સાહિત્યમંદિર, ભદ્ર અમદાવાદ, ૧-૪-૦; **નિસર્ગોપચાર:** લેખક-ડૉ. સાકરલાલ તુલજાશંકર યાજ્ઞિક બી. એ, પ્રકાશક-ચિત્રશાળા પ્રેસ, સદાશિવ પેઠ પૂના-૨, ૦-૧૨-૦.

ઈશુની પહેલી સદીમાં થઈ ગએલો રોમનો ટ્રાજનનામનો બાદશાહ જેટલો પરાક્રમી એટલો જ ન્યાયાચારી હતો. એક વખત સાબારનસ નામના સરદારને એક તલવાર બક્ષિશ આપતાં તે બોલ્યો, 'મારા હિતના કામમાં આ તલવારનો ઉપયોગ કરજો; પણ હું કદિ અકર્મ કરતો થાઉં તો બેલાશક મારી ગરદન પર પણ તે ચલાવજો.'

અનેકાર્થી શબ્દ: **ઘાત**=ઝટકો, ઘા; નાશ, ખૂન; ગણિતમાં 'ઈન્વોલ્યૂશન' 'પાવર' વગેરેના અર્થમાં વપરાતો પારિભાષિક શબ્દ; અકાળ મૃત્યુની ઘાંટી.

ગણિતગમ્મત

અમુક રકમ (એકથી દસ સિવાયની) ધારો. તેની અરધી કરો. જે આવે તેને ધારેલી રકમમાં ઉમેરો. પછી તેને બે વડે ગુણો. હવે ધારેલી રકમમાંથી નવ (૯) બાદ કરો અને જે આવે તે ઉપરના ગુણાકારમાં ઉમેરો. પછી આવેલી રકમને ચાર વડે ભાગો અને આવે તેમાં બે ઉમેરો. પછી આવેલામાં પા=($\frac{1}{4}$)મેળવશો એટલે તમારી સંખ્યા આવી જશે. —કાન્તિલાલ મ. જોષી



બ્રહ્મદેશે હમણાં કાઢેલી આ એક પાઈની ટિકીટ આખી દુનિયામાં ઓછામાં ઓછી કીમતની ટિકીટ છે.

પૂનામાં શનવારવાડામાં પેશવાના સમયનો એક ખંડિત દરબારગઢ છે ત્યાં ખોદકામ કરતાં આખા હિંદમાં સૌથી મોટો કહી શકાય એવો ફુવારો નીકળ્યો છે. ૨૫ ફૂટના વર્તુલની કમળાકૃતિ વચ્ચે ડોડાના આકારમાં ૧૯૬ સેરો ફૂટે એવી તેમાં રચના છે.

પારીસમાં ખાસ ભિખારીઓ માટેનું પણ એક છાપું નીકળે છે! તેમાં લાકડાના પગ અને કાખલાઘોડીની જાહેરખબરો ખૂબ હોય છે.

ખોટી વાત

આપણે માનીએ છીએ તેમ:

વરસની ઋતુઓ એક સરખી લંબાઈની નથી હોતી.

'સ્લો મોશન' ચિત્રો કૅમેરાની મંદ ગતિએ નહિ પણ ચાલુ કરતાં ઝડપી ગતિએ લેવાય છે.

ઝાઝું હસનાર માણસ રમૂજી સ્વભાવનો નથી હોતો.

વ્હેલ લાંબો વખત પાણીમાં નથી રહી શકતી.

દુનિયામાં સૌથી વધુ પ્લૅટિનમ હવે કૅનેડા ઉત્પન્ન કરે છે. ૧૯૩૪ સુધી રશિયાનો નંબર પહેલો હતો.

કહેવતોના અર્થ: 'આપવા લેવાનાં કાટલાં જુદાં'-માણસ કહેતો એક હોય ને વર્તતો એથી બીજું જ હોય ત્યારે આ કહેવત વપરાય છે. એને મળતી બીજી કહેવતો: 'મુખમેં રામ બગલમેં છુરી', 'ડોકમાં માળા ને પેટમાં લાળા', 'હરિગુણ ગાતી ને હૈયામાં કાતી', 'જાહેર રહેમાનકા બાતીન શયતાનકા', 'હાથીના દાંત-ચાવવાના જુદા, દેખાડવાના જુદા' વગેરે.



મીયાં ટૂંકા ને દાઢી લાંબી!

જાપાનમાં સૌથી લાંબી દાઢી ધરાવનાર આ નાઓજીરો કાતોની ઊંચાઈ ૫ ફૂટ ૧ ઇંચ છે, જ્યારે એની દાઢીની ૫ ફૂટ ૬ ઇંચ



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ: ઉપર, 'અણકસબી કારીગર'— ભાઈ ચીમન મેવાડા (કલોલ), પહેલું ઈનામ; નીચે, 'કલા'—ભાઈ ચીમનલાલ ત્રિવેદી (અમદાવાદ), નોંધપાત્ર; જમણી બાજુ: ઉપર 'સંતાકુકડી'—ભાઈ ચીમન મેવાડા (કલોલ), નોંધપાત્ર; નીચે, 'સૂર્ય ઊગતા પહેલાં'—ભાઈ જયંત મધવાણી(મુંબાઇ), ઉત્તેજના ઈનામ. બીજાં નોંધપાત્ર ઈનામો: (૧) બચુ શેખ (અમદાવાદ); (૨) બાબુભાઇ ભણસાલી (સાન્તાક્રુઝ); (૩) ચીમનલાલ ત્રિવેદી (અમદાવાદ). બીજું ત્રીજું ઈનામ: મોકૂફ.

પહેલું ઈનામ જીતનાર ભાઈ ચીમન મેવાડાના 'અણકસબી કારીગર' ફોટોચિત્રમાં અને એજ ભાઈના બીજા 'સંતાકુકડી'માં મોટા પ્રમાણમાં કલાતત્ત્વો જણાય છે. તેમને એક ચિત્ર માટે પહેલું ઈનામ મળતું હોવાથી બીજા ચિત્રને નોંધપાત્ર ગણ્યું છે. એક જ હરીફ, એકી સાથે બે ઈનામો આપવા યોગ્ય ગણાય નહિ. પરંતુ બીજા-ત્રીજા ઇનામને પાત્ર કોઇ ચિત્ર નહિ હોવાથી આ માસે પણ બે ઈનામ મોકૂફ રાખવાં પડ્યાં છે.

કોઈપણ ચિત્રની કિંમત આંકતાં તેને બે મુખ્ય વિચારદૃષ્ટિએ તાવવું ઘટે: ચિત્રની ટેકનીક અને તેમાં સમાએલ ભાવદૃષ્ટિ—Intellectual, emotional. કુમારના હરીફો ચિત્રવસ્તુ પર કેટલીક વાર સારૂં ધ્યાન દોડાવતા જણાય છે; પરંતુ તેથીય વધુ મહત્ત્વની વસ્તુ 'ટેકનીક' તરફ દુર્લક્ષ્ય આપતા હોય છે.

ભાઇ મેવાડાનાં બન્ને ચિત્રની ટેકનીક ઊતરતી છે. ચિત્રમાં વર્ણભેદ ઉઠાવદાર નથી. કાં તો પ્રિન્ટને પૂરતા સમય માટે ડેવેલપરમાં ન રાખતાં જલદી 'હાઇપો'માં ફિક્સ કર્યાં હોય અગર અન્ડર એક્સપોઝ થયો હોય, કે કદાચ નેગટિવની પારદર્શકતા (density)ના પ્રમાણમાં યોગ્ય પેપરનો ઉપયોગ ન થયો હોય.

હવે ફોટો-ચિત્રના ક્રિયાભાગને બાજુએ રાખી, તેનાં કલાતત્ત્વોનો વિચાર કરીએ. ભાઈ મેવાડાએ 'અણકસબી કારીગર' ફોટો-ચિત્રમાં ચિત્રવિસ્તારનો પૂરેપૂરો ઉપયોગ કરી આખોય વિસ્તાર અનેક વસ્તુથી ભરી દીધો છે. આથી મુખ્ય પાત્રને સ્થળસંકોચ લાગતો હોય તેવો જોનારને આભાસ થાય છે. ઝાડની છાયા નીચે ખુલ્લામાં દુકાન જમાવી બેસનાર મોચીના આજુબાજુના અમર્યાદિત વિસ્તારનો ખ્યાલ ચિત્ર ઉપરથી આવતો નથી. જરા દૂરથી ચિત્ર લેવાની જરૂર હતી. પાણી તરફ થોડી વધારે વસ્તુનો સમાવેશ કર્યો હોય તો સારૂં સંયોજન થાય. આગળની વસ્તુઓમાં અવ્યવસ્થા જણાય છે. ચ્હાના પ્યાલા રકાબી તથા સરંજામની પેટી ભલે મોચીના દરરોજના જીવનનાં તત્ત્વો હોય પરંતુ તેને આટલાં આગળ પડતાં ન આણતાં સૂચન પૂરતાં પાછળ પડતાં રાખવાં ઇષ્ટ છે. (અનુ૦ પાન ૪૬૦મે)



રક્ષાબંધન

ચિત્રલેખા • કુ. સૌદામિની ચીનુભાઈ